માર્ચ, ૨૦૨૪ / સળંગ અંકઃ ૨૯
વર્ષ - ૧૩ / અંક - ૩
ઇ - મેગેઝિન કિંમતઃ -

॥ વિશ્વના સર્વ જીવોનું કલ્યાણ થાઓ ॥

# કચ્છ-અર્પણ



મિઠો ઉનીંજો વસીલો, મિઠી ઉનીંજી વાણી;
પખી વસે ઉત્તે જિતે અંન-પંન ને પાણી..
– તેજપાલ ધારશી 'તેજ'

Photo: Divya Patel, Vadodara

|| શ્રી વિમલનાથાય નમઃ ||

નરેન્દ્રભાઈ મોમાયા
M: 9879913377


કુસુમબેન મોમાયા
M: 9428693309

કચ્છી ગૃહઉદ્યોગનાં ઘઉંના લોટમાંથી હાથ બનાવટનાં શુદ્ધ, સાત્વિક તથા ઉત્તમ ક્વોલીટીનાં ખાખરા

સાદા ખાખરા



જીરા ખાખરા



- સાદા ખાખરા
- શુદ્ધ ઘી ખાખરા
- જીરા ખાખરા
- મેથી ખાખરા
- ખીચડી ખાખરા
- ચટપટા ખાખરા
- ડાયેટ ખાખરા
- ચકરી
- ફરસી પુરી
- જાડી સેવ

મેથી ખાખરા



ચટપટા ખાખરા



F-15, Saraswati Nagar, KDO Nagar, Opp. Kalavati Hosp., Nr. Vimalnath Derasar, Warasiya Ring Road, Vadodara-6

printing solutions




Vee Kraft

- ✓ All Type of Book Publication in ગુજરાતી, हिन्दी, संस्कृत & English
- ✓ Designer Brochures, Mahotsav Patrika.
- ✓ Multicolour L/Heads, Bill Books @ very attaractive rates
- ✓ Website Developers

Navin Patel
VADODARA

M : +91 9377124582.
Email: veekraft@gmail.com

La Belleza CAKE MALL

★★★★★ ratings (Google, Just Dial) in Bhuj, Adipur & Gandhidham.

FATEHGUNJ Mob:- 81414 77000
ELLORAPARK Mob:- 81414 74222

DESIGNER CAKE






PREMIUM CAKE

ROYAL DRY FRUIT
1000 1 Kg | 500 1/2 Kg



WHITE TRUFFLE WITH ALMONDS
1000 1 Kg | 500 1/2 Kg



CHOCOLATE CAKE

CHOCOLATE SHOT CAKE
1100 1 Kg | 550 1/2 Kg



CHOCOLATE WALNUT
1000 1 Kg | 500 1/2 Kg



SIGNATURE CAKE

RASGULLA CAKE
1000 1 Kg | 500 1/2 Kg



FRESH FRUIT WITH ALMONDS
1100 1 Kg | 550 1/2 Kg



Near Fatehgunj Petrol Pump, Fatehgunj, Vadodara 390002
3/4 Krishna Krupa Complex, Opp. Ellora Milk Centre, Ellora Park, Subhanpura, Vadodara 390023



DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Bene
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA

## 'કચ્છ-અર્પણ'માં આપની જાહેરખબર આપો...
## હવે ડીસ્કાઉન્ટ દરે... મલ્ટી કલરમાં... વધુ વાચકો પાસે...

### આપની પ્રગતિની ગાથા દરેક કચ્છીના મોબાઈલે પહોંચાડો...

| | ૧ અંકના ભાવ | ૧ વર્ષના ભાવ |
|---|---|---|
| MULTI COLOR ADVERTISEMENTS | | |
| આખું પાનું | 2000 | 10000 |
| ૧/૨ પાનું | 1000 | 5000 |
| ૧/૪ પાનું | 500 | 2500 |

**50% OFF**

PAY JUST 50% & REACH UNLIMITED READERS
MAKE PAYMENT ONLINE: RTGS / NEFT.
Bank Name: STATE BANK OF INDIA.
A/c. No. : 31624408057, A/c. Type : Savings,
IFSC Code : SBIN0005589
A/c. Name : KUTCH ARPAN
USE BHIM UPI ID : kutcharpan@sbi


## 'કચ્છ-અર્પણ' Digitalisation

**'કચ્છ-અર્પણ'ના પ્રથમ ડીજીટલ અંક** *E-Magazine* **માં આપનું સ્વાગત છે.** અંકને રંગીન બનાવવામાં આવેલ છે તેમાં આપના સુઝાવો ઉમેરાશે એટલે અંકો વધુ સુંદર બનશે. ફરી એકવાર આપના સાથ-સહકાર બદલ આભાર માનતા આગળ વધીએ.

ગત દિવાળીથી અમારું એક નવું પ્રકાશન **'વડોદરાના કચ્છીઓનું 'સમાજ-દર્શન'' (પાક્ષિક)** શરૂ થયેલ છે. આમાં વડોદરાના કચ્છી સમાજોના સમાચારોની સાથે કચ્છ, કચ્છી-ગુજરાતી સાહિત્યની વિપૂલ માહિતી, વાર્તાઓ-લેખો તથા અનેક રસપ્રદ વિભાગો શરૂ કરાયા છે. આ પાક્ષિકનું પ્રકાશન બીજા અને ચોથા શનિવારે *Online* થઇ રહેલ છે.

**'કચ્છ-અર્પણ'**ના અંકો આપની પાસે હવે *WhatsApp* ના ગ્રુપો દ્વારા પહોંચશે. આ ગ્રુપમાં જોઇન્ટ થવાની લિંક બધાને મોકલાવેલ છે.

*'કચ્છ-અર્પણ'ની વેબસાઇટ www.kutcharpan.in પર આપ આ બધા અંકો જોઇ શકશો અને તેમને નિયમિત આપના મોબાઇલમાં WhatsApp પર મેળવવા માટે અમારી વેબસાઇટ પરથી જોઇન્ટ થઇ શકો છો.*

**'કચ્છ-અર્પણ'નો આગામી અંક મે, ૨૦૨૪ના પ્રથમ અઠવાડીયામાં પ્રકાશિત થશે.**

અને ઓનલાઇન થવાથી સિમાડાઓ ઓળંગી દેશ-પરદેશમાં વસતા કચ્છીઓ સુધી પણ પહોંચવાથી આપણે વૈશ્વિક સામાયિક બનશું. આને લીધે કચ્છ અને કચ્છીયતનો પ્રચાર-પ્રસાર દેશ-વિદેશ સુધી થઈ શકશે.

'કચ્છ-અર્પણ' નો ધ્યેય કચ્છ અને કચ્છીઓની વાતો આપ સુધી પહોંચાડવાનો રહ્યો છે. ચાલો એ પથ પર આગળ વધીએ.

*- નવીન પટેલ, તંત્રી*

# કચ્છ-અર્પણ

## સહયોગી દાતાઓ

**શ્રી ખીરેન્દ્રભાઈ લક્ષ્મીચંદ લોડાયા**
(ગામ - બારોઇ)

**શ્રી મહેન્દ્રભાઈ ભવાનજી ગોસર**
(ગામ - મોટા રતાડિયા)

**શ્રી સમીતભાઈ દિનેશ ખોના**
(ગામ - જખૌ)

**શ્રી રતીલાલ પદમશી પનપારીઆ**
(ગામ - નાગ્રેચા)

**શ્રી હેમલભાઈ જયસિંહ ઠક્કર**
(ગામ - ગઢશીશા)

**શ્રી પ્રફૂલભાઈ શામજીભાઈ લોડાયા**
(ગામ - તેરા)

**શ્રી જીતેશભાઈ ઉમરશી ગડા**
(ગામ - વડાલા)



'કચ્છ-અર્પણ'નાં
**સહયોગી દાતા**
**બનવા બદલ**
**આપનો આભાર.**



'KUTCH ARPAN' - BI-MONTHLY PERIODICAL, R.N.I. REGN. NO. GUJGUJ / 2011 / 39762

વર્ષ : ૧૩, અંક : ૩-૪, સળંગ અંક : ૨૯ માર્ચ, ૨૦૨૪

(દ્વિ માસિક)

# કચ્છ-અર્પણ

છુટક કિંમતઃ રૂા.૦૦/- (આ ડીજીટલ વર્ઝન છે.) વાર્ષિક લવાજમઃ રૂા. ૦૦/-

તંત્રી/પ્રકાશક : **નવીન પટેલ** (નાગડા, ગામ- સાંધાણ)
**પત્રવ્યવહારનું સરનામું :** ડી-૧૧૬, વલ્લભ વિહાર, મહાવીર હોલ નજીક, પરિવાર સ્કુલની સામે, આજવા રોડ, વડોદરા -૩૯૦ ૦૧૯.
મો : 9377124582
Website : kutcharpan.in | Email : kutcharpan@gmail.com

## આ અંકની ભિતરમાંઃ




| | | |
|---|---|---|
| બ ગાલ્યું ધિલ જિયું | નવીન પટેલ | ૭ |
| પ્રમાણસરનું અંતર | ડૉ. ગુલાબ દેઢિયા | ૮ |
| શ્રી વિસનજી હરશી ગાલા | વિશ્રામ ગઢવી | ૧૦ |
| ચાલ્યો આવે હલકારો | રવિ પેથાણી 'તિમિર' | ૧૨ |
| કમાલ કચ્છી વાણીજી | વિસન નાગડા | ૨૦ |
| તીર્થભૂમિ ભુજ | વિનુભાઇ ડી. ગજ્જર | ૨૩ |
| કચ્છી ચોવકું :૫ | અરવિંદ રાજગોર | ૨૬ |
| કચ્છી વારતાઃ ચૂડેલ | ઝવેરચંદ બોરીચા | ૨૮ |
| સેર જે ઑટે તેં... ૩ | જિગીષા ત્રિવેદીઃઅનુવાદ | ૩૦ |
| દરિયાલાલઃ ૧૩ | ગુણવંતરાય આચાર્ય | ૩૨ |
| ચાલો ફરીએ ગુજરાતમાં | પ્રવિણ શાહ | ૩૬ |
| ડીજીટલ કોર્નર | હિમાંશુ કિકાણી | ૩૯ |
| કચ્છની શાનઃ ખરકી | સંકલિત | ૪૨ |


### બ મુક્તક

*અભજા સિતારા,*
*મુંજી ગાલ તાં સુણૉ;*
*મુંકે નિંઘર નતી અચે,*
*અંઇ તાં સુમી રૉ !*

*નચંધલ બાલુડ઼ા ન્યારે,*
*નચે જો મૂંકે મન ન થેઓ,*
*મૂંકે તડેં ખબર થઇ,*
*વડપણ હાણેં અચી વેઓ !*

- દુલેરાય કારાણી

### વિચાર - દર્પણ

ઊઠો, જાગો અને ઈચ્છિત ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અટક્યા વગર આગળ વધો. ડરો નહિ કારણ કે માનવજાતિના સમગ્ર ઈતિહાસમાં મહાનમાં મહાન પ્રતિભાઓ આમ વર્ગમાં ઘડતર ઘડીને જ ઊચ્ચ સ્થાને પહોંચવામાં સફળ બની છે.

**- સ્વામી વિવેકાનંદ**

## રિનોવેશન...

'ચાલો શેઠ..'

'ક્યાં ?'

'ચાલો તો ખરાં..'

'ચાલ, તું કહે છે તો...'

મિસ્ત્રીખુશ હતો. મારા ઘરનું ફર્નીચર એણે બનાવ્યું હતું. હું જે ખુરશી પર બેઠો હતો તે સુંદર, મુલાયમ અને નાજુક હતી. નિવૃત્તિ નજીક હતી એટલે ગામનું મકાન રિનોવેશન કર્યું હતું જેથી રજાઓમાં અહીં આવીને રહી શકાય. ગામની સિકલ બદલાઇ ગઇ હતી. સંભારણા વાગોળતાં અમે આવી પહોંચ્યા નદી કિનારે.

'શેઠ, લાકડા અહીંના છે.'

'અહીંનાં ?' અચાનક શબ્દો બળતરા સાથે ધસી આવ્યાં.

મિસ્ત્રી મારો ઉદાસ ચહેરો જોઇ રહ્યો અને હું મિસ્ત્રીને.

અમારા વચ્ચે જે ખાલીપો હતો, ત્યાં ચણાઇ ગયો ભૂતકાળ.

જ્યાં શૈશવ મારું નાચ્યું હતું વસંત થઇને. આ વૃક્ષે વૃક્ષે ઝૂલ્યો હતો હું પારેવાની પાંખો લઈને અને પોઢ્યો'તો કેટકેટલાંય શમણાં ઓઢીને...!

અને આજ આ જ વૃક્ષો મારા ઘરે... આ દશાએ !

કડવી પીડા પીને મેં કહ્યું, 'ચાલો ઘરે પાછા...!'

**લેખક : પ્રફુલ્લ આર. શાહ ઈન્ટરનેટ પરથી સાભાર**

**લેખકો માટે :** 'કચ્છ-અર્પણ'માં છાપવા યોગ્ય લેખો આવકાર્ય છે. કચ્છને લગતા વિષયો પરના આપના મૌલિક લેખો/વાર્તાઓ વધુ ઈચ્છનીય છે.

અત્રે પ્રસિધ્ધાર્થે મોકલાવેલ લેખો જો અન્યત્ર પ્રસિધ્ધ થયા હોય અગર થવાના હોય તો તેની નોંધ મોકલવી જરૂરી છે. લેખકોને વાર્ષિક પુરસ્કારો આપવા કે નહીં તે અંગેનો તથા કયું સાહિત્ય છાપવું તે અંગેનો નિર્ણય તંત્રી/પ્રકાશકને આધિન રહેશે અને તે બધાને માન્ય રહેશે.

સંશોધન કે સંકલિત કે અનુવાદો માટે શક્ય તેટલા સંદર્ભ અવશ્ય ટાંકવા.

'કચ્છ-અર્પણ'માં પ્રકાશિત થતા લેખોમાં લેખકોના સ્વતંત્ર મંતવ્યો છે તેની સાથે પ્રકાશક સહમત હોય તે જરૂરી નથી. લેખોમાં કે જાહેરાતોમાં આવતા દાવાઓ કે વિધાનો અંગે અમારી કોઇ જવાબદારી નથી.

અસ્વીકૃત લખાણો પરત મેળવવા જરૂરી પોસ્ટેજ લેખ સાથે જ મોકલવું. તેવા લેખો માટે ૯૦ દિન બાદ અમારી કોઇ જવાબદારી નથી.

*Title Photo by DivClick, Divy Patel, Vadodara*

# ‘વ્રજ’ની વિદાય વેળાએ...

જન્મઃ
૨૨.૮.૧૯૩૯





સ્વર્ગવાસઃ
૧૩.૧૧.૨૦૨૩

## વ્રજલાલ જખુભાઈ ખત્રી, ‘વ્રજ ગજકંધ’

**“જાદુ એવું તું શોધી રાખ,**
**મોં બંધ રહે ને બોલે આંખ.”**

આ અને આવી બેનમૂન કાવ્યપંક્તિઓના સર્જક અને કચ્છ તેમજ બૃહદ્ કચ્છ એટલે કે સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં કચ્છીઓ વસે છે એમના હૃદય ઉપર પોતાનું અનન્ય સ્થાન સ્થાપી જનાર કવિ શ્રી ‘વ્રજ ગજકંધ’ જ્યારે લગભગ સાડા છ દાયકાની અવિરત સાહિત્ય યાત્રા સમિતિ કાયમને માટે આંખો બંધ કરે છે ત્યારે કચ્છ અને કચ્છીયતના વિશ્વમાં એક અજંપાભર્યો સુનકાર વ્યાપી જાય છે. કવિ ‘વ્રજ’ એક બહુ આયામી વ્યક્તિત્વનું નામ હતું. કોઈએ તેમને ‘મહેબૂબ શાયર’ કહ્યા, કોઈએ ‘કવિઓના કવિ’, ‘સમાજ કવિ’, ‘જ્ઞાની સર્જક’, ‘ઊર્મિઓનું અખેપાતર’, ‘રજૂઆતના રાજા’, તો કોઈએ ‘કલમ સાધકોના ગુરૂજી’ કે ‘સાહિત્યકુલગુરૂ’ કહીને તેમને સમયે સમયે નવાજ્યા છે. ‘શાયરે આઝમી’ કે ‘ગઝલના બાદશાહ’ એવા ‘વ્રજ’ કેલિગ્રાફીમાં ‘વઝીર લાખાપુરી’ હતા, ચિત્રકળા અને કાર્ટૂનમાં ‘બી. વ્રજ’ હતા, વાર્તાઓના સંપાદનમાં ‘યાક્ષેય’ તો ‘મશાલચી ઈન્કલાબ’ ના સંપાદક પણ હતા. તેઓ શ્રેષ્ઠ શિક્ષક હોવા ઉપરાંત એવા જ સારા કાષ્ઠ શિલ્પી, પાકશાસ્ત્રી અને પ્રાથમિક શિક્ષણમાં ‘તરંગ ઉલ્લાસ’ તરાહના પુરોધા પણ હતા. કચ્છી લિપિના સંશોધક–નિર્માતા તરીકેનું એમનું પ્રદાન કાળજયી થવાનું વરદાન ધરાવે છે. આમ કવિ શ્રી વ્રજકંધ સાહિત્ય અને ‘બહુવિધ કલાઓનો કાફલો’ હતા એમ કહેવું અસ્થાને નથી.

સદાય શ્રેષ્ઠ શિક્ષક એવા માણસાઈના ગુણોથી મહિમા પંડિત કવિશ્રીનું પ્રદાન કાવ્યો, નવલિકા, વાર્તાલાપ વિગેરે મારફત છ એક જેટલા બહુવિધ પુસ્તકોમાં પ્રતિબિંબિત થતું રહ્યું છે.

કચ્છી સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ના મુખપત્રક ‘સિંગાર’નું સંપાદન હોય, ‘દિવ્ય ભાસ્કર’ વર્તમાનપત્રની રવિવારીય આવૃતિમાં ‘માર ટુબી મરજીવા’ કટાર લેખન હોય કે પછી કચ્છ અને કચ્છીયતના વિભિન્ન વિષયો પર સંશોધનાત્મક લેખો હોય એમની કલમ વિદ્વદ્– ભોગ્ય હોવાની સાથે જનભોગ્ય પણ રહી છે.

અનેકાનેક સંસ્થાઓમાં સક્રિય સદસ્ય હોવા ઉપરાંત તેઓ બારેક જેટલા રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના વિશેષ એવોર્ડ અને સન્માનથી મહિમા મંડિત રહ્યા છે.

મારી સાથેના સેંકડો મુશાયરોના હમસફર તથા આકાશવાણીના કાર્યક્રમોની પરામર્શક સમિતિના સદસ્ય એવા કવિવર એવું મુઠ્ઠી ઉંચેરું વ્યક્તિત્વ હતા કે કોઈપણ સન્માન કે એવોર્ડ એમની સમગ્ર પ્રતિભાને આવરી ન જ શકે. સ્વ. દુલેરાય કારણી સ્મૃતિ ગૌરવ પુરસ્કાર જેવા તો કંઈ કેટલાય પુરસ્કાર જેમને પામીને ધન્ય થવાનો અવસર ચૂકી ગયાનો વસવસો હવે અનંતકાળ સુધી કરશે.

એમના વિશે વાત કરવી એટલે સિંધુને બિંદુમાં સમેટવા જેવું છે. એમના જ એક મુક્તકથી એમની સ્મૃતિ વંદના કરી મારી વાણીને વિરામ આપીશ...

‘ગજકંધ સઘળું શબ્દમાં જો વ્યક્ત ના કરે,
એ મૌનમાં કહી જાય મોઘમ એમ પણ બને;
ઈવ થી ફરી ખેંચાય આદમ એમ પણ બને,
ફરીને નવી સર્જાય આલમ એમ પણ બને !’

- જયંતિ જોષી ‘શબાબ’ ભુજ

તા. ૨૪. ૧૧. ૨૩

# બ ગાલ્યું ધિલ જિયું ...

બધા કચ્છીઓમાં એક વિશાળ શાંત સરોવર સમું કચ્છી ભાષા પ્રત્યેનો લગાવ છે. એમાં જ્યારે કોઈ પથરો નાખે ત્યારે તેમાં થોડીવાર માટે તરંગો ઊઠે છે, જેમાંની મોટાભાગની તો ઘણીવાર કિનારા સુધી પહોંચ્યા પહેલા જ શમી જાય છે. હાલમાં આવા પથરા ફેંકવાનું કાર્ય ઘણું વધી ગયું છે પરંતુ એ શાંત જળમાં ઉતરવાનું કોઈનું ગજું દેખાતું નથી કે કોઈને એની પડી નથી એમ પણ કહી શકાય.

આ કાર્યની શરૂઆત કરવાનું શ્રેય બેએક વર્ષ પર કોંગ્રેસના કચ્છના માજી ધારાસભ્ય તથા તે સમયે રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે કરી. દિલ્હીમાં રાજ્યસભામાં પ્રશ્નોતરી કાળ દરમ્યાન તેમણે માંગ મૂકી કે 'કચ્છના લોકોની લાગણીને ધ્યાનમાં રાખીને સંવિધાનની આઠમી સૂચિમાં કચ્છી ભાષાને સમાવવામાં આવે અને આ માગણી કચ્છના લોકોએ વારંવાર મૂકી છે !' શાંતજળમાં આ પથરો ફેંકાયો અને નાળીયેર વધેરાયું માધવ જોશીના નામે. તેમણે સાંસદ સાહેબને શું કહ્યું હતું તે તો એજ જાણે પણ તેમણે એ બાબતને પોતાને શ્રેયકર કરી. તેમાં સ્પીકર વૈકૈંયા નાયડુને પણ મજા પડી અને તે કહે કે, 'ભાઇ ! કચ્છી ભાષા કેવી હોય તે તો સંભળાવો !' તો બાપુ ઉવાચ્યાઃ 'કીં અયો ?' એટલે 'કેમ છો?' કહેવાય !

સોશીયલ મિડીયા-છાપાંઓ-વોટસઍપ ગ્રુપો બધા એક્ટીવ થઇ ગયા. કચ્છી શું છે ? કેટલી જુની છે ? કેટલા લોકો બોલે છે ? થી માંડીને ચર્ચા શરૂ થઇ. તેમાં બી.બી.સી.ની ગુજરાતી વિભાગે પણ રસ દાખવ્યો ને મસમોટો આર્ટીકલ અનેક લેખકોને ટાંકીને લખી નાખ્યો.

પછી ખબર પડી કે *'આમ માન્યતા નો મળે !'* એના માટે અમુક ડેટા રજુ કરવા પડે, લિંગ્વીસ્ટીક ડીપાર્ટમેન્ટ પાસે જવું પડે, ત્યાંથી રાજ્ય સરકાર અને પછી કેન્દ્ર સરકાર પાસે જવાય. ૨૦૧૧ની વસ્તીગણત્રી મુજબ ભારતમાં ૧૯,૫૬૯ ભાષાઓ કે બોલીઓ છે જેમાંથી અત્યારે ૨૨ કેન્દ્ર માન્ય ભાષાઓ છે. ભાષાને માન્યતા પ્રાપ્ત કરવા માટે અનેક આકરા માપદંડો કેન્દ્ર સરકારે રાખ્યા છે, અન્યથા આમાંથી સેંકડો ભાષાને કેન્દ્રે માન્યતા આપવી પડે !

આની સામે એ પણ સંશોધિત સત્ય છે કે કચ્છી ભાષા હજારો વર્ષ જુની છે અને તે બાબતની રજુઆત તથા તેને માન્યતા આપવાનું કાર્ય કચ્છના એક ભાષાશાસ્ત્રી દ્વારા શરૂ કરાયેલ છે છતાં આ બાબતે કેટલો સમય લાગશે તે નક્કી નથી. એનું શ્રેય પણ અન્ય લઇ રહ્યા છે તેનું દુઃખ છે.

બીજી તરફ કચ્છીના સંવર્ધન માટે રચાયેલ કચ્છી સાહિત્ય અકાદમી જેની બાગડોર રાજ્યના રમત અને સાંસ્કૃતિક વિભાગના હાથમાં છે તેના વીશે પણ કચ્છી સાહિત્યકારોના મનમાં સંશયો છે. હાલમાં ડીસે. ૨૦૨૩માં ભુજ, કચ્છના સ્મૃતિવનમાં બે દિવસીય 'ગુજરાત સાહિત્ય અકાદમી' દ્વારા 'કચ્છ સાહિત્ય ઉત્સવ ૨૦૨૩' નામક કાર્યક્રમ યોજાયો. તેની ચર્ચા ને પ્રચાર પણ ખૂબ થયા.

એવું લાગ્યું કે ઘણા સમય બાદ કચ્છી સાહિત્યના ચર્ચા સત્રો જોવા મળશે. કચ્છી ભાષાની માન્યતા માટે કોઇ કાર્યક્રમની જાહેરાત થશે. પરંતુ આ કાર્યક્રમ કચ્છી સાહિત્યના નામે જે તે મંત્રાલયના સાંસ્કૃતિક પ્રચાર અને નવા બનેલા સ્મૃતિવનના સંવર્ધન માટેનો હતો. કચ્છી સાહિત્યકારોની હાજરી સ્ટેજ પર હતી પરંતુ માઇક પર બીજું જ વધારે હતું. કચ્છી ભાષાની માન્યતા માટે કાંઇક નક્કર જાહેરાત થશે એવી અપેક્ષા હતી પણ જાણકારોને તેમની વાત રજુ કરવા સમય જ ન અપાયો તથા સાહિત્ય ઉપરાંતના વિષયો પર ઘણો સમય બગાડ્યો ને 'કચ્છી સાહિત્ય અકાદમી' ના નામે એક વધુ કાર્યક્રમ નોંધાઇ ગયો.

કચ્છના 'કચ્છી' સાહિત્યકારો કેટલાક અંશે આ માટે જવાબદાર તો ખરા જ ! 'કચ્છી સાહિત્ય અકાદમી'માં નિર્ણય લેનારા કચ્છી સાહિત્યકાર તો ઠીક, કચ્છના પણ નથી. પછી તેઓ કચ્છી સાહિત્ય અને ભાષા અંગે નિર્ણયો કઇ રીતે લઇ શકે ? આપણી પાસે આજે ૧૪ જેટલા 'કચ્છી ભાષા ગૌરવ પુરસ્કર' વિજેતા છે, જેઓ વર્ષોથી કચ્છી ભાષાની સેવા કરતા આવ્યા છે. તેમાંથી એક કમિટી બનાવી શકાય જે કચ્છી સાહિત્ય અંગે નિર્ણયો લે. હા, વહીવટી કામ માટે ભલે બહારના અધિકારીઓ તેમાં હોય. કચ્છી બોલનારા કચ્છમાં હશે તેનાથી અનેકગણા કચ્છની બહાર વસે છે. તેમને સન્માન ન આપો પણ સલાહકાર તો બનાવી શકો. તેમની સલાહ તો લઇ શકો. કચ્છી સાહિત્યકારો સંગઠીત નહીં બને તો બે-ચાર માન્યતા વગરના શબ્દકોશો સિવાય બીજું કંઇ જ પ્રાપ્ત નહીં થાય. બાકી તો 'મુંકે કુરો ?' વાળી જ થશે. અસ્તુ !

ગુલાબ દેઢિયા

ઓસરીમાં તડકો પુસ્તકમાંથી



# પ્રમાણસરનું અંતર

શિયાળાની સવારે ઝાકળ પડ્યું હોય ત્યારે આસપાસનાં દશ્યો ધૂંધળાં દેખાય છે. તડકો નીકળે છે અને ધીરે ધીરે બધું સાફ દેખાવા લાગે છે. ક્યારેક ઝાકળ વગર પણ કંઇક ધૂંધળું દેખાય ત્યારે સૌથી પહેલાં ચશ્માના કાચ સાફ કરી લેવા જોઇએ. આપણી આંખ કે આપણા ચશ્મા સાફ ન હોય ત્યારે ઘણું બધું અસ્પષ્ટ દેખાય છે.

આ સૃષ્ટિના અનેક પદાર્થોને દૂર અને નજીકથી જોવાના હોય છે. દૂરદર્શન અને નિકટ દર્શન સમાંતરે ચાલે છે.

'અગાશી' શબ્દ 'આકાશિકા' પરથી આવ્યો છે એ જ્યારે મિત્ર પાસેથી સાંભળ્યું ત્યારે હું રાજી રાજી થઇ ગયો. આકાશનું વિશદ દર્શન કરાવે તે અગાશી. શહેરની ઉતરાણ અને અગાશીને કેટલું નજીકનું સગપણ છે ! ઊંચા મકાનની અગાશી કે ટેકરી પરથી આસપાસના દશ્યો જોવાની કેવી મજા આવે છે. મકાનોનાં છાપરાંનાં ઓગળી જતા ભેદભાવ, વૃક્ષો અને મકાનો વચ્ચેનો સુમેળ, રસ્તાઓની ભૂલભૂલામણી, જલ-સ્થલનો રમ્ય સંવાદ આ બધું દૂરથી જોવામાં એવી સમાધિ લાગી જાય છે કે જાતને ભૂલી જઇએ છીએ.

અતિ નિકટતા એ વાસ્તવિકતાનો કઠણ ભાગ છે. પ્રમાણસરની દૂરતા સૌન્દર્યનો રમ્ય ભાગ છે. રસ્તાની ધારે ઊંચાઇએ મૂકેલાં ફિલ્મનાં પોસ્ટરો જોવા ઊભો રહી જાઉં છું. દૂરથી હૂબહૂ ચિત્ર લાગે છે. એક વખત પોસ્ટરના વિશાળ કેનવાસ પર રંગના લપેડા કરતા ચિત્રકારને જોયો હતો. નજીકના લપેડા દૂરથી ઉઠાવ આપે છે. ચંદ્ર પર ગયેલા અવકાશયાત્રીને આપણી પૃથ્વી અતિ રળિયામણી લાગી હતી ને !

આપણા ઘરનો ઓરડો અને એની વસ્તુઓમાં શું ખાસ જોવાનું હોય ? પરંતુ ફોટોગ્રાફમાં એ જ બારી, પડદા, રાચરચીલું, ભીંત પરની છબી, બારી પાછળ દૂર આવેલા વૃક્ષની ડાળી બધું જ કેવું ભાતીગળ લાગે છે !

પંખીઓ ગાઇ શકતાં હશે એનું એક કારણ એ પણ હશે કે એમણે જંગલ, ગામ, ખેતર, નદી, ટેકરી બધાંને સમગ્રતામાં ઉપરથી જોયાં છે. વિહંગાવલોકન જેવો માર્મિક શબ્દ આપણે ત્યાં સારી એવી ઊંચાઈ ધરાવે છે.

વિમાનમાં ક્યારેક પ્રવાસ કરનારને ઊંચાઇ પરથી નીચેનાં દશ્યો નીરખવાનો કેવો અવર્ણનીય આનંદ પ્રાપ્ત થાય છે ! ઊંચાઇ એવો મનોહર દશ્યો દેખાડે કે નીરખવા માટે બે નયન ઓછા પડે !

સર્જક છબીકારે કેમેરાના ગોઠવેલા લેન્સની જેમ માફકસરની દૂરી દર્શનમાં અર્થ ઉમેરે છે. ચકાસવા કે તપાસવા માટે નિકટતા જરૂરી ખરી પણ માણવા અને સમજવા થોડું છેટું આવશ્યક છે.

ચંદ્રની ધરતી પર ખાડા ટેકરા છે એમ કહેવું એ વાસ્તવિકતા છે, વૈજ્ઞાનિક સત્ય છે. ચંદ્ર એ પ્રિયતમાના મુખ જેવો શીતળ અને મનમોહક છે એમ કહેવું એ આપણી રસવૃત્તિ છે.

પોતાની જાતને દૂરથી જોવાની છે તેમ સૂક્ષ્મદર્શક યંત્રથી પણ નીરખવાની છે. જાતને બારીકી અને તટસ્થાથી જોતાં સમગ્રતાનો લાભ મળે છે.

આપણે આપણા સંબંધોને કેવા સુયોગ્ય રીતે ગોઠવીએ છીએ. વધુ પડતી દૂરતા ઔપચારિકતા લાવી દે છે તો વધુ પડતી નિકટતા અવજ્ઞા કે કટુતાને નોતરી બેસે છે.

ચિત્રકાર ચિત્રને નજીકથી દોરે છે, રંગ ભરે છે પણ એને જુએ છેથોડી દૂરથી જ. એની આંખ ચિત્રને જે પરિપ્રેક્ષ્યમાં જુએ છે તે રીતે પરિસ્થિતિને, વ્યવહારને, અડચણને, ધ્યેયને, સફળતાને જોઇ શકીએ તો આપણાં ચિત્રો પણ ઓછા રંગીન ન લાગે !

દૂરના દેશના એક ઊંચા ટાવર પરથી આસપાસનો પરિસર જોવાનું બન્યું ત્યારે હું તાજ્જુબ થઇ ગયો. ચોપાસ દૂર દૂર સુધી પથરાયેલા મહાનગરની ગતિવિધિ, રાતની ઝબકતી ઝળહળતી અગણિત બત્તીઓમાં સ્વપ્ન નગરીનો ભાસ કરાવતી હતી. અપરિચિત દશ્યની અકલ્પનીય રચના જોતાં જોતાં દષ્ટિ ક્યાંય દૂર

પહોંચી ગઇ. મને મારા ગામનું પાદરદેખાયું. પછી તો તળાવ, નિશાળ, જાણીતી શેરીઓ, મંદિરનું શિખર, એ જ વડનું ઝાડ અને છેલ્લે નજર પહોંચી મારી શેરી પર અને મારું ઘર તો સૌથી ભવ્ય લાગ્યું.

હજારો ગાઉનું અંતર ! કોઇ અણસાર નહિ, કોઇ પ્રસંગ નહિ છતાં ગામ ક્યાંથી ખીલી નીકળ્યું ! નિકટ અને દૂરની લીલા અજબ ચીજ છે.

માણસને નિકટથી સારી રીતે ઓળખી શકીએ કે દૂરથી ? આ પ્રશ્નનો ઉત્તર કોણ દઇ શકે ? માણસને પૂરેપૂરો ઓળખવાનું કોઇનું ગજું જ નથી. આપણા ગજ ટૂંકા પડે. માણસ તો ચાહવા માટે છે. માણસ ગમવા લાગે છે ત્યારે નિકટતા અને ક્રૂરતા સમરસ થઇ જાય છે.

હા, માણસને ઓળખવાની એક રીત છે ખરી. એને દૂર કે નિકટથી ઓળખવા માટે એની બાજુમાં પોતાની જાતને ઊભી રાખી દેવી જોઇએ.

દૂરથી આવતી સુગંધ, દૂર વાગતી વેણુ, સાગર પારથી આવતો પવન, ક્ષિતિજે રચાતા સૂર્યોદય અને સૂર્યાસ્ત, નદીનો કલનાદ, ફ્લેમિંગોની ઊડતી હાર, દૂરનું રસિક સમણું, ઘનઘોર આકાશ, ડુંગરની દેરી પર ફરકતી ધજા, ટમટમતા તારા, દૂર વળાંક લેતી રેલગાડી, કેટકેટલું દૂરથી મનને મોહિત કરે છે. પ્રત્યેકની પાસે પહોંચાતું નથી, પહોંચવાનું હોતું પણ નથી !

કોઇ અનુભવી જ કહી શકે, ડુંગરા દૂરથી રળિયામણા. ડુંગરનું સૌંદર્ય દૂરથી માણવા જેવું છે. એની પાસે જઇ પાણા ખોદવાનું કામ નથી.

આવશ્યક અંતર મુગ્ધતાને ટકાવી રાખે છે. મૂળ તત્ત્વો તો સાદા ને સરળ હોય છે. પુષ્પની પાંખડીઓને બિછાવી, છિન્ન ભિન્ન કરી સૂક્ષ્મદર્શક કાચ નીચે મૂકી જોવાથી પુષ્પનું સૌન્દર્ય તો ના જ મળે ને !

બીજા માણસોનાં અંગત જીવન, નાની મોટી નબળાઇઓ, મર્યાદાઓને જોવામાં મંડ્યા રહીશું તો શું હાથ આવશે ? નિસ્બત પંકજ સાથે રાખવી કે પંડ સાથે ?

બધું જ જાણી લેવાનો મોહ એક પ્રકારની વંચના નહિ હોય ! જેનો ખપ નથી એવાં છોડાં છોતરાં વિશે માહિતીઓ શા કામની ? હું બધું અંદરથી જાણું છું એ અહંકાર કેટલો છીછરો છે ?

મોટરગાડીઓના અકસ્માત ટાળવા સલામત અંતર જરૂરી છે, એ વાત સંબંધો માટે પણ સાચી છે. બાળક લખવાનું શીખે છે ત્યારે એને બે શબ્દો વચ્ચે અંતર રાખવાનું શીખવવામાં આવે છે. ખેડૂત એવી રીતે દાણા વાવે છે કે ઊગનાર બે છોડ વચ્ચે થોડુંક અંતર રહે. બધી ડાળીઓ અને પર્ણોને સૂર્યપ્રકાશ મળે એટલું છેટું રાખવાનું – વૃક્ષને કોણ શીખવતું હશે ? પત્રમાં હાંસિયા જેટલી જગા પણ ન રાખનાર હાંસીપાત્ર ઠરે છે.

પ્રમાણભાન જાણે તે પ્રબુદ્ધ !

ગુલાબ દેઢિયા, મો: 9820611852

હવે ઉપલબ્ધ છે
ડીજીટલ પ્લેટફોર્મ પર

કચ્છ-અર્પણ

માણો કચ્છને તમારા
મોબાઈલ/લેપટોપ કે પી.સી.માં

Your Link To Kutch

www.kutcharpan.in

કચ્છીયતને માણો અને જાણો
'કચ્છ-અર્પણ'ની સંગે

વધુ માહિતિ માટે 9377124582

Form IV (see Rule 8)
KUTCH ARPAN ( Gujarati Bimonthly)

1. Place of Publication : D/116, Vallabh Vihar, Ajwa Road, Vadodara-390019. Gujarat
2. Periodicity : Bimonthly
3 & 4. Printer and Publisher's Name : Navin Hirachand Patel
Wheather Citizen of India : Yes
Address : D/116, Vallabh Vihar, Ajwa Road, Vadodara-390019. Gujarat
5. Editor's Name : Navin Hirachand Patel
Wheather Citizen of India : Yes
Address : D/116, Vallabh Vihar, Ajwa Road, Vadodara-390019. Gujarat
6. Owner (sole) : Navin Hirachand Patel
Wheather Citizen of India : Yes
Address : D/116, Vallabh Vihar, Ajwa Road, Vadodara-390019. Gujarat
6. Printed at : D/116, Vallabh Vihar, Ajwa Road, Vadodara-390019. Gujarat

I, Navin Hirachand Patel hereby declare that the particulars given above are true to be of my knowledge & beleif.

Vadodara sd/-
Date : 06.03.2024 Navin Hirachand Patel

વિશ્રામ ગઢવી

# જીવતરના નવમા દાયકે અડીખમ અણનમ સમાજસેવક

# શ્રી વિશનજી હરશી ગાલા



કચ્છી વિશા ઓશવાલ સમાજે માનવ સમાજને એક એકથી ચડિયાતા નરપુંગવો આપ્યા છે. જેમણે પોતાના પ્રચંડ પુરૂષાર્થ, આગવી દક્ષતા બુદ્ધિ પ્રતિભા અને સમાજના છેવાડાના આમ આદમી માટે કંઇક કરી છૂટવાની નિર્ભેળ અને નિરપેક્ષ ભાવના થકી કચ્છી ધરાને અદકેરું ગૌરવ બક્ષ્યું છે. મુંબઇ ખાતે પોતાનું કર્મયોગ સાધતા માતૃભૂમિ કચ્છને પોતીકા પ્રદાન દ્વારા અદકેરું ગૌરવ બક્ષનાર **વિશનજી હરશી ગાલા**નો જન્મ તા.૨૮.૧૧.૧૯૩૬ના મુંબઇ ખાતે માતા લક્ષ્મીબેનના કૂખે થયો હતો. તેમના પિતાશ્રી હરશી નરશી ગાલાનું કચ્છ ડુમરાથી ૧૫-૨૦ વર્ષ અગાઉ જ મુંબઇ આગમન થયું હતું. આઝાદી અગાઉ છેક ૧૯૪૪માં તેમણે ડુમરા ખાતે દરબારી શાળામાં પ્રવેશ મેળવ્યો હતો અને બે વર્ષ કચ્છમાં અભ્યાસ કર્યા બાદ તત્કાળે કચ્છનું શિક્ષણ સાધારણ હોઇ મુંબઇની ચિંચપોકલીની શાળામાં તેઓ ધો. ૧માં ફરીથી દાખલ થયા.

એક ટ્રેડિશનલ કચ્છી વિશા ઓસવાલ પિતા હરશીભાઇની દાદર-નાયગામ ખાતે આવેલી 'દાણાની દુકાન'નો વારસો મેળવીને સામાન્ય દુકાનદારમાંથી સફળ ઉદ્યોગપતિની રોચક સફર ખેડનાર શ્રી વિશનજીભાઇનું વ્યક્તિત્વ પાસાદાર હિરા જેવું રહ્યું છે. સને ૧૯૬૧માં તારામતીબેન જેવા સુસંસ્કારી-સુશીલ સન્નારી સાથે લગ્નના બંધનથી જોડાયા બાદ તેમનામાં જવાબદારીની સભાનતા સાથે સામાજિક ઉત્તરદાયિત્વનું બીજાંકુરણ થયું. ૧૯૭૮ માં એમની પ્રથમ મોટી સફળતા **'ગાલા સ્પ્રિંગ્સ પ્રા. લિ.'**ની સ્થાપના થઇ ત્યારબાદ તેમણે કદીય પાછું વળીને જોયું નથી.

ધંધાકીય વિકાસને સમાંતર તેઓ પોતાના સામાજીક ઉત્તરદાયિત્વ અને નક્કર પ્રદાન માટે સતત ચિંતા અને ચિંતન કરતા રહ્યા. માતા-પિતાની જમા રકમનું **'લક્ષ્મીબેન હરશી નરશી ચેરી. ટ્રસ્ટ'** બનાવી છેક ૧૯૮૮ માં સેવા સમાજ મારફત વક્તૃત્વ સ્પર્ધાની એમણે શરૂઆત કરાવી. આ સ્પર્ધાનું નામકરણ જ તેમના માતુશ્રીના નામે થયું. પિતાશ્રીના હૃદયની વિશાળતા, નિર્ભયતા, નિખાલસતા અને દિલેરી તેમને વારસામાં મળ્યા હતા.

છેક ૧૯૯૫માં **ડોમ્બીવલી ક.વિ.ઓ. સેવા સમાજ**ને 'સમાજ સેવા'ની પ્રવૃત્તિઓ માટે એક લાખ રોકડા સાથે રૂા. સાડા ત્રણ લાખના ખર્ચે ફ્લેટ લઇ અર્પણ કર્યો અને સને ૨૦૦૭માં સવા આઠ લાખના ખર્ચે બાજુનો બીજો ફ્લેટ લઇ આપીને વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃત્તિને વેગ આપ્યો. વર્ષ ૨૦૦૫માં ધર્મપત્ની **શ્રીમતી તારાબેન વિશનજી ગાલા પુરસ્કૃત ફ્રી સર્જીકલ શિબિર** યોજીને જરૂરતમંદ દર્દીઓના હમદર્દ બન્યા. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટેની શિબીરો પણ તેમણે શરૂ કરેલ.

સમાજ ખરા અર્થમાં બેઠો થાય અને *Un to The Last* છેવાડાનો માણસ કેમ ઉભો થાય એની સતત ખેવના અને ખાંખત તેમણે સાતત્યપૂર્ણ રીતે સેવી છે. વિશનજીભાઇની કર્મઠતા કલ્યાણ ભાવનાના મૂલ્યનિષ્ઠ રંગે રંગાઇ છે. સ્વસ્થ અને પ્રગતિશીલ સમાજની તેમની સંકલ્પના અને સદભાવનાએ તેમને સતત જાગતા અને જીવંત રાખ્યા છે.

કચ્છમાં છેવાડાના દુર્ગમ ગામોમાં આરોગ્યની ઉત્તમ સેવાઓ આપતા **ભોજાય સર્વોદય ટ્રસ્ટ** દ્વારા માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોના સુયોગ્ય ઉછેર માટે અને સંવર્ધન માટે સેન્ટર ઊભું કરવામાં આવેલ છે જેના માટે લીલાધરભાઇ ગડા અને કલ્યાણજીભાઇ કારૂની પ્રેરણાથી રૂા. ૨૧ લાખનું માતબર દાન આપ્યું. ડુમરામાં પણ શ્રી ડુમરા જૈન મહાજન સંચાલિત **માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા ભોજનાલય સહ શ્રીમતી તારાબેન વિસનજી ગાલા અને દમયંતીબેન જયંતીલાલ ગાલા અતિથિગૃહ** પર તેમના નામકરણ સાથે ખૂબ જ ઉપયોગી રહેવા તથા જમવાની ઉત્તમ વ્યવસ્થા ધરાવતા ભોજનલાય અને અતિથિ ગૃહ કાર્યરત છે જે તેમના માતબર પ્રદાનની સાક્ષી પુરે છે.

ન કેવળ જૈન સમાજ અપીતુ સમગ્ર કચ્છના સર્વાંગીક

ઉત્થાન અને ઉત્કર્ષ માટે વિવિધ એજન્સીઓ, N.G.O. તથા સમાજ-સેવકો-અગ્રણીઓના સતત સંપર્કમાં રહીને વિકાસ માટે સતત મથતા રહ્યા છે. ચેકડેમ, ખેત અને સીમ તલાવડી, ગ્રામ તળાવ સુધારણા, જળસંગ્રહ, પેયજળ જેવા છેવાડાના ગ્રામજનને સીધા સ્પર્શતા પ્રાણ પ્રશ્નોના યોગ્ય ઉકેલ માટે વિશનજીભાઇ દૂરંદેશી અને સર્વગ્રાહી નીતિથી ઝઝુમ્યા છે, તેમાં તેમના પુત્ર કિરીટભાઈ અને પૂરા પરિવારનું સમર્પણ છે.

શ્રી વિશનજીભાઇ ગાલાની સમાજના ઉત્થાન માટેની પરિણામલક્ષી ભાવના અને ખરેખરા વિકાસની રચનાત્મક દષ્ટિની કદરરૂપે સમાજના અગ્રણીઓએ **ક.વિ.ઓ.સેવાસમાજ, મુંબઈનું પ્રમુખ પદ** સામે ચાલીને આપ્યું જેને તેમણે બખૂબી નિભાવ્યું. બુકબેન્ક, મુખપત્ર પ્રકાશન, સંજીવની સ્વાસ્થ્ય યોજના, શૈક્ષણિક લોન, સ્ત્રી ઉત્કર્ષ તથા ખેલ પ્રતિભાને પ્રોત્સાહન જેવી રચનાત્મક પ્રવૃત્તિઓથી સમાજને ધબકતો રાખવાનો યુગધર્મ તેમણે બજાવ્યો છે. છેક ૧૯૯૭ થી **ગાલા સ્પ્રીંગ્સ કપ-વોલીબોલ ટુર્નામેન્ટ** નિયમિતરૂપે યોજાય છે, જેનો સ્પોન્સરર તેમનો પરિવાર છે. કચ્છી વોલીબોલ કપથી માંડી કચ્છી ઓલિમ્પિક સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના તેઓ પ્રણેતા અને પ્રાણપૂરક રહ્યા છે.

સમાજમાં વિકાસવાદની સાથે ચિંતાજનક સ્તરે લગ્નભંગ-છુટાછેડાનું પ્રમાણ વધ્યું છે ત્યારે ક.વિ.ઓ. કેન્દ્રીય મધ્યસ્થ સમિતિના માધ્યમથી લગ્નજીવનના પ્રશ્નોનું સમાધાન કરી દંપતિના જીવનને પુનઃ પાટા પર લાવવાનું શ્રેયસ્કર કાર્ય તેમની સમાજ સેવાનું એક ઉન્નત શિખર બની રહે છે. શ્રી થાણા કચ્છી જૈન સેવા સમાજના સ્થાપક પ્રમુખ તરીકે પણ તેમણે સેવાઓ આપેલ છે.

કચ્છી માતૃભાષા માટે **'શ્રીમતી તારામતી વિશનજી ગાલા કલા સાહિત્ય પુરસ્કાર'** એ કચ્છના સાહિત્ય જગતને તેમની અજોડ અને અપ્રતિમ ભેટ છે. કલા તેમ જ સાહિત્ય ક્ષેત્રના પુરસ્કારોમાં આ માન-અકરામની એક આગવી પ્રતિષ્ઠા છે. છેલ્લા ૨૧ વર્ષ અગાઉ એટલે કે છેક વર્ષ ૨૦૦૩માં ડૉ. વિશન નાગડા, ગુલાબ દેઢિયા, માધવ જોશી, માધુરીબેન છેડા તથા લક્ષ્મીચંદ ગોગરીની બનેલ સમિતિ દ્વારા કચ્છી સાહિત્યકારો તથા કલાકારો માટે એમના ક્ષેત્રમાં થતા પ્રદાન માટે પુરસ્કાર અપાય છે. (હાલમાં સ્વ.માધવ જોશી તથા ગુલાબભાઇના સ્થાને વિશનજીભાઇ તથા તારામતીબેન સમિતિમાં છે.) આ એવોર્ડના માધ્યમથી આજ પર્યંત કેટલાય કચ્છી સાહિત્યકારો-કલા ઉપાસકોને માન સન્માન સાથે દબદબાભેર મુંબઇના ચોકમાં પોંખ્યા છે. એ રીતે સાક્ષરોએ મહાજનોને આપેલ **'સરસ્વતી કંઠાભરણ'**નું બિરૂદ વિશનજીભાઇએ સિદ્ધ કરી બતાવ્યું છે.

પોતાના માદરે વતન ડુમરા ખાતે હાઇસ્કૂલની શિક્ષણની પરિસ્થિતિનો ચિતાર મેળવીને શિક્ષણ સુધારણા માટે તમામ ખૂટતી કડીઓ પૂર્ણ કરવા કમર કસી અને પરિણામ મેળવીને જંપ્યા. માદરે વતનનું પિતૃઋણ અદા કરવાની તેમની નેકભાવના અને કચ્છ સાથેના ઊંડા નિસ્બતનો તેમાં પ્રતિબિંબ પડે છે.

નિવૃત્તિને રસમય અને જશમય બનાવવાની કલા કોઇ તેમની પાસેથી શીખે ! છેલ્લા ૨૫ વર્ષથી કલા, સાહિત્ય, જ્ઞાન, વિજ્ઞાન, ટેકનોલોજી, ઉદ્યોગ જેવા વિષયો પર લેખોનો સંચય કરી પોતાની જ્ઞાનભૂખ અને સજ્જ વ્યક્તિત્વનો પરિચય આપ્યો છે એટલેથી ન અટકતાં એંશી વર્ષની જ્ઞાનવૃદ્ધ વયે તેમણે **આત્મકથા** લખવાનું સફળ સાહસ પણ કર્યું છે. ખાસ કરીને આજના યુવાનોએ **'સફર આઠ દાયકાની'** એમની આત્મકથામાંથી એકવાર જરૂર પસાર થવું જોઇએ, જેમાં તેમણે જીવનના મહત્વના ૨૩ પ્રસંગોનું તટસ્થ આંકલન રોચક રીતે કર્યું છે. કંપનીના માણસોની મૂલ્યહીન હરકત સામે તેમની મક્કમતા, કોઠાસૂઝ, સમયસૂચકતા અને હૃદયની વિશાળતા સ્પર્શી જાય તેવાં છે. તેમનું અખિલાઇભર્યું જીવનદર્શન (broad vision) સાદગી અને સરળતા તથા મૂલ્યનિષ્ઠ જીવનદૃષ્ટિ પ્રેરણાની પરબ બની રહે છે. દેશ-દુનિયાના તેમણે કરેલા પ્રવાસઓએ તેમને વાસ્તવ અને વિકાસલક્ષી દષ્ટિકોણ બક્ષ્યો છે. વિકસતા વિશ્વમાનવ સાથે કદમ મિલાવીને ચાલવામાં તેમની ઉંમર ક્યારેય બાધક બની નથી. સ્પ્રિંગની જેમ તેમનું જીવન સ્થિતિસ્થાપક રહ્યું છે. તેઓ જેટલા ભૌગોલિક વિશ્વ પ્રવાસી છે તેટલા જ વૈચારિક વિશ્વપ્રવાસી બની રહ્યા છે. સતત વિકસતા રહેવું અને બીજાને વિકસાવતા રહેવાની તેમની પરગજુવૃતિએ આજે ૮૮ વર્ષની જૈફ વયે પણ તેમને લીલાછમ રાખ્યા છે. આર્થિક સમૃદ્ધિની સાથે વૈચારિક સમૃદ્ધિ હોવી એ જીવતરની મહાન ઉપલબ્ધિ છે. **'તેરા તુજકો અર્પણ'**નો ભાવ સેવીને ખભે કોઇપણ ભાર લઇને ન ફરવાની તેમની શૈલીએ તેમને મુઠી ઊંચેરા બનાવ્યા છે એમ કહેવું જરા પણ અતિશયોક્તિ નથી.

તેમની સમાજસેવાનો વ્યાપ બહુઆયામી-બહુપરિમાણીય છે. શાસ્ત્રો પણ કહે છે **'સેવાધર્મ પરમ ગહનો, યોગીનામ્અપિ અગમ્યઃ'** અર્થાત્ યોગીઓને પણ દુર્લભ-અગમ્ય એવા સેવામાર્ગના વટેમાર્ગુ વિશનજીભાઇનો સુદીર્ઘ પટ પર પથરાયેલ સેવાકર્મ એ એક તપ જ છે. સાચુકલા પ્રેમ અને ભીતરી દર્દ વિના આ સેવાપરાયણતા સંભવ નથી. સમાજસેવા અને સંસ્કારવારસાને ઉજ્જવળ કરવાની દિશામાં તેમણે નવી પેઢી માટે આદર્શ માનદંડો સ્થાપ્યા છે. તેમના સુપુત્ર કિરીટભાઈમાં વ્યવસાયિક સૂઝની સાથે સંસ્કારવારસાને જાળવવાના સંસ્કારો સાંગોપાગ ઉતર્યા છે. પ્રાપ્ત કરવા કરતાં પચાવવું મુશ્કેલ છે.

તેમણે પોતે એમની આત્મકથામાં નોંધેલા એક વિધાન સાથે શબ્દોને વિરામ આપીએ. **'શુભનિષ્ઠાથી કરેલ કોઈપણ કાર્ય સફળતાની વરે છે...!!'** એમના સફળ જીવતરનાં અદબભેર ઓવારણાં લેતાં નિરામય-સ્વસ્થ-મસ્ત મસ્ત દિર્ઘાયુ માટે પ્રભુ પ્રાર્થના.

વિશ્રામ ગઢવી, મોઃ 9879116627



# ચાલ્યો આવે હલકારો !

ટપાલીભા, અમારા ફળિયાનો કાગળ નથી ?

ફળિયાના નાકેથી પરબારા ચાલ્યા જતા ટપાલીને જોઇ એકાદ જણ તો બૂમ પાડી જ ઊઠતું. કાગળ નથી એ જાણવા છતાં અને પૂછ્યા વિના રહેવાય પણ કેમ ? મહિનો થવા આવ્યો, મુંબઇથી નથી 'એમનો' કાગળ, નથી મનીઓર્ડર કે નથી રજિસ્ટર. મૂંગો નિસાસો નાખી ઓટલેથી ઊભી થઇ સૌ સ્ત્રીઓ વિખેરાઇ જતી. બીજા દિવસની સવારે વળી પાછી એજ ઓટલે ભેળી થાય. 'ધૂમકેતુ'ના અલીડોસાની ધીરજથી પાછી કાગળની રાહ જોવાય.

બીજા દિવસે ટપાલી ફળિયામાં દાખલ થાય. સરનામા લખેલા ઘર માલિકનું નામ મોટેથી બોલે. સંબંધિત સ્ત્રી કાગળ ઝડપભેર લઇ લે. બાકીની સ્ત્રીઓ કાગળ મેળવનાર ભાગ્યશાળી તરફ વિષાદભર્યા સ્મિતથી નિહાળી, ઘરકામમાં જોતરાઇ જતી.

વીજળીના દોરડાં પણ ગામલોકોએ નહોતા જોયા. ત્યાં ટેલિફોનની વાત કેવી ? તેમના માટે ટપાલ જ સ્વજનના સમાચારનું એક માત્ર સાધન હતું. સિવાય કે મુંબઇથી કોઇ આવેલું હોય અને તેની સાથે કંઈ 'સંપેતરુ' અને સમાચાર મળે.

ગામનાં દરેક ઘરમાંથી કોઇને કોઇ કામધંધા માટે મુંબઇ પહોંચ્યું હોય. દાણા કે કાપડની દુકાનમાં કામનો ઢસરડો. અઠવાડિયામાં એકાદ દિવસ છુટ્ટીનો આવતો. તેમાંય વારતહેવારે કાપ મૂકાઇ જતો. વળી છુટ્ટીના દિવસે મિત્ર કે સગાસંબંધીને ત્યાં જવાનું થતું. એટલે કાગળ લખવાનો સમય ભાગ્યે જ મળે. અને સમય મળે તો લખી આપનાર હાજર ન હોય ! જાતે પત્ર લખવા જેવું અક્ષર-જ્ઞાન લીધું હોત તો આ દા'ડા જોવા ન પડત, એવો વિચાર પણ મનમાં આવી જાય.

મોટેભાગે ગામનું કોઇ કાગળ લખતું હોય ત્યારે કહી દેવાતું : બે લીટી મારીય ઉમેરી નાખજે. 'રાજીખુશીમાં છું, ચિંતા ન કરે. રજા મળશે તો નોરતામાં આવીશ.'

સામે પક્ષે વતનમાં ભણેલી સ્ત્રીઓનું પ્રમાણ એથીય ઓછું. અરે ! મનીઓર્ડર-સ્લીપમાં નામ પૂરતા અક્ષર પાડવાનું પણ ન આવડે. મૂંઝાયેલો ટપાલી મોટેભાગે અંગૂઠા નીચે સાક્ષી તરીકેની સહી કરી જવા મને બોલાવતો. સાતમું પાસ કરેલ હું ફળિયામાં ભણેશરી ગણાતો !

પરંતુ ભણેશરીનું અભિમાન રાખતા એવા મારી પણ મતિ મૂંઝાઇ જતી, જ્યારે કોઇ કાગળ વંચાવવા કે લખાવવા આવતું. લખનાર ઓછું ભણેલો હોય. કાનો-માત્રાના ઠેકાણા ન હોય. અનુમાન કરી શબ્દો બોલતો જાઉં અને સાંભળનાર પોતાની અનુમાન શક્તિની મદદથી અર્થ પામી જાય. એ રીતે અમારો સંઘ કાશીએ પહોંચતો !

કાગળ લખી આપતી વખતે એક જુદી જાતની મુશ્કેલી. લખાવનાર અભણ સ્ત્રી કચ્છીમાં બોલતી જાય. મારે શુદ્ધ ગુજરાતીમાં લખવાનું ! કચ્છીના કેટલાક શબ્દોના ગુજરાતી પર્યાય મેળવવામાં આજે પણ નાકે દમ આવે છે. ત્યારે એ દિવસોમાં મારી શી હાલત થતી હશે તે વાચક સમજી શકતો હશે. તેમાંય પત્ર પૂરો થયા પછી લખાવનાર 'ગાય વીયાવાની છે, માટે પચાસ રૂપિયા જલદીથી મોકલજો' વાક્ય ઉમેરવાનું કહે ત્યારે શું અર્જુનની માફક કર્તવ્યમૂઢ બની જતો. એક તો પત્રમાં જગ્યા બચી ન હોય ઉપરાંતમાં શરૂઆતમાં જ લખાવી દીધું હોય 'હાલ પૈસાની જરૂર નથી.' અને હવે...!

હું કાગળમાંથી મોઢું ઊંચું કરી કહું, 'કાકી, પૈસાની જરૂર નથી એ તમે...' તો જવાબમાં મારી વાત અટકાવી કહે : 'પુતર, તને સમજણ ન પડે. કાગળની શરૂઆતમાં પૈસાનું લખીએ તો 'એમનો' જીવ ઊંચો થઇ જાય. કાગળ વાંચવામાં મન ચોંટે નહિં, એટલે આવું પાછળ લખવું સારું !

આને અભણ સ્ત્રીની મૂર્ખાઇ ગણવી કે કોઠાસૂઝ ? તે હજી સુધી હું નક્કી કરી શકયો નથી. હા, એટલું જરૂર નક્કી કરી શકયો છું કે સાયકોલોજીના ફંડા ભણાવવાનો ઇજારો કેવળ અધ્યાપકોને નથી !

અપવાદરૂપ ભણેલા દંપતીને બાદ કરતા કાગળના સંબોધન કે લિખિતંગમાં પતિ-પત્નીના નામોનો ઉલ્લેખ ન કરાતો. ઘરના વડીલો અને બાળકોનાં નામો લખાતાં. 'દસ્તક'માં લહિયો પોતાનું નામ લખતો. પત્ર લખાવનારને કાળા અક્ષરની ખબર ન પડે, છતાં નજર તો કાગળ પર ચોંટેલી જ હોય. પત્ર લખતી વખતે ઘણીવાર

મારા અક્ષરો વાંકાચૂંકા થઇ જતા ત્યારે લખાવનાર તરત જ કહે, 'આજે તારા અખર ઓરમાં કેમ નથી જતા ?' (ખેતરમાં સીધી લીટીમાં થતા વાવેતરને કચ્છીમાં ઓર (ઓળ) કહે છે !)

કરકસર તરીકે લોકો મોટેભાગે પોસ્ટકાર્ડનો ઉપયોગ કરતા. તેમ છતાં કવર કે ઇન્લેન્ડ વપરાય તો સમજવું કે કોઇ ખાનગી વાત લખાઇ છે કે પછી 'વહાલા પ્રાણનાથ'ને પત્ર લખાયો છે.

કવર બીડવા ગુંદર બહુ ઓછા ઘરોમાં હોય. ડાંડલિયા થોરના ચીકણા ક્ષીરથી કે નેઇલ-પોલીસથી ચીપકાવવાનું કરાતું. હાજર સો હથિયાર !

શુભાશુભ પ્રસંગે આવતા પત્રો અભણ માણસ પણ પારખી લે એ રીતે લખાતા. લખાણપર કંકુના છાંટણા જોઇ કંકોતરી હોવાનું સહેજે અનુમાન થઇ જતું. કાર્ડના પાછળના ભાગે 'અશુભ' મોટા અક્ષરે લખેલું હોય કે પાછળનો ભાગ તદ્દન કોરો હોય, કે પછી કાર્ડનો ખૂણો કપાયેલો હોય તો કોઇના મરણની ખબર છે, એમ સમજી લેવાતું. તાર (ટેલિગ્રામ) કોઇના ઘરે આવે તો સૌના જીવ ઊંચક થઇ જતા. દેશાવરમાં થતા મરણના સમાચાર તારથી આવતા.

એકવાર અમારા ઘરે તાર આવતાં સૌ હાંફળા ફાંફળા બની ગયેલા. વંચાવતાં ખબર પડી કે મોટાભાઇ સાતમા ધોરણમાં પ્રથમ નંબરે પાસ થયા બદલ 'અભિનંદન'નો તાર છે. બનેવીએ ઉત્સાહમાં આવી મુંબઇથી કરેલ.

અંગ્રેજી શાસનકાળ દરમ્યાન આપણા દેશને વહીવટક્ષેત્રે જે કેટલીય ઉત્તમ પ્રણાલીઓ પ્રાપ્ત થઇ તેમાં ટપાલ-વ્યવહારને ગણાવી શકાય, ઉદાહરણ તરીકે ૨૫ સપ્ટેમ્બર ૧૯૦૯ના કચ્છના ફરાદી જેવા નાનકડા ગામની પોસ્ટ ઓફિસેથી રવાના થયેલો પત્ર ૨૮ સપ્ટેમ્બરે (માત્ર ત્રણ દિવસમાં) ફોર્ટ (મુંબઈ) સ્થાને મારા દાદા રાજગુરૂ ખીમજી પરબતને મળે. આ માટે 'પ્રશંસનીય' સિવાય કયો શબ્દ વાપરીશું ? કાર્યની સફળતા માટે મોંઘાદાટ સાધનોની નહિં, દાનતની જરૂર છે - એની સાક્ષી પૂરતો સાડા ચાર બાય અઢી ઇંચનો ઇન્ડીયન પોસ્ટેજની સ્ટેમ્પવાળો એ કવર અદ્યાપિ મારી પાસે મોજૂદ છે.

બ્રાન્ચ પોસ્ટ માસ્તર, ટપાલી અને હલકારા (મેઇલ કેરિયર)ની ત્રિપૂટીથી ચાલતી ગામડા-ગામની પોસ્ટ ઑફિસો તત્કાલીન દેન છે. પોસ્ટ માસ્તરનો ચાર્જ પ્રાયઃ પ્રાથમિક શાળાના શિક્ષક પાસે રહેતો. ટપાલીનું કામ ગામમાં ટપાલ વિતરણ કરવાનું, જ્યારે એકથી બીજા ગામે ટપાલ પહોંચાડવાનું કામ હલકારાનું. ખાખી ટોપી, ખભે થેલો, બીજા હાથમાં ઘુઘરિયાળો ભાલો લઇ આસંબિયાથી ફરાદી તરફ પગપાળા ચાલ્યા આવતા રામજી હલકારાનું કે ફરાદીથી ડેપા તરફ જતા વિશ્રામનું સ્મરણ અનાયાસે થઇ આવે છે. સાથે સ્મરણમાં ચઢી જાય છે સુખ-દુઃખના સમાચાર લઇ ઉતાવળે આવતા હલકારાને ચિત્રિત કરતી ડો.વિશન નાગડાની આ કાવ્ય પંક્તિઓઃ

**'પગમેં હિકડી ધોડ઼ ખણીને હલ્યો અચે'તો હલકારો,**
**સુખ ને ડુખજા છોડ ખણીને હલ્યો અચે'તો હલકારો.'**

લેખક : રવિ પેથાણી 'તિમિર', મોઃ 9726810287


**With Best Compliments**

## Rooms, Restaurant, Conference Halls & Party Plots


ILARK Reception


ILARK Rooms


RA Restaurant




HOTEL
**ilark**
A Landmark of Katira Group

**Bhuj Hotel**
Station Road,
Bhuj - Gujarat
Ph. (02832) 258999
Cell : 099250 25908.

**Anjar Hotel**
B/h. Bharat Petrol Pump
Ganganaka, Anjar-Gujarat.
Ph. (02836) 242628
Cell : 099252 43908.

Email: info@hotelilark.com, Web: www.hotelilark.com

# કચ્છી ભાષા માટે યોગ્ય લિપિ
## (ધ્વનિ ઘટકોની ચર્ચા સાથે)

૪૦-૪૨ વર્ષ પૂર્વે માવજીભાઈ સાવલાના 'કચ્છ-કલામ'માં છપાયેલ આ લેખમાં 'કચ્છી ભાષા'ની વર્ણન કરાયેલ સ્થિતીમાં કોઈ ખાસ પરિવર્તન થયેલ નથી સિવાય કે 'કચ્છી સાહિત્ય અકાદમી' દ્વારા પુરસ્કૃત કચ્છી ભાષાના 'ગૌરવ પુરસ્કાર' અને અનેક કચ્છી ગદ્ય અને પદ્ય પુસ્તકોના વિજેતાઓ ! આટલા વર્ષો બાદ પણ આપણી માતૃભાષાને લખવા માટે એકાત્મતા સાધી શક્યા નથી એ હકીકત છે. 'કચ્છી ભાષાની વ્યાકરણ અને લિપિ' હજી કોઈ નક્કર સ્વરૂપે પહોંચેલ નથી. લેખકો પોતાને ફાવે તેવા નિયમો બનાવીને વાચકોને મુંઝવે છે પણ એમને માર્ગદર્શન આપી શકે તેવા સમર્થ સાહિત્યકારો વચ્ચે એકાત્મતા નથી ને અહમ્ પણ પોતાનો ભાગ ભજવે છે. - સંપાદક

**૧. ભાષાઃ**

**ભાષા એ ઈશ્વરે માનવ જાતિને આપેલી અતિ મૂલ્યવાન ભેટ છે.** સંસ્કૃત ભાષામાં **ભાષ્** ધાતુ છે જેનો અર્થ થાય છે 'બોલવું', એ રીતે વિસ્તૃત અર્થમાં જોઇએ તો જે કાંઈ બોલાય તેને ભાષા કહેવી પડે. પરંતુ મનુષ્ય કે અન્ય પ્રાણીઓના મુખમાંથી જે અનેક ધ્વનિઓ નીકળે છે તે બધી જ ભાષા કહી શકાય નહિ. અનેક ભાષાવિદોએ ભાષાની વિભિન્ન વ્યાખ્યાઓ આપી છે. તે પૈકી **અમેરિકાના સુપ્રસિદ્ધ ભાષા પંડિત ઍડગર એચ. સ્તુર્તવાન્તે** આપેલી વ્યાખ્યા સૌથી વિશેષ અર્થપૂર્ણ ગણાય છે, જે નીચે પ્રમાણે છેઃ-

**'ભાષા એટલે યાદચ્છિક ધ્વનિ સંકેતોની યોજના (System) જેના વડે સમાજના સભ્યો પરસ્પર વિચાર વિનિમય અને વ્યવહાર કરે છે.'**

આ રીતે જોતાં જગતમાં બોલાતી સર્વે ભાષાઓ તથા બોલીઓને બૃહદ્ અર્થમાં 'ભાષાઓ' કહેવાય. ભાષા શાસ્ત્રીઓનો એવો અંદાજ છે કે, દુનિયાના લોકોમાં લગભગ ૨૮૦૦ ભિન્નભિન્ન ભાષાઓ બોલાય છે. જેમાં નાની નાની, મહત્ત્વ વિનાની બોલીઓ ગણવામાં આવતી નથી. આમાં કેટલીક ભાષાઓ પ્રૌઢ ગણાય છે અને બીજા મોટા ભાગનીને ગૌણ ગણવામાં આવે છે. જ્યારે બોલીઓ તો અનેક છે. ભારતની સરકાર માન્ય ૧૪ માન્ય ભાષાઓ છે.* તેમાં હિન્દી, ગુજરાતી, મરાઠી, પંજાબી, બંગાળી વિગેરેને સ્થાન છે. (*** હાલમાં એટલે કે આજે ૨૨ માન્ય ભાષાઓ છે તથા કેન્દ્રિય સાહિત્ય અકાદમી માન્ય ૨૪ ભાષાઓ છે. જ્યારે ગુજરાત સરકારે કચ્છી 'બોલી'ને માન્યતા આપેલ છે.**)

**૨. કચ્છી ભાષાનો ઉદ્‌ભવઃ**

**આર્યાવર્તની મૂળ ભાષા આદિવૈદિક.** તે વિકાસ પામતાં સંસ્કૃત બોલીએ ભાષાનું કથ્ય સ્વરૂપ ધારણ કર્યું. કાલક્રમે આ કથ્ય સ્વરૂપે વિકસીને પ્રાકૃત સ્વરૂપ ધારણ કર્યું, ત્યારે 'સંસ્કૃત ભાષા' સાહિત્યમાં આરૂઢ થઇ ગઇ. સાહિત્યમાં આ રીતે સ્થાન પામતી ભાષાનું નિશ્ચિત સ્વરૂપ કાંઇક નિયમબદ્ધ હોય છે, તે લિપિબદ્ધ હોય છે. **મહાન વ્યાકરણ કર્તા પાણિનીએ સંસ્કૃતને વ્યાકરણ આપી નિયમબદ્ધ કરી જેથી આ ભાષા વધુ આદરણીય થઇ.** શિષ્ટ વર્ગ તેના પ્રત્યે આકર્ષાયો. પરંતુ ભાષાની વિકાસકૂચ આગળ વધી એટલે સંસ્કૃતની કથ્ય બોલી 'અપભ્રંશ' અસ્તિત્વમાં આવી. સમય જતાં તેમાંથી અર્વાચીન ભાષાઓનો ઉદ્‌ભવ થયો, જેવી કે હિંદી, ગુજરાતી, મરાઠી, બંગાળી, પંજાબી, સિંધી વિગેરે. આમાંની **સિંધી ભાષા** એ સિંધુ પ્રદેશની ભાષા છે **તેની ભિન્નભિન્ન બોલીઓમાં મુખ્ય 'સિરૈકી'** એટલે કે સિંધના ઉપરના (ઉત્તર) ભાગની, **'વચલો'** એટલે સિંધ પ્રાન્તના મધ્ય ભાગની અને **'લાડી'** એટલે કે તેનાથી દક્ષિણ ભાગે બોલાતી. સિંધના પશ્ચિમના થોડા વિસ્તારમાં **'લાટી'** બોલી અને થરપારકરમાં **'થરેલી'** બોલી છે. જ્યારે સિંધના વાયવ્ય પ્રદેશમાં **'લહન્દા'** નામની બોલી બોલાતી. સાથે સાથે પશ્ચિમ પંજાબમાં પણ 'લહન્દા' બોલી બોલવામાં આવતી.

બન્યું એવું કે, સિંધ પ્રદેશમાંથી 'લહન્દા' લુપ્ત થઇ, જ્યારે પંજાબમાં તેને વિકાસ થયો અને તે ભાષાનું સ્થાન પામી. **'કચ્છી' બોલી 'લહન્દા'માંથી જન્મી છે એવો ભાષાવિદોનો મત છે** અને શ્રી જ્યોર્જ અબ્રાહમ ગીઅર્સનના 'લિંગ્વિસ્ટિક સર્વે ઓફ ઇન્ડિયા' નામક ગ્રંથમાં (વોલ્યુમઃ૮, ભાગ-૧માં) ભાષા અને બોલીઓની જે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે તે જોતા, **સિંધની આ બધી જ બોલીઓને થોડેવત્તે અંશે 'કચ્છી' મળતી આવે છે. પરંતુ તેમાં પણ 'લહન્દા' અને 'થરેલી' સાથેનું મળતાપણું વિશેષ જણાય છે.** ભાષાઓના 'જનની-જન્ય' સંબંધો વિષે મતભેદ છે તે એ રીતે કે અમુક બોલી અથવા અમુક ભાષામાંથી બીજી બોલી અથવા ભાષાનો જન્મ થયો એમ કહેવું યોગ્ય નથી એમ કેટલાક કહે છે અથવા જેમ 'ગુજરાતી'ને

'મારવાડી' ભાષાની મોટી બહેન પણ ગણે છે, તે વિવાદાસ્પદ વિષય છે એમ ગણીએ તો પણ આ ભાષાઓ અને બોલીઓનો 'કૌલિક' સંબંધ છે એમ કહેવામાં કાંઈ ખોટું નથી.

**૩. કચ્છી ભાષાનો વિકાસઃ**

સુપ્રસિદ્ધ સાક્ષર કનૈયાલાલ મુનશી તેમના 'ગુજરાત ઍન્ડ ઇટસ્ લિટરેચર' નામના પુસ્તકમાં કહે છે તેમ **કચ્છ, સાંસ્કૃતિક અને સાહિત્યિક હેતુઓ માટે હંમેશાં ગુજરાતનો ભાગ ગણાયો છે અને રાજકીય રીતે જુદો છતાં તેનું ભાગ્ય ગુજરાત સાથે જોડાયેલું રહ્યું છે. 'મહાક્ષત્રપ રુદ્રદામન' (સને ૫૧)**ના સમયના જૂનાગઢના લેખોમાં તેમના આધિપત્ય નીચે અન્ય પ્રદેશોની સાથે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, સિંધ વગેરેને સમાવેશ થતો હતો. વળી 'માર્કન્ડેય' પુરાણમાં ઉલ્લેખાયેલ 'અપરાન્ત' દેશમાં અન્ય પ્રદેશો સાથે ગુજરાતના વિભાગો, સૌરાષ્ટ્ર વગેરેની સાથે કચ્છનો પણ સમાવેશ થતો હતો એમ શ્રી મુનશીનું કહેવું છે. તેઓ તો એમ પણ કહે છે કે **'દશમા સૈકા સુધી દક્ષિણ ગુજરાત અને થાણાની ભાષા 'લાડી' હતી !'** આમ ગુજરાત, સૌરાષ્ટ્ર અને સિંધ સાથેનો કચ્છનો સંબંધ પરાપૂર્વથી ચાલતો આવ્યો છે.

તેરમા સૈકાના અંતના ભાગે ગુજરાતમાં મુસ્લિમ સલ્તનત આવી. તેની સાથે ગુજરાતના સામર્થ્ય, વિદ્યા અને કીર્તિનો ધ્વંશ થયો અને આ પ્રદેશમાં વિનાશનું સામ્રાજ્ય ફેલાયું. ગુજરાતથી મારવાડ જુદું પડયું. કચ્છનો ગુજરાત સાથેનો ઐતિહાસિક સંબંધ અળગો પડયો. ઉત્તર ભારતમાંથી અને પશ્ચિમ એશિયા તથા આફ્રિકામાંથી મુસ્લિમોનું ભારતમાં આગમન અવિરત ચાલુ રહ્યું. તેઓ સિંધ, ગુજરાત વગેરે સ્થળે વસ્યા અને સ્થાયી થયા. તેમની ભાષા અને સંસ્કૃતિની અસર પણ સ્થાનિક ભાષા અને સંસ્કૃતિ ઉપર પડી. સને ૧૪૧૧ થી ૧૫૭૩ સુધી અમદાવાદમાં રહીને સુલતાનો ગુજરાત પર રાજ્ય કરતાં હતા. તે દરમ્યાન **સને ૧૪૯૫ થી ૧૫૧૩ સુધી મહંમદ બેગડો અમદાવાદની ગાદીએ હતો. તેના સમયમાં જામ હમીરજી તથા રાઓશ્રી ખેંગારજી પહેલા સાથેના તેમના સંબંધના કારણે ગુજરાત અને કચ્છ ફરીથી નિકટ આવ્યા**, એ વાત કચ્છના ઈતિહાસમાં જાણીતી છે. સને ૧૫૭૩ થી ૧૭૦૭ સુધી ગુજરાત મોગલ શાસનમાં રહ્યું. ત્યારથી અને બ્રિટિશ અમલ દરમ્યાન આ પ્રદેશમાં શાંતિ રહી અને ગુજરાતી ભાષાનો વિકાસ થતા તે અર્વાચીન સ્વરૂપમાં અસ્તિત્વમાં આવી. સાહિત્યના ક્ષેત્રમાં ગુજરાતીએ વિકાસ સાધ્યો. બ્રાહ્મણો અને જૈનોનું સાહિત્ય, અખો, મીરાં, ભોજો ભગત, નરસિંહ મહેતા, દયારામ, પ્રેમાનંદ, શામળ, દલપતરામ આદિ કવિઓ અને સાક્ષરો દ્વારા ગુજરાતી ભાષાની થયેલી સમૃદ્ધિ સર્વ વિદિત છે.

આમ ગુજરાતી ભાષા સમૃદ્ધ થઇ તેની કચ્છી પર અસર થઇ એમ જોઇ શકાય છે. કારણ કે, એક સમયે ગુજરાત અને સિંધ સાથે રાજકીય રીતે સંબંધ ધરાવનાર કચ્છ મુસ્લિમોના સમયમાં અલગ પડયું. **આમેય ભૌગોલિક રીતે જોતા બે બાજુ દરીયો અને બે બાજુ રણ હોવાના કારણે કચ્છ પ્રદેશ ભારતના બાકીના ભાગથી જુદો જ હતો અને બ્રિટિશના સમયમાં તો તેનું સ્થાન પરદેશી રાજ્ય જેવું ગણાતું.** પરંતુ ધીમે ધીમે સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઇ સાથેનો કચ્છના સાહસિક વેપારીઓ તથા વહાણવટું ખેડનારાઓ અને અન્ય પ્રજાનો સંપર્ક વધતાં કચ્છી ઉપરની ગુજરાતી ભાષાની અસર વધતી રહી, **જ્યારે સિંધી અને તેની અન્ય બોલીઓની કચ્છી ઉપરની અસર ઓછી થઈ ગઈ. આવા સંયોગોમાં કચ્છી ભાષાએ ગુજરાતીની અસર નીચે પોતાનો વિકાસ સાધ્યો.**

નારાયણ વિશનજી ઠક્કુર, ભિટારાના કવિ કેશવ, ભુજના રાજગોર જીવરામ અજરામર, દુલેરાય કારાણી વગેરે સાક્ષરોએ કચ્છી ભાષાના વિકાસમાં પોતાનો ફાળો આપ્યો છે. વળી ખાન સાહેબ નાનજિયાણીએ કચ્છી કવિતાઓ લખી છે. દુલેરાય કારાણી કચ્છના લોકસાહિત્યને પ્રકાશમાં લાવે છે. તેઓ કચ્છના મેઘાણી કહેવાયા છે.

કચ્છી બોલીની મીઠાશ માણવા જેવી છે અને કારાણી તેના પર પ્રભુત્વ ધરાવે છે એમ ગણાય છે. **કારાણીની 'કચ્છ કથામૃત'ના આમુખમાં જણાવ્યા પ્રમાણે 'કચ્છનો પ્રદેશ આખી દુનિયામાંથી અલગ એવો એક નિરાળો વિભાગ હતો. સમુદ્ર અને રણથી ઘેરાયેલો આ પ્રદેશ આગળ વધતા જગતની વિકાસકૂચથી બે ડગલાં પાછળ હોય તો તેમાં તેનો દોષ નથી.'**

'કચ્છીમાડુ' નો પહેરવેશ જુદો, તેની પાઘડીનો પેચ જુદો, ભાષા જુદી, ચલણી સિક્કો પણ જુદો. કચ્છનો ભૂતકાળ ભવ્ય છે, ગૌરવવંતો છે. એનાં આત્મબલિદાન અજોડ છે. સ્વાતંત્ર અને સ્વહક્ક માટે કેટલીયે પેઢીઓ લગી સતત રણસંગ્રામ મચાવતા રહેવું, ધર્મ અને દેશની રક્ષા માટે પોતાની પ્રિય વસ્તુનું બલિદાન આપતા પણ અટકાવું નહિ, પ્રાણાન્ત લગી પ્રતિજ્ઞાનું પાલન કરવું એ કચ્છની વિશિષ્ટતા રહી છે.

શ્યામજી કૃષ્ણ વર્મા જેવા આદ્ય ક્રાંતિકાર, જયકૃષ્ણ ઈંદ્રજી જેવા વનસ્પતિશાસ્ત્રી, ગુજરાતને સાહિત્યરસની પ્રેરણા આપનાર હાજી મહમ્મદ અલારખા જેવા ભેખધારી સાહિત્યકાર થઇ ગયા. વળી 'કચ્છની રસધાર'ના આમુખમાં જણાવ્યા પ્રમાણે કચ્છનું લોકસાહિત્ય અખૂટ સમૃદ્ધિ ધરાવે છે. **કચ્છમાં સંતો, કવિઓ, સતીઓ અને શૂરાઓનું વિપુલ સાહિત્ય, વેરવિખેર થઈને પડયું છે.** તેનું ચારણી સાહિત્ય પણ એટલું જ વિશાળ છે. આ સાહિત્યને કચ્છના ઊંડા ઊંડા ખૂણાઓમાંથી શોધી શોધીને બહાર લાવવાની જરૂરત છે.

કચ્છી ભાષા વિના આ સાહિત્યનું ખમીર પિછાનવું દુષ્કર છે. તેથી કચ્છી ભાષાનો વિકાસ અનિવાર્ય છે અને તેના માટે ઉપર જણાવેલ કચ્છી ભાષાના સાક્ષરોનો ફાળો પ્રેરણારૂપ થશે. વળી **ગુજરાતી વર્નાકયુલર સોસાયટીએ 'કચ્છી કોશ'** બહાર પાડેલ છે તે પણ ભાષાના વિકાસ તથા પ્રચાર માટે ઉપયોગી થશે.

### ૪. કચ્છી ભાષાની શિષ્ટતાઃ

કેટલાકનું એવું માનવું છે કે, **કચ્છી ભાષા શિષ્ટ જણાતી નથી. આ મંતવ્ય જેઓ આ ભાષાને જાણતા નથી તેમનું જ છે.** કચ્છમાં થઈ ગએલા સંતો અને કવિઓની ભાષા કચ્છી હતી. શ્યામજી કૃષ્ણ વર્મા જેવા દેશવિદેશમાં ઘૂમનાર શિક્ષિત અને સ્વાતંત્ર્ય સેનાનીની ભાષા કચ્છી હતી. વ્યાપાર, વ્યવસાય તેમજ રાજકીય અને સામાજીક ક્ષેત્રે લબ્ધ- પ્રતિષ્ઠ એવા શિક્ષિત અને સંસ્કારી કુટુંબોની માતૃભાષા કચ્છી છે અને એ ભાષામાં પોતાનો દૈનિક વ્યવહાર ચલાવવામાં તેઓ સર્વેએ ગૌરવ અનુભવેલ છે. તેમની ભાષા અન્ય કોઇ ભાષા કરતા લેશ પણ ઓછી શિષ્ટ કહી શકાય નહિ એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

### ૫. કચ્છી ભાષાનો વિસ્તાર ને તેની લોકભોગ્યતાઃ

સને ૧૮૯૧ની વસ્તી ગણત્રીમાં આંકડાઓ પ્રમાણે કચ્છ, સૌરાષ્ટ્ર (જામનગર, રાજકોટ, અમરેલી વિગેરે જિલ્લાઓમાં) અને મુંબઇ તથા તેની આજુબાજુના પ્રદેશમાં કચ્છી બોલતી પ્રજાની સંખ્યા ૪,૯૧૨,૧૪ જેટલી હતી. આ વાતને ૮૦ જેટલા વર્ષ વીતી ગયાં છે. આજે આ સંખ્યા ૧૦ લાખની નજીક હોવા સંભવ છે. વળી **આ ભાષા સમજવી કે શીખવી મુશ્કેલ નથી.** કચ્છમાં બહારથી થોડા સમય માટે પણ નોકરી વિગેરે અર્થે આવીને રહેનાર પૈકી મોટા ભાગના કે જેમને કાંઈપણ જાણવાનો ઉત્સાહ છે, તેઓ આ ભાષાને સમજવામાં મુશ્કેલી અનુભવતા નથી. **કચ્છમાં તેમજ મુંબઈમાં ઘણાં લોકો કામચલાઉ બોલતાં પણ શીખી જાય છે.** તેમાંના કેટલાક તો એટલું સરસ કચ્છી બોલી શકે છે કે જાણે તે તેમની માતૃભાષા જ હોય. આવાઓ પૈકી એક ગુજરાતી પાટીદાર બહેન જે એક શિક્ષિત અને સંસ્કારી કુટુંબમાં કુળવધૂ બન્યાં છે તેમને હું જાણું છું. તેમનો દાખલો ઘણો જ પ્રશંસનીય છે. તદ્‌ઉપરાંત સાબરકાંઠા જેવા ઉત્તર ગુજરાતના જીલ્લાના એક ગામડાના ભાઇ કે જે બ્રાહ્મણ છે અને જેમણે કચ્છ જોયું પણ નથી, તેમણે મુંબઈમાં કચ્છી વેપારીઓ સાથે ભાગીદારીમાં તેમજ નોકરી સંબંધે સંપર્કમાં આવીને કચ્છી ભાષા પર જે પ્રભુત્વ મેળવ્યું છે તે પણ અદ્‌ભુત છે. તેમની ભાષા પરથી તેઓ જાણે શુદ્ધ કચ્છી હોય તેમ લાગે. વિશેષમાં એક નોંધપાત્ર હકિકત એ છે કે, **કચ્છમાં પાદરી તરીકે કામ કરી જનાર રેવ. જેમ્સ ગ્રે નામના અંગ્રેજે સને ૧૮૩૪માં એટલે કે લગભગ દોઢસો વર્ષ પહેલાં 'ગૉસ્પેલ ઓફ મેથ્યુ'નું કચ્છીમાં ભાષાંતર કરેલ છે.** આ સિવાય કેટલાક મારવાડી તેમજ અન્ય ભાઈઓને પણ કચ્છી ભાષા બોલતા સાંભળવાથી એવું સ્પષ્ટ થાય છે કે **કચ્છી ભાષા એ લોકભોગ્ય અને સરળ પણ છે. તેમજ તે પોતાનું અનોખું વ્યક્તિત્વ ધરાવતી ખમીરવંતી ભાષા છે. તેના શબ્દોમાં રહેલું 'વાગબળ' અનોખું છે.** સમયના વ્હેણ છતાં અને અંગ્રેજી, હિન્દી, સિંધી, ફારસી, અરબી તથા ખાસ કરીને ગુજરાતીની ખાસ અગ્રીમ અસર છતાં તેની અસ્મિતા જળવાઈ રહી છે. એટલે કચ્છ તેમજ અન્યત્ર કચ્છી બોલનારાઓની સ્વતંત્ર ભાષા કચ્છી ગણાય તેમ છે.

વળી બૃહદ્ અર્થમાં ગુજરાતને પ્રદેશ ગણતા પણ ગુજરાતીથી આ ભાષા ભિન્ન છે એ હકિકત છે. વળી સિંધીના કુળની હોઇ ઉપર જણાવેલ છે તેમ તેમાં લાડી, લાસી, સિંધી, થરેલી, લહંદા વગેરેના અંશ છે છતાં તે સિંધીથી પણ ભિન્ન ભાષા તરીકે વિકસી છે. **જે અર્થમાં ગુજરાતના પ્રાદેશિક બોલીઓમાં ચરોતરી, પટ્ટણી, સુરતી અને સૌરાષ્ટ્રી અથવા કાઠિયાવાડી છે તેવા પ્રકારે કચ્છી એ સિંધી ભાષાની બોલી છે, એમ વિકાસ પામેલી કચ્છી ભાષા વિષે કહી શકાય તેમ નથી.**

### ૬. કચ્છી લિપિ ઃ

**ઉપર જણાવ્યું તેમ કચ્છી ભાષા લોકભોગ્ય અને સરળ છે. તેનો વધુ વિસ્તાર થાય તે માટે તેની લિપિ પણ તેટલી જ લોકભોગ્ય અને સરળ હોવી જોઇએ.** આ દષ્ટિએ જોતા કચ્છી ભાષા માટે કેવી લિપિ જોઇએ તેનો વિચાર કરવો જ રહ્યો. આમ તો સર્વે અર્વાચીન આર્યભાષાઓનું મૂળ 'સંસ્કૃત ભાષા' માં છે અને સંસ્કૃતની લિપિ દેવનાગીરી છે. પરંતુ આ ભાષા હવે બોલાતી નથી પણ તે મોટેભાગે સાહિત્યમાં રહેલી પંડિતોની ભાષા તરીકે જ ગણાય છે જેથી વિશાળ જનસમુદાય માટે તે લોકભોગ્ય કે સરળ નથી તેમ તેની લિપિ ગુજરાતી ભાષા કે કચ્છી ભાષા લોકો માટે તદ્દન સરળ નથી. બીજી ભાષાઓ કે જેને કચ્છી સાથે 'કૌલિક' સંબંધ છે, તે સિંધી અથવા લહેંદા (પશ્ચિમી પંજાબી) ની લિપિ ફારસી છે અને હવે તે દેવનાગરીમાં પણ લખાય છે. આગળ જણાવ્યું તેમ દેવનાગરી સરળ નથી પરંતુ ફારસી લિપિ તો કચ્છી અને ગુજરાતી ભાષાઓ માટે વિકટ જ કહી શકાય એટલે આ લિપિનો પ્રશ્ન જ રહેતો નથી. બીજી વાત એ પણ એટલી જ સાચી છે કે પ્રચલિત ભાષાઓની લિપિ સિવાય કોઇ નવીન લિપિનો વિચાર કરવો એ પણ યોગ્ય નહિ ગણાય. કચ્છી ભાષીઓ કે જેમાંના મોટા ભાગનાને ગુજરાતી સાહિત્યનો પણ હજી જોઇએ તેવો પરિચય નથી તેના ઉપર નવી લિપિનો બોજ લાદી શકાય નહિ. ત્યારે બીજી તરફ **કચ્છી ભાષીઓમાંનો શિક્ષિત અથવા થોડું પણ અક્ષરજ્ઞાન પામેલો માણસ ગુજરાતી લિપિથી પરિચિત છે. કચ્છમાં અન્ય ભાષા ગુજરાતી રહેતી આવી છે અને વ્યાપાર રોજગાર તથા અન્ય વ્યવહાર માટે ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે. અત્યાર સુધી કચ્છનું જે આગવું સાહિત્ય રચાયું છે તેની લિપિ પણ ગુજરાતી હોવાનું લોકો જાણે છે. ઉપરાંત કચ્છમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી હોઈ, ગુજરાતી એ કચ્છવાસીઓ માટે બીજી માતૃભાષા છે એમ કહી શકાય.** જો કે સિંધી ભાષા ફારસી લિપિમાં લખાય છે, તેમાં હ્રસ્વ-દીર્ઘના અતિ સાંકડા અથવા અતિ પહોળા ઉચ્ચારો માટે ધ્વનિ ઘટકો છે જે ગુજરાતીમાં નથી પરંતુ તેટલા જ કારણથી ફારસી લિપિ ગ્રહણ કરવાનું વિચારવું ય શ્રેયકર નથી. વળી અર્વાચીન કચ્છી ભાષા ઉપર ગુજરાતીનો ખૂબ જ પ્રભાવ પડેલ હોઇ હવે કચ્છીના ઉચ્ચારો સાથે વધારે મળતા આવતા થયા છે એટલે ગુજરાતી લિપિમાંના ધ્વનિ ઘટક ઉપર જરૂર જણાય ત્યાં સંમાર્જન કરીને તથા જરૂર પડે ત્યાં દેવનાગરીમાંથી ધ્વનિઘટકને

લઇને સરળ કચ્છી લિપિ તૈયાર કરવી જોઇએ.

### (૭) ધ્વનિ ઘટકોઃ

ઉપર જણાવ્યું તેમ **ગુજરાતી લિપિમાં કચ્છી ભાષા માટે પર્યાપ્ત ધ્વનિ ઘટકો નથી.** ગુજરાતી ભાષામાં લખાણમાં ઉપર્યુક્ત થતા ધ્વનિ ઘટકો નીચે પ્રમાણે છે :

(૧) સ્વર :- અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ.

(૨) વ્યંજન :- ક, ખ, ગ, ઘ,
ચ, છ, જ, ઝ,
ટ, ઠ, ડ, ઢ, ણ,
ત, થ, દ, ધ, ન,
પ, ફ, બ, ભ, મ,
ય, ર, લ, વ, શ,
ષ, સ, હ, ળ, ક્ષ, જ્ઞ ઉપરાંત

**(અનુસ્વાર) અને (વિસર્ગ). એ રીતે સ્વરો અને વ્યંજનો ગુજરાતીમાં છે, તેની વિગતવાર ચર્ચા કરીએ.**

### *(૧) સ્વરો વિષેઃ*

**અ -** સંસ્કૃતની જેમ જૂની ગુજરાતીમાં અ-કારાન્ત શબ્દને છેડે 'અ' આખો બોલાતો, પણ અર્વાચીન ગુજરાતીમાં તેનો ઘણે ભાગે લોપ થઇ ગો છે. જો કે છેલ્લે જોડાક્ષર હોય તો અંતે આવતો 'અ' બોલાતો નથી. દા.ત. 'શિસ્ત'ના 'ત'માં 'અ'નો રહેલો થોડે અંશે જોઇ શકાય છે. કચ્છીમાં પણ અત્યાર પહેલાં જૂની ગુજરાતીની જેમ 'અ' બોલાતો પણ હવે કેટલાક સમયથી તેની સ્થિતિ પણ અર્વાચીન ગુજરાતી જેવી થઇ ગઇ છે.

**આ -** 'આ' વિષે ખાસ કાંઈ કહેવા જેવું નથી.

**ઇ, ઈ -** ગુજરાતી અને કચ્છીમાં આ બાબતમાં થોડો ફેર છે. કચ્છીમાં ગુજરાતીના હ્રસ્વ 'ઇ' કરતા પણ વધારે સાંકડો ઉચ્ચાર થાય છે.

દા. ત. 'ઈતરો' (ગુજ.= આટલું), 'ઈલમ' (ગુજ.= જાદુ) જો કે અનુભવે યોગ્ય ઉચ્ચાર થઈ શકે પણ તેમ છતાં જ્યાં 'ઇ'નો વધારે સાંકડો ઉચ્ચાર કરવાનો હોય ત્યાં હ્રસ્વ 'ઇ'ની નીચે ટપકું મૂકીને 'ઇ઼' લખવાથી આ મુશ્કેલા દૂર કરવાનું વિચારી શકાય.

**ઉ, ઊ -** 'ઇ,ઈ'ના જેવું જ આ બાબતમાં છે, એટલે હ્રસ્વ 'ઉ' નીચે ટપકું મૂકીને 'ઉ઼' લખવાથી વધારે સાંકડો ઉચ્ચાર કરવાનું સૂચવી શકાય.

**ઋ -** ગુજરાતીની જેમ આ ધ્વનિ ઘટક ચાલુ રાખીએ તો ઠીક છે નહિંતર અત્યારે લખાણમાં ઘણું ખરું 'રુ' ધ્વનિઘટક ગુજરાતીમાં વપરાય છે તેમ કચ્છીમાં પણ વપરાય.

**એ -** 'એ'ના મૂળ ઉચ્ચાર વિષે ખાસ કાંઈ કહેવાનું નથી. પણ કચ્છીમાં પહોળો ઉચ્ચાર કરવાનું વિશેષ બને છે. દા. ત. કેડ઼ો (ગુજ.= કેવો), હેડ઼ો (ગુજ.=આવો). **આવા પ્રસંગે સીધી માત્રાને બદલે અવળી માત્રા મૂકીને** 'કેડ઼ો' કે 'હેડ઼ો' એ પ્રમાણે લખી શકાય.

**ઐ -** આ સ્વર વિષે ખાસ કાંઈ કહેવાનું નથી.

**ઓ -** આ સ્વરની બાબતમાં 'એ'ની જેમ કહી શકાય એટલે કે પહોળો ઉચ્ચાર બતાવવા માટે 'ઑ' લખી શકાય.

**ઔ -** આ સ્વર વિષે ખાસ કાંઈ કહેવાનું નથી.

### *(૨) વ્યંજનો વિષેઃ*

સંસ્કૃતમાં '**ङ**' અને '**ञ**'છે પણ ગુજરાતીમાં નથી. 'ળ' (નળ-નો) ગુજરાતીમાં છે પણ સંસ્કૃતમાં નથી. અપભ્રંશમાંથી '**श,ष**' અદશ્ય થયા હતા અને 'ક્ષ'ને ઉચ્ચાર '**क्श**' અથવા '**च्छ**' થતો. **કચ્છીમાં અમુક ઘટકો બોલતા જ નથી, જે ગુજરાતીમાં છે. દા.ત. દ, શ, ષ, ળ, ક્ષ અને જ્ઞ.** તેમજ **'ળ' ને બદલે 'ડ઼'** બોલાય છે. **'શ' અને 'ષ' ને બદલે 'સ'** (દંત્ય) બોલાય છે. **'ક્ષ' ને બદલે 'ખ' અથવા 'ક્સ'** બોલાય છે.

**કચ્છીમાં 'ઙ' અને 'ઞ' નો ખાસ ઉપયોગ કરવાને રહે છે. જેમ કે 'મુઙ' (ગુજ.= મગ) તથા 'વિઞ' (ગુજ.= જા).**

**'ડ'નો ઉચ્ચાર બે રીતે થાય છે** જેમ કે **'વડો'** (ગુજ.= મોટો) માં 'ડો' અને **'ડ઼ડ઼ો'** (ગુજ.=દડો)માં પ્રથમ અક્ષરનો ઉચ્ચાર 'ડ' થાય છે જ્યારે બીજાનો ઉચ્ચાર 'ડ઼' થાય છે, જેનીચે ટપકું મૂકીને બતાવી શકાય.

**વળી ગુજરાતીમાં 'ળ' છે તેની જગ્યાએ 'ડ઼' અથવા 'ર' અથવા 'લ' નો ઉચ્ચાર થાય છે જેમ કે, 'નળ'ને 'નલ', 'પીપળો' ને 'પિપર' અને 'ગોળ' નો 'ગુડ઼'.**

**'ઢ' અંગે જોતાં, ગુજરાતીમાં જેમ 'ઢગલો' અને 'ઢાઢી'માં શુદ્ધ 'ઢ' છે અને 'કઢી' તથા 'મઢી' માં મૂર્ધન્યતર 'ઢ' છે તે રીતે ભેદ કચ્છીમાં ન પાડીએ તો ચાલી શકે. તેમ છતાં ગુજરાતીની જેમ બન્નેનો ઉપયોગ કરવામાં હરકત હોવી જોઈએ નહિ.**

તે સિવાયના વ્યંજનોને જેમ ગુજરાતીમાં વપરાય છે તે જરીતે કચ્છીમાં પણ વાપરી શકાય અને કચ્છી કોશનો ઉપયોગ કરી શકાય.

### ૮. વ્યાકરણ અંગેઃ

**કોશ અને વ્યાકરણ બન્ને માટે ગ્રીયર્સનના 'લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઈન્ડિયા'નો પણ ઉપયોગ કરી શકાય.** દુલેરાય કારાણીનાં પુસ્તકોની ભાષા લક્ષમાં લઇ શકાય. જો કે આ બધાનો આશ્રય ઉપકારક નિવડે પરંતુ તેમ છતાં **હજી સંશોધનને અવકાશ છે કે કેમ તે પણ વિચારવું જોઈએ.** કેમકે **ગ્રિયર્સન વિદેશી હોવાથી તેમને ઘણીવાર સ્થાનિકના લોકો ઉપર આધાર રાખવો પડચો હશે અને જેમના પર તેમણે આધાર રાખેલ હશે તે તમામ બાબતોના જાણકાર હોય એવું કદાચ ન પણ બને.** તેમના ગ્રંથમાંનું કચ્છી ભાષાનું વ્યાકરણ જોતા તેમાં કાંઇક ક્ષતિઓ હોય એમ લાગે છે. જે નીચેના દાખલાઓથી સ્પષ્ટ થાય છે :-

| ગુજરાતીમાં પર્યાય | ને બદલે | કચ્છીમાં પર્યાય જોઈએ |
|---|---|---|
| ૧. દીકરીઓને | ધીયરું કે-કે-થી | ધીયરેં કે-નું-થી |
| ૨. દીકરીમાંથી -પાસેથી-માંથી | ધીયરું વટાં | ધીયરેં વટાં-નું-થી અથવા 'ધીયરેં વટા |
| ૩. ઊંચો | ઉંચો | ઉચોં અથવા ઉચઉં |
| ૪. તેઓ મારે છે | 'હૂ મારીં તા' | ઉપરાંત 'હૂ મારીયેંતા' પણ જોઈએ. |

**સામાન્ય નિયમો :**

અંતમાં એક વાતનો ઉલ્લેખ કરવો જરૂરી લાગે છે કે, અર્વાચીન યુગમાં આપણે સંસ્કૃત અને ગુજરાતી ભાષાના પ્રભાવ નીચે છીએ એટલે સંસ્કૃતની અસર જેમ ગુજરાતી ઉપર થઈ છે તેમ સંસ્કૃત અને ગુજરાતી બન્નેની અસર કચ્છી ભાષા ઉપર પણ થઈ છે. એટલે હવે આપણે 'શ' અને 'ષ' તેમજ જોડાક્ષરો પણ બોલીએ છીએ. દા.ત. 'જેસી કરસન'ને બદલે 'જેસી ક્રસ્ન'કે 'જય શ્રી કૃષ્ણ' પણ બોલીએ છીએ. તેથી **ગુજરાતીના ધ્વનિ ઘટકો કચ્છીમાં લેવા જોઈએ અને તેની વિકલ્પે છુટછાટ રાખવી જોઈએ કારણ કે ભાષા સાથે વિદ્વાનો છુટછાટ લેતા જ આવ્યા છે.**

જેમ કે સંસ્કૃત કવિ 'ભાસ' સાહિત્યના મહાસ્વામી ગણાય છે. ભાષા પર તેમનું એટલું પ્રભુત્વ છે કે તેને મરજી મુજબ રમાડી શકે છે અને બહુ જસ્વાભાવિક તથા સરળ રીતે પ્રયોજી શકે છે. જો કે વ્યાકરણ પંડિત પાણિનીની દષ્ટિએ કેટલીકવાર વ્યાકરણની ભૂલો જણાય છે પણ આ બધી ભૂલો બોલચાલની ભાષાનું સ્વાભાવિક પરિણામ છે. કારણ કે ભાષાના વ્યવહારમાં આવી છુટછાટ લેવાતી હોય છે.

તેવી જ રીતે ગુજરાતી ભાષામાં 'સાહિત્યિક શબ્દ ભ્રષ્ટ કે અશુદ્ધ છે એમ શ્રી વિજયરાય વૈદ્ય તેમની કૃતિ 'માનસી'માં કહે છે. જ્યારે 'ઈચ્છનીય' શબ્દ સાચો નથી એમ શ્રી રામનારાયણ પાઠક કહે છે તથા 'ભાષાકીય' શબ્દ અશુદ્ધ હોઈ 'પ્રયોગાહ' નથી એમ શ્રી રામપ્રસાદ બક્ષી કહે છે અને 'જ્યોતિ રેખા' ને બદલે 'જ્યોતી રેખા' વાપરવું જોઇએ એમ 'કૌમુદી'માં શ્રી જ્યોતીન્દ્ર દવે કહે છે. તેમ છતાં આ શબ્દો ખૂબજ પ્રચલિત છે. કારણ કે દરેક વસ્તુને સંસ્કૃતના ત્રાજવે કાટલે તોલ ન કરાય.

**કચ્છી ભાષા પણ ગુજરાતીની જેમ પોતાના સ્વતંત્ર બંધારણ અને વિશિષ્ટ વ્યક્તિત્વ તેમજ પોતાના અમુક વિશિષ્ટ નિયમો પ્રમાણે વિકસતી ભાષા છે. *બધું સંસ્કૃત અથવા બધું ગુજરાતી અથવા બધું સિંધીના નિયમો પ્રમાણે ન હોઈ શકે.*** કચ્છીમાં થોડેવત્તે અંશે સંસ્કૃત, અપભ્રંશ અને સિંધીની અસર રહેશે છતાં કચ્છ પ્રદેશના વિશિષ્ટ સંયોગો, તેની પ્રજાની ખૂબીઓ અને ખાસિયતો પ્રમાણે તેની આગવી અસ્મિતા તો જળવાઇ જ રહેવાની. કઅ


'કચ્છ-અર્પણ'
પ્રસ્તુત કરે છે...

કચ્છી સાહિત્યનો ચિરંજીવ સિતારો



કવિ 'તેજ' વિશેષાંક

'તેજ'ની કવિતાઓનો રસાસ્વાદ
'તેજ'ના જીવનની કેટલીક યાદો
'તેજ'ના સાહિત્યની વિશેષતાઓ
'તેજ'નાં અણમોલ સંભારણાઓ

ટુંક સમયમાં
પ્રકાશિત થશે...
રખે ચૂકતા...

# વડોદરા સમાચાર

## કચ્છી દાબેલીને વડોદરામાં પૂર્ણ થશે ૪૦ વર્ષ.

**તેરા થી ગાંધીધામ**
**ઈ.સ. ૧૯૮૦**
**ગાંધીધામ થી વડોદરા**
**ઈ.સ. ૧૯૮૪**

સંવત ૨૦૪૦ની ચૈત્રી નવરાત્રી નજીક આવવાની હતી, ગાંધીધામમાં ભેલ-સેવપુરીની લારી ચલાવતા પ્રફુલને કંઈક નવું કરવાની ઇચ્છા હતી. એને નવી લાઇને દેખાડી એમના જ મિત્રોએ જે ત્યાં **કચ્છી ડબલ રોટી એટલે કે દાબેલી** વેચતા હતા. કચ્છની આ ટેસ્ટી વાનગી બધે ખુબ પ્રખ્યાત થઇ રહી હતી એટલે પ્રફુલભાઇએ આ વાનગીને કચ્છની બહાર લઇ જવાનો નિર્ધાર કર્યો અને પહોંચી આવ્યા વડોદરા.

વડોદરામાં દાબેલીનો મસાલો જાતે બનાવીને સૌ પ્રથમ શરૂઆત કરી હરણી સમા વિસ્તારમાં આવેલ કચ્છી પાટીદારોની સો-મિલોથી. હરણી તળાવ પાસે તેઓ સાઇકલ પર સાંજે પહોંચી જતા. ધંધો જમાવવા ઘણી વખત અડધી અડધી દાબેલી પણ વેચતા. ટૂંક સમયમાં જ એમની મહેનત રંગ લાવી અને કારેલીબાગ પાણીની ટાંકી પાસે **ભાઈ-ભાઈ દાબેલી**ની પ્રથમ લારી શરૂ થઇ.

**જાત મહેનત, એક સરખો સ્વાદ ને ગુણવત્તાને કારણે** તેમનું નામ ચોતરફ ફેલાઈ ગયું. તેમણે તેમના જેવા બીજા યુવાનો જે જાત મહેનત કરી આગળ આવવા માંગતા હતા તેમને પણ વડોદરા તેડાવ્યા ને જોતજોતામાં વડોદરાના દરેક ખૂણે ભાઇ-ભાઇ દાબેલી મળતી થઇ ગઇ.

આમ **કચ્છની ચટાકેદાર દાબેલી**ની વડોદરામાં શરૂઆત કરી **કચ્છનાં હેરીટેજ ગામ તેરાનાં પ્રફૂલ્લ શાહે.** ૪૦ વર્ષમાં કચ્છી દાબેલીને અનેક રૂપો આપેલ છે. તેને સેકીને ગરમાગરમ સર્વ કરનાર તેઓ પ્રથમ જ હતા. તેમણે **ગુજરાત કા સ્વાદ અમુલ** બટર અને ચીઝ સંગે વિવિધ વેરાયટીઓ બનાવી. આજે વડોદરામાં **'ભાઈ-ભાઈ દાબેલી'** એક બ્રાન્ડ નેમ બની ગયેલ છે. **'કાકા'**ના નામે જાણીતા પ્રફુલભાઇની **'દાબેલી'**ની સોડમ બધે ફેલાઇ ગયેલ છે.

વડોદરામાં વર્ષો પહેલાં સાઇકલનાં સથવારે શરૂ થયેલ **'ભાઈ ભાઈ દાબેલી'**ની સફર આજે ૪૦ વર્ષના અનુભવે તથા એકસરખા સ્વાદને કારણે આજે પેઢી દર પેઢીમાં વિખ્યાત છે. **આજે અનેક પ્રકારની દાબેલી** બનાવતા પ્રફૂલભાઇ ચોકસાઇનાં આગ્રહી હોવાથી આજે વર્ષોથી એક સરખો સ્વાદ એમના ગ્રાહકોને મળી રહેલ છે.

આજે **વડોદરા ઉપરાંત દેશ-વિદેશમાં પણ** એમનો **દાબેલીનો મસાલો** પહોંચી રહેલ છે, જે એમની પોતાની રેસીપી છે. એમની ૪૦ વર્ષની સફરને તા. ૧૦.૪.૨૦૨૪ના રોજ આગામી દાયકામાં આગળ વધતી સ્વાદની સફરને શુભેચ્છાઓ.


૪૦ વર્ષ પૂર્ણ કરવાના અવસરે વડોદરાનો આભાર



પ્રફૂલભાઈ શાહ (લોડાયા)
(કચ્છ તેરાવાલા)
મોઃ ૯૯૨૫૭૧૦૧૧૯

ભાઈ ભાઈ દાબેલી ™
કારેલીબાગ

અસલી સ્વાદ
એ જ પહેચાન

દાબેલીની
ટેસ્ટી વેરાયટીઓ

બટર દાબેલી
સેવ ડુંગળી દાબેલી
ડબલ બટર દાબેલી
ચીઝ દાબેલી
કચ્છી કડક
વડાપાંઉ
બીજી અનેક
ટેસ્ટી વેરાયટીઓ
માટે મુલાકાત લો.




ચારભુજા કોમ્પલેક્ષ, અંબાલાલ પાર્ક ચાર રસ્તા, પેટ્રોલ પંપની બાજુમાં, પાણીની ટાંકી રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮ • મોઃ ૯૫૮૬૭૩૪૨૦૦

Book Online
zomato
& Get Home Delivery*
* terms applied

પાઉંભાજી/વડાપાઉં માટે બન મળશે • દાબેલીનો ઓરીજીનલ કચ્છી મસાલો મળશે • શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવે છે.

ડૉ. વિસન નાગડા



# ચક્ષુ રચના : વિકૃતિ અને રોગ શબ્દાવલી

## (કચ્છી ભાષાના સંદર્ભે)

### પ્રથમ ચરણઃ 'અખ' (આંખ) શબ્દ ભૂમિકાઃ

**અખ : કચ્છી ધ્વનિ વિશેષઃ**

મૂળે સંસ્કૃત **अक्षि** માંથી પ્રાકૃત **अख्ख** માં પરિવર્તિત થયેલી જગત દર્શનની બારી અને માનવ જીવનનું એક અણમોલ રતન ગણાતી આંખ માટે કચ્છી ભાષામાં (પ્રાકૃતમાંથી અવતરેલો) શબ્દ છે **'અખ'**. ઉચ્ચારશાસ્ત્રના નિયમો પ્રમાણે કચ્છી ભાષાના ધ્વનિઓમાં કયાંય વ્યંજન બેવડાતો નથી અર્થાત **'અખ'** માટે **'અખ્ખ'** (ખ વ્યંજનની પુનરુક્તિ કરી) લખવું એ ભૂલ ભરેલું છે. કચ્છીમાં **'અખ'** બોલતી વખતે ડબલ **'ખ'** નો ભાસ અનુભવતા ધ્વનિશાસ્ત્રના જ્ઞાન પીપાસુઓએ એ જાણવું જરૂરી છે કે હકીકતમાં **'ખ્'** (ખ્ ખોડો) માં **'ખ'** નો ઉચ્ચાર અડધો જ થાય છે કારણ કે **એમાં 'ખ' વ્યંજનના સમર્થન માટે 'ખ્' ને પગભર થવા માટે જરૂરી 'અ' સ્વર ખૂટે છે**, (ખ્ + અ હોત તો જરૂર **'ખ'** પૂર્ણ બનતે !) એટલે ઉચ્ચારણને વફાદાર રહી લેખન કરીએ તો **'અખ્'** જ સાચું છે, પણ લેખનની સરળતાને ધ્યાનમાં લઇ (જે ગુજરાતી જેવી ભાષાઓની પણ પ્રણાલી છે)આપણે એને **'અખ'** સ્વરૂપે સ્વીકારીએ છીએ. **હવે તમે જ કહો, મૂળે 'અખ' ના અડધા (ખોડા) 'ખ્' ને સગવડ ખાતર આખો 'ખ' ('અખ') લખીએ છીએ તેને કોઇ, ધ્વનિ આભાસથી દોઢ ગણો 'ખ્ખ' (અખ્ખ)લખે તો કેટલું વિચિત્ર ગણાય !** આઠ આનાને દોઢ રૂપિયો ગણીએ એ કેટલી મોટી ભ્રમણા ?

**અખ : શબ્દમૂળની શોધ-વ્યુત્પત્તિ :**

આપણે આપણી નજરને **'અખ'** પર કેન્દ્રિત કરી મૂળ મુદ્દા પર આવીએ. કચ્છીના **'અખ'** જેવા કાનો-માતર વગરના (વ્યંજનની પુનરુક્તિ નથી એ ન ભુલાય !) અમૂલ્ય શબ્દો **'कर्ण, कन्न, કન'** ઇત્યાદીને જન્મ દેનાર પ્રાકૃત કચ્છીની જનની છે ! **અખ, કન, નક** (પ્રાકૃત **नक्क**) જેવા અગણિત શબ્દો કચ્છી અને પ્રાકૃતના આ નાડીસંબંધની સાહેદી પૂરવા હાજર છે !

> **કચ્છીના 'અખ' જેવા કાનો-માતર વગરના અમૂલ્ય શબ્દો 'कर्ण,कन्न,કન' ઇત્યાદીને જન્મ દેનાર પ્રાકૃત કચ્છીની જનની છે !**

**અખ : રૂઢાર્થ :**

**'અખ'** શબ્દની વાત માંડીએ અને 'અખ' વિષેના રૂઢિપ્રયોગોનો ઉલ્લેખ ન કરીએ તે કેમ ચાલે ! કચ્છી ભાષાને એક અમૂલ્ય **રૂઢિપ્રયોગ કોશ** (૨૦૧૯) દેનાર **શ્રી દેવાણંદ ગઢવી** થોડા જ સમય પહેલાં ક્ષરદેહ ત્યાગી અક્ષર થઈ ગયા, એમણે એમના કોશમાં **'અખ'**ના ૧૩૫ પ્રયોગો આપ્યા છે ! જે જોઇને આપણી **'અખ'** ***(આંખ)*** પહોળી ન થાય થઇ જાય તો જ નવાઇ ! આ કોશને જેણે જેણે જોયો છે એમની **'અખ ખુલી'** ગઇ છે. ***(વાસ્તવિકતાની જાણ થઈ છે !)*** એ બધા પ્રયોગોનો આ નાનકડા આલેખમાં ઉલ્લેખ પણ કેવી રીતે થઈ શકે ! પણ **'અખ અચણી'** ***(આંખ આવવી, આંખમાં ચેપ લાગવો)*** કે એ જ અર્થનો પ્રયોગ **'અખ ઉથીણી'** ઉલ્લેખવો, આંખના રોગ સંદર્ભે અનિવાર્ય છે!

### નેણ : 'સૌંદર્યશાસ્ત્રની આંખ'

દરેક શાસ્ત્રની એક આગવી શબ્દલીલા હોય છે, પોતીકી પરિભાષા હોય છે. આપણે જે **'અખ'**ની વાત માંડી બેઠા છીએ તે **'શરીર રચના શાસ્ત્ર'** (Anotomy) ની પરિભાષાનો (અને રોજબરોજની સામાન્ય લોકભાષાનો તો ખરો જ) શબ્દ છે. સૌંદર્યશાસ્ત્રની નજરે એ કઠણ-કઠોર ગણાય. તો જેના ઉચ્ચાર માત્રથી સૌંદર્યબોધ થાય એવો **'અખ'** માટેનો કચ્છી શબ્દ કયો ? આ પ્રશ્ન આજે કોઈને કદાચ વિકટ લાગે કારણ કે ભાષાને ઘસારો લાગતાં, એની શબ્દ વિવિધતા ઘટતાં મૂળ-સ્થૂળ શબ્દો સચવાય અને એના પર્યાયો વિસરાઇ જાય એ સ્વાભાવિક છે. પણ જેના માટે મા-બોલી (માતૃભાષા)નું તળપદાપણું સહજ છે એ તો તરત જ કહી ઉઠશે કે **'અખ જો રૂપારો પર્યાય ત પધરો જ આય !'** ***(આંખનો દેખાતો પર્યાય તો સ્પષ્ટ જ છે !)*** **'નેણ'** !

જો સંસ્કૃત **અક્ષિ** પ્રાકૃત માધ્યમે **'અખ'** બની અવતરે તો **નયન** નું **'નૅણ'** બની કચ્છી બનતાં કેટલીવાર !

### સંવૃત-વિવૃત દ્વિરૂપતા :

**'બાર ગાઉએ બોલી બદલાય'** એ કહેવત કચ્છ જેવા વિશાળ પ્રદેશમાં ઉચ્ચારોની વિવિધતા જરૂર હશે જ એ પ્રત્યે સૂચન કરે છે. સવાલ એ ઉભો થાય છે કે **'નૅણ'** (વિવૃત) છે તો એનું સંવૃત રૂપ **'નેણ'** પણ કચ્છીમાં ખરું ? પ્રાદેશિક કે જ્ઞાતિજન્ય ભાષા પ્રબળતાને કારણે સામાન્ય ભાષક માટે એ સમજવું અઘરું ખરું પણ ભાષાશાસ્ત્રની મોકળાશ **નયન** માંથી **'નૅણ'** થયેલા વિવૃત કચ્છી પર્યાય જોડે સંવૃત **'નેણ'** ની પણ હાજરી જરૂર કબૂલશે. કોશકારે એની નોંધ લેવી જ રહી.

### એકરૂપતાની કેડીએ : કચ્છી ભાષા :

આપણો વિષય શારીરિક **'અખ'** અને એના સંદર્ભના કચ્છી શબ્દોની ચર્ચા છે પણ આપણે કચ્છી ભાષાની પાયાની લાક્ષણિકતાઓ (વ્યંજનની પુનરુક્તિનો અભાવ, વિવ્રતતાનો બાહુલ્ય)ની વાતમાં જ અટવાઈ ગયા ! કચ્છીની આ મૂળભૂત લાક્ષણિકતાઓથી આપણી હજી જોઇએ તેટલા પરિચિત કેમ નથી થયા એની ભૂમિકા સમજવા જેવી છે. ૨૦ લાખ કચ્છીઓની મા બોલી કચ્છી બોલાય છે ભરપૂર. દેશ હોય કે વિદેશ, કચ્છ હોય, મુંબઈ હોય કે આફ્રિકા, સઘળે કચ્છી ઘેર ઘેર ગુંજે છે **પણ એનું લેખિત-મુદ્રિત સ્વરૂપ ખૂબ જ પાંખું છે. પદ્યમાં સૈકાઓથી લખાતી કચ્છી ગદ્યમાં જૂજ જોવા મળે છે.** પરિણામે એની પાયાની લાક્ષણિકતાઓથી અજાણ એના પ્રત્યે અજાગૃત સરેરાશ 'કચ્છી માડૂ' એને મનસ્વી રૂપે લખી કાઢે છે. જોકે સમાજમાં જનસામાન્યમાં મૂળભૂત ઓળખ સમી એ લાક્ષણિકતાઓ પ્રત્યે સજાગતા આવે અને સૌ શુદ્ધિપૂર્વકનું કચ્છી લખવા પ્રેરાય એ માટેના સાક્ષરોના પ્રયત્નો દિવસે દિવસે બળકટ થતા જાય છે. પણ અન્ય ભાષાઓના મુદ્રિત સ્વરૂપથી ટેવાયેલી આંખ સ્વભાષાની વિશેષતાઓને જાગ્રત થઇ પરખે ત્યારે જ પરિવર્તનનું પ્રમાણ ગણનાપાત્ર થાય, એવી પરખ કાંઈ પળમાં થાય ?!

અંગ્રેજીમાં એક કહેવત છે. "Eyes can not see, what mind does not know !" ***(જે વાતથી મન અજાણ હોય એને આંખો નથી જોઇ શકતી.)*** પરિવર્તન-જાગૃતિ માટે સતત એકધારા પુરૂષાર્થની, સંઘબળ પ્રેરિત અનેકમુખી અભિયાનની જરૂર છે. થોડી ધીરજ અને થોડી ખંત અપેક્ષિત પરિણામ લાવશે જ !

### નૅણ-નક : વિસ્તરતી સૌંદર્યબોધકતાઃ

આપણે **'અખ'** ના સૌંદર્યબોધક પર્યાય **'નૅણ'**ને નાણી રહ્યા છીએ. એકલા નૅણ (અખ)થી પ્રગટ થતી સૌંદર્યમયતા અપૂરતી હશે એટલે લોકભાષામાં શબ્દ પ્રગટ થયો હશે **'નૅણ-નક'** ***(નયન અને નાસિકા-નાક)***. કન્યાની પસંદગી કરનારના મોઢે



બોલાતું વાક્ય **'છોરી સામરી આય પ નૅણ-નક લાટ અંઇ !'** કોણે નહિ સાંભળ્યો હોય ? ***(છોકરી શામળી-કાળી (કે ઘઉંવણી) છે પણ નેણ-નાક સુંદર છે !)*** આ વાક્યનો સહજ અર્થ એમાંની સૌંદર્યપ્રસંશા પ્રગટ કરે છે. પણ ભાષાકીય દષ્ટિએ એ સમજવાની જરૂર છે કે ભાષકને જે કહેવું છે તે એક કળામય ઘટના છે કળામયતા માટે સ્થૂળ શબ્દોને રૂપકડા બનાવીને મૂકવા જરૂરી છે. એટલે કોઇ ભાષા પંડિત કે શાસ્ત્રી ન હોવા છતાં અભણ-ગ્રામ્ય પરિવેશમાં ઉછરેલી વ્યક્તિના માઢેથી સ્વયંભૂ સૌંદર્યબોધક શબ્દો સરી પડે છે ! છોકરીનું લાલિત્ય પ્રગટ કરતું લઘુરૂપ છોરી, **'કાળી'નું કૃષ્ણમયતાસૂચક 'સામરી'** અને અખનું પોત ભલે સાદું કેમ ન હોય ? સાંદર્ભિક ભૂમિકા પ્રમાણે એનું શબ્દગૂંથણ એને પ્રત્યાયનની ઉચ્ચતાએ લઇ જાય છે !

### 'અખ'ની રચનાનાં શબ્દાંકુરો પહેલાંઃ

મેહવર્ષા પછી અંકુરિત થનાર ધરતીની જેમ નાનકડી **'અખ'**માંથી પ્રગટતા શબ્દાંકુરોની વાત આપણે આગળ માંડશું, અહિં તો માત્ર પૂર્વભૂમિકારૂપ **'અખ'** શબ્દની ધરતીને આપણે જરાક ખેડી જોઇ છે ! **'અખ-નૅણ'** ના લક્ષણાત્મક (Signature) અર્થઘટનની વાત **'ચક્ષુરચના'**ના વિષય વ્યાપની બહારની હોઇ અહિં આપણે માત્ર 'અખ'ના શારીરિક અર્થ - અભિધાત્મક સંદર્ભની ચર્ચા કરી આ આલેખનને વિરામ દઇશું. !

### પનપટી મુખવાસ :

કચ્છી ભાષાના લાઘવના પ્રતિબિંબ સમી કહેવત છે **'નૅણ ત સૅણ'** ***(આંખો છે તો સૌ સ્નેહીજનો છે !)*** શરીરના અંગોપાંગમાં સાવ નાની દેખાતી આંખનું મહત્વ પ્રગટ કરતી આ કહેવત કહે છે તેમ આંખ છે તો સંસારના સઘળા સ્નેહસંબંધનો આનંદ માણી શકાય છે. **આંખે આંધળા સામે સૅણ-સ્નેહી-સગું બેઠું હોય તો એની હાજરીને ક્યાંથી માણી શકાય ?!** આંખો વિના અજવાળું હોય કે ન હોય શો ફરક !

ડૉ. વિસન નાગડા, મોઃ 9820456899

વિનુભાઇ ડી. ગજ્જર



# તીર્થભૂમિ ભુજ નગર

## કચ્છના પાટનગર ભુજે ઉજવી તેની ૪૭૫મી વર્ષગાંઠ

આ ભૂમિ પર પાટનગરની સ્થાપના પૂર્વે અહીં **હમીરાઇ નામની તળાવડી** હતી. અહીં હમીર નામનાં રબારી પોતાના પશુધનને ચરાવવા આવતાં અને તેમને પાણી પાવા માટે અહીં ખોદીને ધીમેધીમે વિસ્તારી હતી. આ તળાવડીની પશ્ચિમે **રાવશ્રી ખેંગારજી પહેલાએ (૧૫૧૦-૧૫૭૬) વિ.સં.૧૬૦૫ના માગસર સુદ-૫ ને શુક્રવારે દરબારગઢમાં વિસ્તારમાં રાજમહેલનું તોરણ બાંધીને પાટનગર ભુજની સ્થાપના કરી.** રાજમહેલ ફરતો વિશાળ પશ્ચિમ પાળે હાલ પાળેશ્વર ચોક તરીકે ઓળખાતી જગ્યાએ ભુજની સ્થાપના પૂર્વે ગોસ્વામીનો અખાડો હતો. જેમાં શ્રી મહાકાલેશ્વર મહાદેવનું મંદિર હતું તથા સાંઇ ઝિંદાનો કુબો હતો એવું ઇતિહાસમાં નોંધાયું છે.

દરબાર ગઢની આસપાસ અંગરક્ષકો, ચાકર સેવકો, ભુદેવો, મલ્લો, કારીગર વર્ગના લોકો તથા વેપારી વર્ગની કોમોને વસાવવામાં આવેલી. **દરબાર ગઢની પૂર્વે જૈનોનો વસવાટ હતો, તેની નજીક જૈન ગોરજીની પોશાળ હતી.**

દરબાર ગઢની પૂર્વમાં બજાર બની હતી. તેની વચ્ચે શિરોમણી રાયજીનું મંદિર બન્યું હતું તથા **આગળ લોહાણા, સોની, કંસારા** વગેરેને વસાવવામાં આવેલ હતા.

ભુજ નગરનો વિસ્તાર નિર્જન હતો. ફતેમામદના ખોરડાવાળો વિસ્તાર ખૂબ જ સૂનો અને વેરાન હતો, તળાવ શેરીવાળા વિસ્તારમાં નાની તળાવડી હતી તથા અન્યત્ર વેરાન વિસ્તાર હતો. પાટનગર વસ્યું ત્યારે ખૂબ નાનો વિસ્તાર હતો.

**ભુજની સ્થાપનાને ગત માગસર મહિનામાં ૪૭૫ વર્ષ પુરા થઇ ગયા. આ સંદર્ભે વિનુભાઇ ગજ્જર દ્વારા લખાયેલ ભુજ વીષેનો એક લેખ અમારા ખજાનામાં વરસોથી સુમેળ અવસરની રાહ જોઇ રહ્યો હતો. પોણા પાંચસો વર્ષની ઉજવણીના ભાગરૂપે આ લેખને અત્રે પ્રકાશિત કરી લેખકને યાદ કરીએ.**

સંવત ૧૮૬૩માં રાજ્યના દિવાન શ્રી જગજીવન વેણીરામ મહેતાએ **હાટકેશ્વર મહાદેવનું શિવાલય** બંધાવેલ જેના કમાડ ચાંદીના છે, તે આજે ૨૧૭ વર્ષ પુરાણું છે. બાજુમાં જ **અંબાજી માતાનું મંદિર** પણ છે.

દરબારગઢની નજીક પશ્ચિમ તરફ પંચહટડીમાં **કચ્છના કુળદેવી મા આશાપુરાનું સ્થાનક** બનાવવામાં આવેલ છે જે રાવશ્રી ખેંગારજી પહેલાના વખતનું છે તથા વૈષ્ણવ સમુદાયના લોકો એ પણ તે વિસ્તારમાં હવેલીની સ્થાપના કરી હતી. જૈનોએ પણ દરબારગઢની પૂર્વે બજારની માંગણી કરી અને ત્યાં વિ.સં. ૧૬૬૩માં **શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીનું દેરાસર** બનાવ્યું. ત્યારબાદ તેની આસપાસ વિવિધ જૈન ગચ્છોના અલગ-અલગ અપાસરા (ઉપાશ્રય) બંધાવેલ અને તેની આસપાસ જૈનોએ વસવાટ કર્યો. આમ તે વિસ્તારમાં વસતા જૈનો-વૈષ્ણવોને કારણે વાણીયાવાડ વિસ્તાર બન્યો અને તે વિસ્તારમાં મોટા દરવાજા સાથે આરક્ષીત થયેલ વસવાટને **વાણીયાનો ડેલો** કહેવામાં આવ્યો. તેની અંદર શ્રી પાર્શ્વનાથજીનું મનમોહક દેરાસર ઉપરાંત શ્રી આદેશ્વર દાદા તથા શ્રી શાંતિનાથજી જિનાલય પણ છે આમ આ વિસ્તારમાં જૈનો માટે એક સુંદર સંસ્થાન બની ગયેલ છે.

ભુજની મુખ્ય બજારમાં જૂની શાક મારકેટ પહેલા રાવશ્રી ભારમલજીના વખતનું (સને ૧૫૮૬-૧૬૩૨) **(સુવર્ણરાયજી કે) શિરોમણીરાયજીનું** મંદિર છે જ્યાં વિષ્ણુ ભગવાનની મૂર્તિ છે. ભુકંપમાં મંદિરને વ્યાપક નુકશાન થયેલ. આ મંદિરથી આગળ (પોલીસ) ચોકી સ્થાન છે જેને **ચાવડી** કહેવામાં આવે છે તેથી



હાટકેશ્વર મહાદેવ



મા આશાપુરા

આગળ બજારમાં મિનારા મસ્જીદ બનેલ અને કાળક્રમે બજાર તથા નાગરિકોનો વિસ્તાર વધતો ગયો હતો. લોહાણા વર્ગના લોકોએ ચોકફળીયા વિસ્તારમાં **શ્રી દરિયાલાલજીનું સ્થાનક** બનાવ્યું. સુશિક્ષીત અને વહીવટ કુશળ કોમો નાગરો અને વૈષ્ણવ વાણીયા માંડલીયા વગેરે દરબારગઢની દક્ષિણ પૂર્વે વસ્યા. નાગર-ચકલાના નામથી ઓળખાતા વિસ્તારની પાસે કચ્છના આદ્યસંત **શ્રી મેકણદાદાનું મંદિર** આવેલ છે. મેકણદાદાને રાવશ્રી દેશળજી પહેલા ગુરૂ માનતા તેમના વખતમાં આ મંદિર બનેલ છે મંદિરના પરિસરમાં અન્ય દેવી-દેવતાઓની મૂર્તિઓ પણ આવેલ છે.

અહીંથી આગળ કશું નહોતું. મુસ્લીમ સમુદાયનો વસવાટ ડાંડાબજાર આસપાસ થયો અને ભીડ સુધી ઉત્તર પૂર્વમાં પ્રસર્યો. ડાંડાબજારમાં લાકડા (ડાંડર) વેચવામાં આવતા તેથી નામ ડાંડાબજાર પડેલ એમ કહેવાય છે. એની આસપાસ ખત્રીઓ તથા વોરાઓની દુકાનો તથા રહેઠાણો થયા. આમ ધીમે ધીમે ભુજનો વિકાસ થતો રહ્યો અને જે તે કોમના આસ્થા સ્થાનો બનતા ગયા.

પાટનગરને આક્રમણોથી સુરક્ષિત કરવા રાવશ્રી ગોડજીના વખતમાં જેનું બાંધકામ શરૂ થયેલ અને રાવશ્રી દેશળજી પહેલાના સમયમાં જે પૂર્ણ થયેલ તે ભુજ નગર ફરતે કિલ્લો **આલમપન્નાહ ગઢ** બનાવવામાં આવ્યો. જે વિ.સં. ૧૭૭૯માં બન્યો. વિ.સં. ૧૮૦૫માં ભુજની સ્થાપનાને ૨૦૦ વર્ષ થતા હોઇ તેની ઉજવણીના ભાગરૂપે કિલ્લાની પૂર્વે દિશાએ દેશલસર તળાવ બનાવવામાં આવ્યું. આ તળાવ કિનારે શિવરામંડપ સ્થાનક નિર્માણ થયું. **દેશલસર તળાવ તથા શિવરામંડપ** બન્નેનું ભર્યું (વાસ્તુ) વિ.સં.૧૮૦૫માં વૈશાખ સુદ પાંચમને શુક્રવારે કરવામાં આવ્યું. શિવરામંડપમાં શ્રી નકલંકજીની (નિલકંઠની) સ્થાપના કરવામાં આવી. શિવ અને રા (રાવ)ના સંયુક્ત બેસણા રૂપે આ સ્થાનને **શિવરામંડપ** નામાભિધાન થયું. આ વખતે થયેલ ઉત્સવમાં મોટી સંખ્યામાં સાધુ-સંતો પધાર્યા હતા.

આ સમયમાં રાવશ્રી દેશળજીના વાઘેલા રાણી અ.સૌ. માનકુંવરબાએ ભુજમાં ઉપલી પાળે **શ્રી દ્વારકાધિશનું મંદિર** કરાવેલ જે ૨૫૦થી વધુ વર્ષનું હતું. ભુકંપમાં ઇ.સ. ૨૦૦૧માં ધ્વંસ થતાં તેનું પુનઃનિર્માણ થયેલ છે. શ્રી સહજાનંદ સ્વામી-શ્રી સ્વામીનારાયણ ભગવાનના સ્વહસ્તે દરબારગઢની દક્ષિણે વિ.સં. ૧૮૭૯માં શ્રી નરનારાયણ દેવની મૂર્તિની પ્રતિષ્ઠા કરીને કલાત્મક નૂતન **સ્વામીનારાયણ મંદિર** બનાવવામાં આવ્યું. જે જોવાલાયક છે અને ભુજના ગૌરવરૂપ છે. કિલ્લાની અંદરનું જુનું મંદિર જિર્ણોદ્ધાર કરી કલા કારીગરી સાથે જાળવી રાખેલ છે જ્યારે ભુકંપ બાદ ભવ્યાતિભવ્ય નવું મંદિર કોલેજ રોડ પર નિર્માણ થયેલ છે.

ભુજની સ્થાપના પહેલાંના મંદિરોમાં મોઢ ફળિયામાં આવેલ **શ્રી રામેશ્વર મહાદેવનું મંદિર** હતું. **શ્રી રઘુનાથજીનું મંદિર** સંવત ૧૬૦૦ની સાલનું છે. ભીડનાકા બહાર આવેલ **ડાંડીતાળા (દાંડીવારા)** હનુમાનજીનું મંદિર ૫૫૦ વર્ષ જુનું છે જેને કચ્છ રાજ્ય તરફથી બંધાવવામાં આવેલ છે જેમાં શ્રી હનુમાનજીની ૮



આલમપન્નાહ ગઢ



સ્વામીનારાયણ મંદિર




ફુટ ઉંચી મૂર્તિ છે. આ ઉપરાંત ખાખચોક નામે આવેલ જગ્યા ૩૦૦ વર્ષથી વધુ પુરાણી છે. અહીંનું મંદિર સને ૧૮૩૨માં બંધાવેલ છે જેમાં પણ હનુમાનની મોટી મૂર્તિ છે અને તેની આગળ મ્યુઝિયમના મકાનને અડીને **ધિંગેશ્વર મહાદેવનું મંદિર** છે. તેની નજીકમાં જ **કલ્યાણેશ્વર મહાદેવ મંદિર** છે જેને રાવશ્રી ભારમલજીના સાળા કલ્યાણસંગજીએ બંધાવેલ છે.તેની બાજુમાં **જાગનાથ મહાદેવનું જાગેશ્વર મંદિર** અને લક્ષ્મીદાસ કામદારે બંધાવેલ **ભીમનાથમહાદેવ**નું મંદિર વિગેરે શિવાલયો છે. જેમાં ભુજની ભૂસપાટીથી નીચા શિવલીંગો તેમની પ્રાચિન હોવાની પ્રતિતિ કરાવે છે.

કિલ્લાની દક્ષિણ પૂર્વે **પડદાભીટ હનુમાનજી**નું મંદિર છે જેમાંની મૂર્તિ વિ.સં.૧૮૬૧ કાર્તિક સુદ-૧૧ના જમીનમાંથી હનુમાનની મૂર્તિ છે. ધીંગેશ્વર મહાદેવની નજીકમાં ડુંગરામાંથી કોતરેલ એવી કૈલાશ ગુફા આવેલી છે જે બૌધો અને જૈનોની ગુફાઓની ઝાંખી કરાવે છે. તેમાં ૫૦૦થી વધુ વર્ષ જુનો ધુણો છે જેમાં નાગાપંથના સંન્યાસીઓનો વસવાટ હતો અને હજુ છે. તેમાં શ્રી મોમાય માતાજીનું સ્થાન પણ છે. પાછળથી ત્યાં શિવજી પધરાવેલ છે. હાલના ઘનશ્યામનગર તરફથી જવાય છે.

મહાદેવ નાકાની અંદર કિલ્લાના ખૂણામાં **મહમદ પંજા (પન્નાહ)ની મસ્જીદ** કિલ્લા પૂર્વેની લાગે છે તથા ભુકંપમાં ક્ષતિગ્રસ્ત થયેલ હતી.

હવે આપણે પાટનગરના **આલમપન્નાહ ગઢ** (કિલ્લા)ની થોડી વિગત જોઇએ. રાવશ્રી દેશળજીએ ભુજનો કિલ્લો બનાવતા પહેલાં તેના સ્થાપતિઓએ દિલ્હી, આગ્રા, બિકાનેર તથા જેસલમેર જેવા ભારતના અભેદ્ય કિલ્લાઓનું નિરીક્ષણ કરી ભુજના અભેદ્ય ગઢ રચાવેલ આ કિલ્લામાં માનવ શરીરમાં ૧૦ પ્રવેશદ્વારો જેવા પ્રવેશદ્વારો અને મધ્યમાં શરીરના નિયંત્રણ માટે રહેલા હૃદય સમી ચાવડી નિર્માણ થયેલ છે. એના વિશે ચારણોએ દુહો બનાવી પાટનગર ભુજની ઓળખને પ્રચલિત કરી હતી. જે આ પ્રમાણે છે.

**'અઢી કાંગરા, એક કટારી, પાંચનાકા, છઠી બારી,**
**ત્રણ આરા, ચોથી પાવડી બજાર વચે કુરી ચાવડી.'**

**અઢી કાંગરા** મહમદપન્નાહ મસ્જીદની પૂર્વે કિલ્લામાં હતા જે ભાગ તોડી પાડવામાં આવ્યો છે. **એક કટારી** જે મહાદેવના નાકામાં પથ્થરની કોતરેલ શક્તિના પ્રતિકરૂપ છે. **પાંચનાકામાં** મહાદેવનું નાકું વાણીયાવાડ, ભીડ, રસપટ અને પાટવાડી નાકું, **ત્રણ આરામાં** રઘુનાથજી આરો, ઝંડાશાનો આરો (પાળેશ્વરમાં) જે ભૂકંપમાં ધ્વંસ થયેલ છે અને ભોઇવાળો આરો તથા પાળેશ્વર અને પંચહટડી વચ્ચે તળાવની પાળનું વચ્ચો વચ્ચ પુરૂષો માટેનો સ્નાનઘાટ **(પાવડી)** બનાવવામાં આવેલ છે આરાઓ સ્ત્રીઓ માટે બનાવવામાં આવેલ. **છઠીબારી** પણ તોડી પાડવામાં આવેલ છે જે મહાદેવ અને વાણીયાવાડ નાકાઓ વચ્ચેના ગઢમાં હતી. **આમ કિલ્લામાં ૧૦ પ્રવેશદ્વારો હતા.**

ભુજ શહેરની બહાર સેલોર વાવો બનાવવામાં આવેલી, જેમાં પગથીયાથી ઉતરી જળસપાટી સુધી જવાતું. એ રીતે શહેર બહાર વટેમાર્ગુઓ અને પ્રવાસીઓની સગવડ માટે બનાવવામાં આવેલ.

ચાળીસેક વર્ષ પહેલાં ભુજના જિજ્ઞાસુ લોકોએ ભુજના આસ્થા સ્થાનો અને મંદિર મસ્જીદોની જે નોંધ કરેલ તે પ્રમાણે શહેરની અંદર બહાર મળીને નીચે પ્રમાણેના સ્થાનો જોવા મળેલ (૧) મંદિરો-૮૭, (૨) મસ્જિદો-૬૫, (૩) દરગાહો-૨૭, (૪) જૈન દેરાસર ઉપાશ્રયો-૬, (૫) ઇદગાહો-૪, (૬) ખ્રિસ્તી દેવળો (ચર્ચ)-૨, (૭) ગુરૂદ્વારા-૧, (૮) પારસી અગીયારી-૧. આમ તેમના ધ્યાને કુલ ૧૮૩ જેટલા સ્થાનો હતા.

ત્યારબાદ કિલ્લા બહાર નવી સોસાયટીઓ થઇ, ભૂકંપમાં રીલોકેશન સાઇટો થઇ. આ બધામાં વિવિધ મંદિરો થયા છે. અત્યારે તો આ સંખ્યા ઘણી વધી ગઇ છે.

જે પૈકી શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન, બીપ્સના નવા મંદિરો તેમજ શ્રી જલારામ, શ્રી સંતોષી મા, શ્રી સાંઇબાબા, શ્રી ગાયત્રી માતા, શ્રી વિશ્વકર્માજી વિ. અગાઉ નહોતા એવા મંદિરો પણ નવા નવા સ્થાપાયા છે.

સ્થળ સંકોચને કારણે બધા સ્થાનો અહીં સમાવવા મુશ્કેલ છે. આમ ઘણાં દેવસ્થાનો રહી ગયા હશે પણ આ ટાંકણે આપણા લાડીલા ભુજ નગરના સાંસ્કૃતિક આધ્યાત્મિક વારસાને યાદ કરી નગરને તથા નગરજનોને વંદન સાથે અભિનંદન પાઠવીએ. માત્ર કિલ્લામાં જ મર્યાદિત ન રહેતા કુદકે ને ભુસકે વિકસતા આ નગરનો વિસ્તાર અત્યારે ૬૫ વર્ગ કિલોમીટરથી પર વધવા લાગ્યો છે હજુ ઉત્તરોત્તર વિકાસ થતો રહે એવી શુભેચ્છા.

અત્રે આપેલ વિગતમાં કાંઇ, ક્ષતિ, શરતચૂક કે કાંઇ રહી ગયું હોય તો દરગુજર કરવા વિનંતી સાથે ક્ષમા યાચના છે.

**(સંદર્ભઃ દુલેરાય કારાણી કૃત કચ્છ કળાધરો, દિલસુખરાય અંતાણી કૃત ભુજ દર્શન, શ્રી સ્વામીનારાયણ નૂતન મંદિર સ્મૃતિગ્રંથ, પ્રચલિત લોક વાયકાઓ તેમજ ભુજનાં વિવિધ નાગરિકો પાસેથી મળેલ જાણકારી વિ.)**



www.rmkfoods.com
સ્વાદ અને સુગંધનું અજોડ નજરાણું
જુની જાણીતી અને સર્વેની માનીતી
SINCE 1900
લક્ષ્મી ®
સંયુક્ત હિંગ
લક્ષ્મી ®
डीलक्ष
पावडर
संयुक्त हिंग
स्थालिस वजन : १०० ग्रा
સર્વત્ર ઉપલબ્ધ
મસાલા અને અથાણાં માટે
ખાસ પાવડર અને ખડા
ઉત્પાદકઃ આર. એમ. કાનાણી એન્ડ કંું.
સી/૨૬, સરદાર એસ્ટેટ, અજવા રોડ, વડોદરા - ૩૯૦૦૧૯
☎ (૦૨૬૫) ૨૫૬૦૦૮૭, +૯૧ ૬૩૫૨-૨૮૨૦૭૦
આર. એમ. કે. એસોસિએટ્સ
૪૦૪-એ, દામજી શામજી ટ્રેડ સેંટર, વિધાવિહાર (પશ્ચિમ),
સ્ટેશન નજીક, મુંબઈ - ૪૦૦ ૦૮૬. ☎ (૦૨૨) ૨૫૧૨ ૪૫૯૨, +૯૧ ૯૧૬૭૬




With Best Compliments from
Khushal Gada
Mob: 9426591024
VAISSHALI
Saree's Centre
(A.C.Show Room)
House of Exclusive Sarees
RAOPURA, VADODARA - 390001. ✆ : 0265 - 242 97 78



# કચડ઼ો જાડ઼ જીં વાર્યો તીં વરે ...

## બોરો ચાગ કરે સેં છુકરો કીં ફિટે તેંજી હી ચોવક ન્યારીયું.

હિકડ઼ી મા કે કઇક માનતા ને બાધાઓં પોય ભગવાન પુતર ડિને હુવે. પુતર ઇતરો ચાગલો હુવો કે પુતર પાણી મડે મા ઇનકે ડૂધ ડે. મા જે મન પુતર ડેવ જિડ઼ો હુવો. પુતર જી વિડ઼જી ગાલીયું સજે ગામ મેં થીન્યું હુઇયું. ઇનજે પુતરજે વંડ કઢંધલ ને પુતરજે અપલખણજી રાવ ખણી અચીંધલ ઇનકે મિડ઼ે ધુસમણ જિડ઼ા લગાતે.

પુતરાજો વડ વતાયેલા અચેત અચીંધે વાર ઉનજી ખિટ ખણી વિજે. મુંજે પુતરજી આંકે બરતરા આય ઇતરે ઇનકે કુટ ખારાયેલા અચેંતા. ચાગમેં ને ચાગમેં પુતર જા લખણ ફિટેંતા તેંજી ઇનકે પૈ ન હુઈ.

પુતર કે નીસારમેં ભણેલા રખેં ઉત કેંકજી સીસ પેન ચુરેં. મા વટે રાવ આવઇ. 'આંજો પુતર મુંજી સીસપેન ચુરેં.'

મા ત્રડઇ 'મૂંજો પુતર તોજી સીસ પેન કુલા ગિને? હિકડ઼ી ચે તાં એકઇ ગિની ડિંધલ આંઉ અઆત જીરી વિઠી અંઇયા સમજેં?' મા જે હિડ઼ે ઉપરાણેં સે પુતરજા લખણ ફિટા. નીસાર મેં પ ઇનજી ધીંગામસ્તી ચાલુ જ રઇ.

હિકયાર મસ્તી કરીંધે માસ્તર જે હથમેં જલાણું. માસ્તર ધિક બુસટ કરે ઇનકે બાંકડે તેં ઊભો રખ્યોં. ઇતરે ઇતાં સામુ થ્યો. માસ્તર નીસાર મ્યાં ઇનકે કઢી વિધોં. પુતર રૂંધે રૂંધે ઘરેં આયો.

પુતર કે રૂંધો ડિસીને મા તાં ખારી થૈ ને વઇ માસ્તર વટે ને ચેં 'મુંજે પુતર કે વંગ વિગર કુટયો તાં સે મુંજો પુતર વધારે જો નાંય સમજ્યા ? આ જિડ઼ે ધુસમણેંજી વિચ્ચ મેં ઇનકે નઇ ભણાંઇયાં. ભલે મુંજો પુતર અભણ રે.'

હાણેં ઇનકે તાં મજા થી પૈ, 'નિવરો માડુ નિખોધ વારે' તીં ઇ પ ઊંધા કમ ચાલુ રખેં. ડીયેં તે પુતર જુવાણ થ્યો. ઉધરલ કે જુવાણૈ જો રંગ લગો. ઇં ઉખડ઼લ થીંધો વ્યો.

ચોવક આય **'જાડ઼ કચડ઼ો હુવે તે ર જીં વાર્યો તીં વરે'** પ હાણેં તાં હી થુડ઼ થ્યો હુવો. ગામ સજો ઇનમ્યાં વિરચી યોં હુવો.

હિકડ઼ો ડીં ચુરી કેલા ઇ હિકડ઼ે ઘરમેં વ્યો. ઘરમેં મિડ઼ે ભર નિંધર મેં હુવા. અંધારે મેં ઠામણે મેં હથ પ્યો ને ઠામણેં જે અવાજ સેં ઘરવારા ઉથી પ્યા. ઘરધણી ઇનકે જલેલા સટ કઢે.

પિંઢકે ભચાયેલા ઇનજે હથ મેં છુરી હુઇ સે ઉનજે પેટ મેં હણી છડેં. ઘરધણીજા રામ રમી વ્યા. પ ઇ જલજી વ્યો. જલીંધલ ઇનકે સુઞણી વ્યો ને ચ્યોં 'ઇતાં ઇજ ચાગલો પુતર...'

ઇનકે કેસ મેં ફાંસીજી સજા થૈ. મરે જે ધ્રાસે ઇંનજી બુધી મેં ખાસા વીચાર અચણ લગા. હેડ઼ો કીં થ્યો? ઇનકે ઇનજી મા સંભરઇ. જડેં આઉં અસધાઇ મેં હુવો સેં તેર મુંજી મા મૂંકે વારેં હુવે ત અજ ફાંસી તે ચડેજો વખત ન આયો હુવો. મા જા લાડ-ચાગ અજ ઇનકે જેર જેડ઼ા લગા.

ફાંસીજી સજા ટાણેં ઇનકેં છેલી મરજી પુછે મેં આવઇ તડેં ઇન ચેં, 'મુંજી મા કે મિલણું આય.'

રૂંધી રૂંધી મા આવઇ. ઇન મા જે નક કે ચક વિધેં ને નક કપિ વિધેં. મા ચીસ વિજીને ઢકરજી વઇ.

ફાંસી ડીંધલ ચેં 'મરે ટાણેં તોજી મા જા હી હાલ કે?'

'મુંજી મા જ મૂંકે હિન હાલત મેં ખણી વઇ આય. આઉં નિંઢો હુવો સેં તેરથી મુંજા વડ મુંજી મા ઢકીંધી આવઇ તે. તેર મુંકે વારેં હુવેં ત અજ મુંકે ફાંસી તે ચડેજો વારો ન આયો હુવો.'

ઇનકે ફાંસી ડિનેમેં આવઇ. ઇનજી મા પ મરી વઇ.

વિવેક વિગરજા ચાગ જા કેડ઼ા પરીણામ થીયેંતા ! છુકરો સંસ્કારી થીએ તેંલા નિંઢપણથી સંસ્કાર જો સબક ડિનેજી જરૂર આય.

## ભાવાર્થઃ કુમળુ ઝાડ જેમ વાળીએ તેમ વળે !

**બહુ લાડ કરવાથી બાળક કેમ બગડે**, તેની આ કહેવત જોઇએ.

એક માતાને ઘણી માનતાઓ ને બાધાઓ પછી ભગવાને દીકરો દીધો. દીકરો એવો લાડકો હતો કે તે પાણી માંગે તો મા એને દૂધ આપે. માતાને મન દીકરો દેવ જેવો હતો. દીકરાના મસ્તી તોફાનની વાતો આખા ગામમાં થતી હતી. એના દીકરાનો વાંક કાઢનાર અને પુત્રના અપલક્ષણની ફરિયાદ લઇ આવનાર એને બધા દુશ્મન જેવા લાગતાં.

દીકરાનો વાંક દેખાડવા કોઇ આવે તો આવતા વેંત એનો ઉધડો લઇ નાખે. 'મારા દીકરાની તમને બળતરા છે એટલે એને માર ખવડાવવા આવો છો.' લાડમાં દીકરાના લક્ષણ બગડતા તેની એને પડી ન હતી.

દીકરાને શાળામાં ભણવા મૂક્યો. ત્યાં કોઇની પેન્સીલ ચોરી. મા પાસે ફરિયાદ આવી. 'તમારા દીકરાએ મારી પેન્સીલ ચોરી.

તો મા તાડૂકી ઉઠી 'મારો દીકરો તારી પેન્સીલ શા માટે ચોરે ? એક કહેતાં એકવીસ લાવી આપનાર હું હજી જીવતી બેઠી છું સમજ્યો?' માના આવા ઉપરાણાથી દીકરાના સંસ્કાર બગડ્યાં.

શાળામાં પણ તોફાન–મસ્તી ચાલુ જ રહી. એકવાર મસ્તી કરતા શિક્ષકનાં હાથમાં સપડાયો. શિક્ષકે ધોલધપાટ કરી એને બાંકડા પર ઊભો રાખ્યો. એટલે એ તો સામો થયો. શિક્ષકે શાળામાંથી એને કાઢી મૂક્યો.

દીકરો રડતો રડતો ઘરે આવ્યો. દીકરાને રડતો જોઇ માતા ગુસ્સે થઇને શિક્ષક પાસે ગઇને કહ્યું,'મારા દીકરાને વગર વાંકે માર્યો તે કાંઇ મારો દીકરો વધારાનો નથી સમજ્યા ? તમારા જેવા દુશ્મનોની વચ્ચે એને નહીં ભણાવું. ભલે મારો દીકરો અભણ રહે.'

હવે તો એને મજા પડી ગઇ.'નવરો માણસ નખ્ખોદ વાળે.' તેમ એણે પણ અવળા કામો ચાલુ રાખ્યા. દિવસો વિતતા દીકરો યુવાન થયો. સંસ્કાર વિહીનને યુવાનીનો રંગ લાગ્યો અને સંસ્કારે ભ્રષ્ટ થતો ગયો.

કહેવત છે કે **'ઝાડ કુમળું હોય ત્યારે જેમ વાળો તેમ વળે.'** પણ હવે તો એ જાડું થડ થઇ ગયું હતું. ગામ આખું એનાથી ત્રાસી ગયું હતું.

એક દિવસ ચોરી કરવા એક ઘરમાં ઘુસ્યો. બધા ઘસઘસાટ ઊંઘમાં હતાં. અંધારામાં વાસણોને હાથ લાગતાં વાસણોના ખખડાટથી ઘરવાળાં જાગી ગયા. ઘરધણી એને પકડવા પાછળ દોડયો.

પોતાને બચાવવા એના હાથમાં રાખેલું ચપ્પુ પેલાના પેટમાં હુલાવી દીધું. ઘરધણીનાં રામ રમી ગયા. પણ એ પકડાઇ ગયો. પકડનારા એને ઓળખી ગયા ને કહ્યું,'આ તો એ જ માનો લાડકવાયો દીકરો.'

કેસ ચાલ્યો ને ફાંસીની સજા થઇ. મૃત્યુના ભયથી એની બુદ્ધિમાં સવળા વિચાર આવવા લાગ્યા. 'આવું કેમ થયું ?' એને એની મા યાદ આવી, જ્યારે હું બાળક બુદ્ધિ હતો ત્યારે મારી માએ મને વાળ્યો હોત તો આજે ફાંસીએ ચડવાનો વખત ન આવ્યો હોત. માના લાડ એને ઝેર જેવા લાગવા મંડ્યા.

ફાંસીની સજા પહેલા અંતિમ ઇચ્છા પૂછવામાં આવી. ત્યારે એણે કહ્યું, 'મારી માને મળવું છે.'

રડતી રડતી મા આવી. એણે માના નાકને બચકું ભરીને નાક કરડી ખાધું. માતા ચીસ નાખી, બેભાન થઇ, ઢળી પડી. ફાંસી આપનારે પૂછ્યું,'મરતી વખતે તારી માની આવી હાલત કરી?'

'મારી મા જ મને આ હાલતમાં લઇ આવી છે. હું નાનો હતો ત્યારે મારા ગુના મારી માતા ઢાંકતી આવતી. ત્યારે મને વાળ્યો હોત તો આજે મને ફાંસીએ ચડવાનો વખત ન આવ્યો હોત.'

એને ફાંસી આપવામાં આવી. એની મા પણ મૃત્યુ પામી. વિવેક વિનાના લાડના કેવા પરિણામ આવે છે ?

બાળક સંસ્કારી થાય તે માટે બાળપણથી સંસ્કારોની શીખામણ આપવી જરૂરી છે.

લેખક : અરવિંદ ડી. રાજગોર, મોઃ 9987965798


With Best Compliments From :
Nisarg Kirankumar Shah
Mob: 84600 62725 / 93762 19325
Silver Hosiery
Authorised Distributors of :
one8
Softline LEGGINGS & OUTERWEAR
RUPA FRONTLINE PREMIUM INNERWEAR
VAN HEUSEN WOMAN
EURO
Wholesaler & Retailers of :
• All Types Of Undergarments
• Softline Leggings & Pants
• T-Shirts • Bermudas • Capri • Socks
• Track Suits • Treggings & Jeggings
Arihant Niwas, Opp. Jain Temple, Kothi Pole,
Opp. Oriental Bank, Raopura, Vadodara- 390001

# ચૂડેલ !!!



હીકીસો થેઓ તેંકે ચારીયારો વરેં થઇ વ્યા હુંધા. તેની અસીં અસાજે ગામ મેં રોંધા વા, અસાજો ગામ મડઈ તાલુકે મેં હો. તેની મૂંજા છોકરા હિકડ઼ો પંજ અને બેઓ અઠ વરેં જા વો. અસાજેગામ મેં ઘણે બસું અચ વન કઇંયે, પણ છેલી બસ ભુજનું સાંજ જો સાડા સતેં અસાંજે ગામ મેં અચે ને બે ડીં ઉગે જો સાડા છ વગેં પાછી ભુજ વિએ. રાત જો અસાંજે ગામ મેં રોકાજે. હિન બસ મેં ડ્રાઇવર મારાજ ને કંડકટર કાસુ કરે નેં લગભગ રોજ નકી જ વા.

અસીં હટ ભજાર કરેલાય મડઇ જ વિઓ. હિકડ઼ો ડીં આંઉ મડઇનું માલ ગની ને બપોરો બ વગે ઘરેં આયો તાં મૂંજે ઘરજે ડેલી, ઓસરી જે ધરવાજે તેં નેં અઞણમેં ખારે નિમ જા વડા વડા જુમખા બધલ હુવા.

મૂંકે નવાઇ લગી ! ઘરમેં અચીને છોકરેં કે પુછ્યો, ‘હી મિડ઼ે કુરો આય ?’ તાં છોકરેં ચ્યોં, ‘ભા ! (ઘરમેં મૂંકે મિડ઼ે ‘ભા’ ચેં.) આંકે ખબર નાંય ? અજ સાંજ જો પાંજે ગામમેં ‘ચુડેલું’ અચે વારીયું અંઇ !’

‘ચર્યા થઇ વ્યા અયો ? ચુડેલું કુરો નિયાપો હલાઇને અચેંતીયું ?’

‘હા ! ભા, અંઇ ગામમેં પુછા કયો તાં ખબર પોંધી; વાવડ઼ આયા અંઇ ક સાંજી જો સાડા સતે વારી બસ જુકો ભુજનું અચેતી તેમેં ચુડેલું અચીંધીયું.’

મૂંકે નવાઇ લગી. જમી કરેને ગામમેં વ્યો તાં સચઇ મિણીં જે ઘર મથે ખારો નમ બધલ વો. ગામમેં કો ઘર કોરો ન વો ! પુછા કઇંધે ખબર પઇ ક વાવડ઼ આયા અંઇ ક ભુજવારી બસ મેં ચુડેલું અચીંધીયું ! સજે ગંજે મેં હિકડ઼ી જ ગાલ થઇ તે ક સાંજ જો ચુડેલું અચીંધીયું !

બસ ટેસન તેં વ્યો તાં બસ ટેસન તેં પેલી બાવાજી જી ચાય જી હૉટલ હુઇ. બાવાજી મુડ઼સાઇ સે મૂછ મેં હથ વિજીનેં ચ્યોંતે ભલેં ચુડેલું અચેં. આઉંપણ ન્યારીયાં મૂંકે કુરો કરીયેતીયું ? રોજ ભુજવારી બસ અચે પોય બાવાજી હૉટલ ભંધ કરીયેં. હૉટલ જે મુર મેં કાસુ હજામ જી કેબિન હુઇ. તેંજે વટે શંભુ મારાજજી ગાંઠીયા–ભજીયાં ને પેડ઼ેજી કંધુઇજી ધુકાન હુઇ. તેંજે મુરમેં પન બીડીજી કેબિન ને અગીયા પીપર–બિસ્કુટજી હથલારી ઉભી રોંધી હુઇ. એંડ઼ી રીતેં ધુકાનેંજી લૅન હુઇ. મિડ઼ે ધુકાનું –હૉટલ–કેબિન–લારીયું ભુજજી બસ અચી વનેં પોય ભંધ થીયેં. આઉં સમાચાર સૂણીને વિચાર્યો ક અજ કીંક નવાજૂની થીધીં ખરી. હલ ઘરેં, સાંજી જો બસ જે ટાણેં અચીબો ને આઉં ઘરેં વ્યો.

સાંજ જો પોણે સતે આઉં બસ ટેસન તેં આયો તાં મિડ઼ે ધુકાનું–કેબિનું–હૉટલું ભંધ ! હિકડ઼ી બાવાજી જી હૉટલ ખૂલી વિઇ. ભરોભર ન્યારેયો તાં જાણેં ધુકાન–હૉટલ–કેબિન મિડ઼ે મિંજાથી ભંધ હુઇયું. માડુ મિડ઼ે અંધર વિઠે વા નેં કોક ધુકાનજી બાર મિંજા, કેબિન જી સંધ મિંજા, અધ ધરવાજે જે ફાંકે મિંજા ટમીટમી ન્યારેયોંતે ને ભસ જી વાટ ન્યારેયોંતે. રોજ જિત મેડ઼ો લગલ વોય હુત અજ સુમસામ લગો પ્યો વો. કોય માડુ બારા ડિસાણું નતે.

આઉં જરા વાર ન્યારે ને પોય શંભુ મારાજજી ધુકાન તેં વિને ને ચ્યો, ‘મારાજ, ધુકાન તાં ખોલ્યો.’

મારાજ બારી મિંજા કુછ્યા, ‘ધુકાન તાં ન ખૂલધીં !’ આઉં ચ્યો, ‘ જરા, અધ કમાડ઼ તાં ખોલ્યો, આંઉ મિંજા અચી વિઞા, પોય ભલે ભંધ કરે વિજજા.’

મિંજ નેર્યો તાં હૉટલવારા બાવાજી હિકડ઼ા ચૂલ મથે ચાય ત્રોકાઇંધા વા ને મુડ઼સાઇ કઇંધા વા. બસ જો અચે જો ટેમ થ્યો નેં ધુકાન–કેબિન–હૉટલમેં પુરાયેલ માડુએંજા પગ ધુબણ લગા. બસજીયું લાઇટું ડિસાંધે ને માડુ મિડ઼ે પંઢ જે ધુકાન જા કમાડ઼, કેબિન જા ધરવાજા, ને બારી બાયણાં ભરુભર ભંધ અંઇ ક ન સે તપાસેલા લગા.

આઉં પણ ધુકાનજી બારી જો કમાડ઼ અધ ખોલે નેં બારા નેરણ લગો. બસ અચીનેં ટેસન તેં ઉભી. મિડ઼ે અખિયું ફાડ઼ે ફાડ઼ેને બસ કુરા નેરણ લગા. બસમેં કારા પરછાયા ડિસાંધા વા. બાવાજી પણ ચાય ત્રોકાઇંધે મૂછ મેં હિથ વિજી બસ કુરા નેરેતે… ને…

બસજો ધરવાજો ખૂલ્યો નેં હિકડ઼ી કારે લુગડેવારી ચુડેલ ઠેંક ડિઇ નીચેં ઉતરઇ ને સીધી સટ કઇંધી ને બાવાજીજી હૉટલ કુરા ભજઇ. બાવાજી ડિઠોં ને રડ઼ વિધોં, ‘મુઠાસીં…’ નેં ત્રોકધલ ચાય કે ચૂલ મથેં જ છડે નેં હૉટલ જી ત્રે ફૂટજી ભિત ઠેંકેને ‘અચેતી… ડ઼ે… અચેતી…’ રડીયું વિજંધે ગામ જિડાં ભગા. અંધારો થઇ વ્યો વો હિતરે કીં ભરુભર ડિસાંધો ન વો. બાવાજી જિત ભગા ઉતે વાટમેં હિકડ઼ો કારો ગોધો વિઠો વો તેમેં આખડ્યા. ને ગોધો ભડકીને ઉભો થ્યો ને નઉં જનાવર નેરેં ને ભજણ લગો. અગીયા ગોધો ને પુઠિયા બાવાજી રડીયું વિજંધા વિએ. ગોધો તાં શેરી લંગે વ્યો નેં બાવાજી પિંઢ જે ઘરમેં વિની નેં ચ્યોં, ‘હઇયા બાયણાં ભંધ કયો ! ચુડેલું અચેતીયું…’ ઇ ભકભક કેણ લગા. જુકો જુકો બાવાજી કે ડિઠાં સે મિડ઼ે ધ્રજણ લગા. ચુડેલ તાં જપાટે જપાટે જીં આવઇ હુઇ તીં પાછી બસમેં ચડી વઇ.

જરા વાર થઇ નેં બઇ ચુડેલ બસ મિંજા નિકરઇ નેં પીપર-બિસ્કુટજી હથલારી તેં વકણધલ પોપટ લોહાણેં કુરા સટ કઢેં. પોપટ શરીર જો જરા ભરલ વો સે તકડ઼ો તકડ઼ો ઉથેલા વ્યો ને ધ્રા મેં ને ધ્રા મેં પગ ત્રકયો સે ઘબ થિઇનેં પ્યો પટ તેં. ચુડેલ પર હિનકે ડિસીને જીં આવઇ વિઇ તીં પાછી ભગી ને બસમેં ચડ઼ી વઇ.

જરા વાર થઇ ઇતરે ડ્રાઇવર ને કંડેકટર બસ કે સાઇડ મેં લગાયનેં પિંઢ પિંઢજા 'ટિફીન' ખણીંને બાવાજી જી હૉટલ તેં આયા. નેર્યાં તાં ચાય ત્રોકે તી ને આજુબાજુ નેર્યોં તાં કોય માડુ નજર ન આયો. પિંઢમેં કુછ્યા, 'અજ કુરો આય? રોજ જિત મેડ઼ો લગ઼ો વે ત ત અજ કોય નાંય ?' બાજુ મેં કાસુ હજામ જી ધુકાન તેં નજર કયોં ને ખયાલ આયો ક ધુકાન મિંજાનું ભંધ આય. કાસુ કે હકલ કયો તાં ચેં, 'આઉં ન ખોલીંધો, બાજુ મેં વિઞો.' તાં બાજુ મેં કંધુઇજી ધુકાન મેં બોલાયાં તાં કો જબાબ ન મિલ્યો. આંઉ બારી જો અધ કમાડ઼ ખોલે નેં નેર્યોં તે સે ડિસજી યોં ને ઉની પ મૂકેં ડિઠાં ને ચ્યોં, 'ભલા, કુરો ગાલ આય ? અજ મિડ઼ે ધુકાનું મિંજાનું ભંધ અઇં ?' આઉં ઉઞીંકિ વડી વડી ગાલ કયો, તાં હૂ બોય જોર જેરથી ખલણ લગા ને ચ્યોં, 'અઇં મિડ઼ે બારા અચો ને પોય ઉન ચુડેલેં કે બોલાય નેં આં સામેં પુછાણું ગિનોંતા.' તાં પણ કોયે ધુકાન મિંજાનું બારા અચેલા રાજી ન થ્યા. આઉં હિકડ઼ો બારા આયો ને પોય મિડ મિડ સમજાય નેં મિણીંકિ બારા ભેરા કયો.

પોય ડ્રાઇવર કીં મિણીં કે સમજાયલા વિઞેં તૅર કંડકટર ચેં ઉભીયો, આઉં ઉનીં કે જ બોલાઇંયાતો તે કંડકટર મિણીં ચુડેલેં કે નીચે ઉતારેં. કારા કપડા, વાર વખરેલા, હથપગ જા વડા વડા નોં, કારો વાન. ઉનીકેં ડિસી નેં થોડ઼ા જેણાં તાં પાછા ધુકાન જડાં ભજણ લગા.

ડ્રાઇવર ઉની કે પુછે, 'અઇં કેર અચો ?'

તાં ઉની ચ્યો, 'અમો રબારી છીએ ને અમારો માલ (ઘેટાં-બકરા) ને અમારા ઘરવાળા અહીંયા છે. હમણાં અમોને ઊંટ પર લેવા આવશે.'

વરી કેરક પુછ્યોં, ' તાં પોય હિકડ઼ી જેણી બસ ઊભી નેં તેરઇ બાવાજી જી હૉટલ તે કુલા ધોડઇ ?' ઉન ચેં, 'મારા છોરાને બહુ જ પાણીની તરસ લાગેલ તે પાણી લેવા હૉટલે ગઇ'તી !'

બ્યો કેરક પુછેં, 'બિસ્કુટ વારે મથે કુલા ધોડઇ ?' તાં ચે, 'મૂંજો છોકરો ભુખ્યો વો હિતરે આંઉ બિસ્કુટ ગિનેલાં વઇસેં પણ ધુકાન વારો પટ તેં પ્યો હિતરેં આઉં પાછી ભગી સેં !'

હી મિડ઼ે સુણીનેં માડુ મિડ઼ે ખિલણ લગા ને કોક તાં નચણ પણ લગા. ઇતરી વાર મેં તાં ઊઠ તેં રેબારી, રેબારણેં કે કોઠેલા પુજી આયા ને કોઠે ને હિલ્યા વ્યા. ડ્રાઇવર-કંડકટર પિંઢજા ટિફીન ખોલેં ને ખાધેલા વિઠા ને માડુ મિડ઼ે મેડ઼ે પરી આયા વેં તીં ખલ મસ્તી કઇંધા ઘરેં વિઞણ લગા.

બે ડીં મારાજ કે તાવ ચડી વ્યો ને ગામ મેં હુલ થ્યો ક કાલ સાંજ જો ભુજવારી બસ મેં સચઇ ચુડેલું આવઇ વૈયું...

**(ખાસ નોંધઃ લેખક શ્રી ઝવેરચંદભાઇ બોરીચા, ભુજ ગત તા.૨૫.૧૧.૨૦૨૩ના રોજ અરિહંત શરણ પામેલ છે. થોડા સમય પહેલા જ એમણે મોકલેલ વાર્તા અહીં પ્રકાશિત કરી એમને શ્રદ્ધાંજલિ કુસુમ અર્પણ કરીએ છીએ. ઝવેરચંદભાઇની આ અગાઉ પણ વારતાઓ છપોલ છે.)**


*Prem Bhanushali*

# Prem Roadways

**Transport Contractor & Commission Agent**

Specialist
DCM
Eicher
Tata
LCV



Gujarat
Maharashtra
Goa
South India &
All India

*27, Shree Rang Market, B/h. MRF Show Room, Golden Chowkadi, N.H.No.8, Vadodara.*
*Phone : 98240 97462 / 92275 97462*
*Email : prembavanipur@gmail.com*



# 'લાલે' જો ઍડમિસન !

આડી જે છેડ઼ે સેં બેઠક સાફ઼ કરેને પોય ઉજ પાલવથી મોં સાફ઼ કરેને મહિલામંડડ઼ જા મિડ઼ે સભ્ય ઓટે તેં ને બાંકડ઼ે તેં ગોઠવાજેં તેસુંધે તાં હંસામાસી કમાડ઼ ખોલે ને બારા નિકરયા ને તેરઇ હૂનીજો મોબાઇલ વિજ્યો.

હિતરે ઓટે તેં વેંધે વેંધે મિણીં સામું જરાક ખિલ્યા ને આંગર સેં 'બ મિનિટ' વારો અસારો કયાં ને મોભાઇલ તેં કુછ્યા. 'અડ઼ે ભો ! ભો ! પાંજી પોય ગાલ જ ન થઇ નેં અઇં 'લાલે' જે ઍડમિસન પૂઠીયા નવરા જ ન થ્યા ! પોય લાલે જો ઍડમિસન ગિણાં કુરે મેં ?'

'કુરો ! હજી નાંય ગિણાં ! તાં પોય કીં વેચાર કયાં અયા ક નં ?'

'હેં ! કુરો ચો તા ? 'કોમર્સ' મેં 'ઇન્ટ્રેશ' આય ? નેર્યો હેડ઼િ ભૂલ મ કઇજા. આઉં તાં આંકે હેવર થી જ ચેતવે ડિયાં ! પૉય ચોજા ન કેં અઇં કીં ચ્યોં ન વો ! કોમર્સ કીં ગનાંધો વે ?'

(સામું કધાચ સવાલ થ્યો હૂંધો 'કો ?') 'અડ઼ે, કો કુરો કો ? આંકે હિતરી ખભર નાંય ? કિન ધૂનિયા મેં રોતા અઇં ? ઇ કોમર્સ-ફ઼ોમર્સ મેં અગિયા વધે જો કો સ્કોપ જ નાંય ! હી કરે કરે નેં બ્યો કુરો કઇંધો ? સી.એ. થીંધો ? હિસાભ કઇંધો ને સજી જમાર કેંજાક હિસાભ નેરે નેં મગજ જો ડઇં કરે વિજધો સે નફ઼ે મેં. ને મિલે કુરો ? મિડ મિડ ઘર ખરચી જિતરા ઢીંગલા ? સજી જમાર કેંક જ્યું નફ઼ે-નૂકસાનીમેં કઢેજી. હેડ઼ાં ધંધા પાંકે ન પોસાજેં !'

(હાણેં સામેં વારા મૂંજાણાં હૂંધા સે 'આર્ટસ્ ?' ક હેડ઼ો કીંક પૂછ્યાં હૂનાં)

'હાં ગિનો ! કોમર્સ છડે ને હાણેં 'આર્ટસ્' તેં પૂજી વ્યા ? ફ઼ટાયો છોરેં જો ભવિષ્ય ! સરમ જેડ઼ો આય ક ન ? કીં ન મિલ્યો હેતરે આર્ટસ્ મેં વિજધાં ? આં મિણીં જી અકલ જ ઘા ચરેલા વઇ આય !' હંસામાસી વડે સડસેં કુછ્યા ને પોય સામેવારેં કે સમજાયલા લગા, 'હાણેં અઇં પણ ખરા અયો. આઉં જરા કોમર્સ ને આર્ટસ જી ના ચ્યો ઇતરે સિધા 'સાયન્સ' તેં ઠેંક ડિનાં ! આંકે પિંઢકે સમજ જ નતી પે ? હિકડ઼ી ગાલ અઇં લખી રખજા, સાયન્સ જેડ઼ો કીં ન થીએ ને તેમેં પ ડૉક્ટર ક એન્જીનીયર ભને જી ગાલ જ ન ખપે. ધુનિયા સજી એડમિસન ગિનેંલા ઘોડ઼ાઘોડ઼ી કઇંધી હોય તાં કરેલા ડિનેજો. પાંકે હૂન ગિડ઼ધી મેં વિનેંજી કીં જરુર નાંય. ટોડ઼ેમેં પાંકે વિનેજો જ નાંય. પાંકે તાં મિણીથી કિંક જુધો જ કરેજો !'

(સામેનૂં પૂછ્યાં હૂંધા મિણીથી જુધો હિતરે કુરા કરેજો ?) '... કુરો ? કીં ? આંકે આઉં સમજાઇયાં ! પાં જૅર સ્ટેજ તેં ડેન્સ કઇંધા વોં તેર ઑડિયન્સ પાંકે તેરઇં ઓરખી ગિએ. પણ પાં ગરબા કઇંધા વોં ને હિકડ઼ે સરખા ચણિયા-ચોલી પેરેને સ્ટેજ તેં વોં તેર પાંકે કધાચ કો પણ ન ઓડ઼ખે ! હાણેં હિનમેં પણ હેડ઼ો જ કીંક કરેજો !'

'પૅલી ગાલ ક એન્જીનીયર કે તાં ભૂલી જ વિઓ. હૂનકે તાં કોય પણ ન ઓડ઼ખે. હૂ કૂરો કરેતો તેંજી પણ ખભર ન પે. હાણેં ધાકતર કેડ઼ો પ વોય અખ-કન-નકજો ક પૉય મગજજો મિણીં જે અગિયા તાં 'ડૉ' જ લગે ! હાણેં ધાકતર હાય ઇતરે કેર ને કેર નિંઢો વડો ઓપરેસન તાં કઇંધો જ ! પણ હિન મિણીં ધાકતરેં કે હિકડ઼ે માડૂ વિગર હિલધોં જ ન ! હૂ આય ઓપરેસન ટાણેં તેં 'સીસી સૂંઘાઇંધલ' ! હેતરે છોરેં જે ભવિષ્ય જી ચિંધા વે ને હૂનકે સૂખી કેણું વે તાં મૂંજો સૂણો ને લાલેકે ગમે તીં 'સીસી'સૂંઘાઇંધલ ભનાયો !'

હંસામાસી અસાં મિણીં કુરા નજર કરેં ને પિંઢજે ગ્યાન લા પુરસાયા ને વરી મોભાઇલ તેં લગા. 'મૂંકે બોરો અંદાજ નાય પણ હી કીં અઘરો ન જ હૂંધો કો ક હિન મેં ચીરફ઼ાડ઼ કરે જો ન વે ઇતરે કોય રિસ્ક જ ન. હિકડ઼ીવાર ઓપરેસનમેં માડૂ પતી વિએ તાં પણ સીસી સૂંઘાઇંધલ કે કો ડોસ ન ડે. ઉનજી કૉ જવાભધારી જ ન વે. ને કેરક ભૂલ થઇ વિએ તાં સીસીવારે કે વકીલ કોરટ મેં કીં ડોસ ન ડે.' હંસામાસી પિંઢજી ગાલ સચી સાબિત કેલા વકિલાત કરે વિધાં.

'અઇં સમજો. અઇં કાંધે-ભટાટેં વારે વટ વિઓં તાં આં વટ બ જ ચોઇસ મિલેં, કાં પોય લીલે મસાલેજી લારી તેં ચાર-છ ચીજ મિલેં. પણ જ અઇં કો કોમન સાગવારે વટ પૂજ્યા તાં આં વટ કિતરી મિડ઼ે ચોઇસ વોંય ? હૂન વટ કાંધા-ભટાટા પ હોય નેં લીલો મસાલો પ મિલે ! ઘરાકી પણ ખાસી વોય. હાણેં સમજ્યા ? ઇતરે હાણેં લાલેજો કોક હૂસીયાર ભાઇબંધ સાયન્સ ગિનંધો વે તેં ભેરો હિનકે પણ હૂત હિલાયો નેં હી જીવનમંત્ર ભૂલાજે ન ક સાયન્સ મેં ભણીંને 'સીસી સૂંઘાઇંધલ' જ ભનાયજો !'

હિતરો ચઇ ને થોડ઼ે અભિમાનથી મિણીં સામૂં નેર્યાં ને ફ઼ોન કટ કયોં. પોય હંસામાસી અસાં ભેરો ગાલિયેંજે તડ઼ાકે તેં ચડયાં સે સાંજી તઇં ગાલ્યૂં ન ખૂટ્યૂં.

*Zalak Maheshwari*

**M :9662 42 41 40**

**VARIANT**

**Cooking & Baking Classes**

*New Vision & New Varieties*



*B-318, Neelkanth Palace, Opp. Seema Hall,*
*100 Feet Road,Satelite, Ahmedabad - 380015*
*Website : www.variantclass.in*
*Email: variantclass@gmail.com*



*Varsha Patel*

*M: 9426326389*

SINCE 1995

**VARIANT**

**COOKING CLASSES**

*Certificate Course*

*A Culinary Art Class*
*Regd. with DIC, Vadodara*
*(Govt. of Gujarat)*

D/116, Vallabh Vihar-B,
Near Mahavir Hall,
Ajwa Raod, Vadodara - 390019.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

**DIVCLICK**

SOMETHING MAGNIFICENT

# ONE STOP SOLUTION FOR ALL YOUR DIGITAL NEED

**WEB DESIGN & DEVELOPMENT**

**BRANDING**

**APP DESIGN & DEVELOPMENT**

**SEO**

**DIGITAL MARKETING**

**GRAPHIC DESIGNS**

**Divya Patel**

**+91 – 94090 29649**

**www.divclick.in**

# દરિયાલાલ



## ૧૪. લાકુના (ચાલુ)

તાંડવના શોર અને ડમરુના ઘોષના આભને વીજળી રેખ શો ચીરતો તીણી સિસોટીનો અવાજ સંભળાયો. ભયાનક એ અવાજ જાણે અવાજની તીખી ધારાએ મોતનો પયગામ સંભળાયો.

શું એ વકરેલા ગેંડાની સિસોટી હતી ? ઝનૂને ચડેલા ગેંડાનો પડકાર ? બે તો શું પરંતુ બાવીસ નરબલિઓનાં તાંડવ નશાને પણ થિજાવી દે એવો !

પવનથી લહેરાતા ખેતરના હીંચતા મોલમાં હિમનું મોજું ફરી વળે, એમ બધા હિમથી જાણે થીજી ગયા. જેની જે ગતિ હતી, જેની જે સ્થિતિ હતી તેમ જ. કોઈના પગ વળેલા રહી ગયા, કોઈના હાથ ઊભા રહી ગયા, કોઈની આંખો બંધ રહી ગઈ, કોઈની ફાટેલી રહી ગઇ ! જાણે તાંડવનું ચિત્ર દોરાયું હોય એમ બધા જડ બની ગયા.

ને બીજીવાર એ ભયકારી નાદ મેદાનની જનતા ઉપર ફરી વળ્યો. ઓ દેવ ! આવી મહામૂલ ઘડીએ તે મોતનો પયગામ સંભળાવ્યો ?

ને ઝાડીઓ ખડખડી. રોપાઓ છૂંદાતા સંભળાયા. ઝાડીનો પડદો ખસ્યો. કાંઈક કળાયું - કાંઈક ગોફણ જેવું દોડતું આવ્યું - ઝનૂને ચડેલો ગેંડો...

એકસામટો બધાએ દીર્ઘ શ્વાસ મૂકયો. અરે ! આ તો ગેંડો નથી. ગેંડાની નકલ કરતો ગાંડો છે ! એ તો પેલો પાગલ ! ગેંડાની નકલો કરતો આવે છે !

ગાંડો માણસ દોડતો આવ્યો. કોઈ મદચૂર ગેંડો જેમ ઝાડીમાંથી માર્ગ કરતો આવે એમ ભીડમાંથી માર્ગ કરતો એ આવ્યો. નાચતો-કૂદતો એ ધસ્યો. વધસ્થંભની સામે જઇને ઊભો.

જંગલમાં અને પહાડોમાં વસતા માનવીઓ દીવાના બનેલા માનવીમાં પારલૌકિક પરચો પૂરે છે. ઈશ્વરે પોતાની અખૂટ શક્તિથી હરેલી ભૌતિક શક્તિને સ્થાને આધિભૌતિકની પ્રતિષ્ઠા કરી છે એવી એમને શ્રદ્ધા છે. એ કારણે જંગલવાસીઓના જલસામાં, સંસારમાં, મુકામમાં, જુદ્ધમાં કે વેરમાં સદા ને સર્વદા દીવાના માણસો અસ્પર્શ્ય બને છે. હજાર-હજાર માણસો ને જીવો હણવામાં જેઓ ધર્મ વાંચે છે, તેઓ પણ દીવાનાની સામે આંગળી સરખી પણ ઊંચી કરવામાં ભયંકર દેવાપમાન જુએ છે.

પછી એ દીવાનો ગમે તે હોય, પોતાની ઓલાદ હોય કે દુશ્મનની ઓલાદ હોય, જાણીતો હોય કે અજાણ્યો હોય, દેશી હોય કે પરદેશી, એકવાર માનવી પર દીવાનાની મહોર લાગી કે પછી એ માણસ કાદવમાં જેમ કમળ અલિપ્ત રહે એમ જંગલવાસીઓની વચમાં સર્વદા ને સર્વત્ર અલિપ્ત જ રહેવાનો. બોંતેર પેઢીની કારમી કિન્નાખોરી એના પગ આગળથી પાછી ફરી જાય. સાતસાત પેઢીનાં બાપે માર્યાં વેર એની આગળથી પીઠ ફેરવી જાય. હલાહલ ધર્મ ને હલાહલ જંગાલિયતનાં ઊકળતાં પૂર એના માથા ઉપરથી પસાર થઇ જાય. એને કોઈ બોલાવે નહિ, કોઈ રોકે નહિ, રંજાડે નહિ, કોઈ અપમાને નહિ.

દીવાનો વધસ્થંભની સામે આવીને ઊભો. ભયાનક અટ્ટહાસ્ય કરીને એ રામજીભાની આંખ સામે આંખ મિલાવી રહ્યો. દીવાનાની ફાટેલી આંખે નરબલિની નિર્મળ આંખમાં શું જોયું ?

દૂરદૂરનો મુલક જાણે એ આંખોના સફેદ આસમાનમાં કળાયો. ચાલી જાય છે ગુલામોની કતાર. ગળે સાંકળો ખડખડે છે. વાંસામાં કોરડા પડે છે. માથું બોજથી ફાટવા માંડે છે. આંખો ત્રાસથી છળી જાય છે. જાય છે, ચાલી જાય છે એ કતાર - દૂરદૂરના સેંકડો જોજન દૂરના એ મુલકમાં.

ને ઓ... દેવાધિદેવ ! આ જીવતો વેરનો ડુંગર આવ્યો ? શું માંજરો કે મેરુ પહાડનાં શિખર તૂટ્યાં કે ગેબમાં કોઈ તાર તૂટ્યો ? દીવાનાના મુખમાંથી તીણી સિસોટી નીકળી. હૈયું ફાટી જતું હોય એવી કાળી ચીસ નીકળી. કોઈએ જન્મભરમાં આવી ભયચીસ સાંભળી ન હતી. સારાયે વાતાવરણમાં જાણે નર્યો ભય ફેલાયો.

શરીરનું તમામ લોહી જાણે દીવાનાના મગજમાં પુરાયું હોય એમ એનું માથું હજાર હજાર ધબકારાથી ગાજી ઊઠ્યું. લોહીનો ધોધ જીરવાતો ન હોય એમ દીવાનો માથું ધુણાવી નાચવા માંડ્યો.

ને એણે ભુલાઇ ગયેલી, દીવાનો થતાં-થતાં જોયેલી વાતો જાણે પોતાની નજર આગળ નવેસરથી રચાતી જોઇ. એણે રામજીભાને પોતાના જખમોની માવજત કરતો જોયો.

એણે રામજીભાને પોતાના મરેલા સાથીઓના શરીરના ટુકડા વેરણછેરણ થયેલ, તે એકઠા કરતો જોયો.

દીવાનાની આંખ આગળ લોહી નાચી રહ્યું. આખું આકાશ જાણે ચોપાસ વેરાયેલા લોહીના ટુકડાઓથી ભરાઈ ગયું. આખા આકાશમાં એણે નર્યો ભય ત્રાડતો જોયો ને એમાં એકમાત્ર માનવી એને આસાએશ આપતો, એના સાથીઓની અંતઘડી જાળવતો એને દેખાયો.

જીવતી ગોફણ જેમ ઊડે એમ દીવાનો ઊડચો. વધસ્તંભે જડેલા રામજીભાને તે બાઝી પડચો, બાળક જેમ માને બાઝી પડે એમ. 'લાકુના !' 'લાકુના !' એણે ફાટેલે અવાજે બૂમ પાડી. ન જીરવાતી ઊર્મિઓ પ્રવાહી બનીને બહાર નીકળતી હોય એમ દીવાનાની આંખમાંથી આંસુઓની ધારાઓ વહેવા માંડી.

લાકુના ! સમસ્ત જનમેદની જાણે થીજી ગઈ. લાકુના ! દીવાનો લાકુના... કોને કહે છે ? આ નરરાક્ષસને ? અરે, જેણે સેંકડોનાં ઘર ભાંગ્યાં છે, સેંકડોની આશાઓના ચૂરા કર્યા છે, જેણે સેંકડો માટે જીવતી દરગાહો ખોદી છે ને સેંકડોને જીવતા રંડાપા આપ્યા, એને આ દીવાનો લાકુના કહે છે !?

વિરાટ જનતા એકબીજાની સામે મૂઢતાથી જોઇ રહી. લાકુનાનું ઉપનામ તો કોને હોય ? હોય તો પરદેશીને જ. પણ જેણે પોતાની કોમના ખોફ વહોરીને હબસી કોમની સેવા કરી હોય, જેણે પોતાની કોમના સ્વાર્થો ભૂલીને હબસી કોમનું હિત હૈયે ચાહ્યું હોય, જેણે કોમને ખાતર જોખમ ઉઠાવ્યાં હોય, એને જ એ બિરુદ સાંપડે. જેને એ બિરુદ સાંપડે એ કોમનો તાજ વગરનો રાજા બને એમાં ના નહિ ! પણ જેવા-તેવાને તો એ સાંપડે પણ નહિ. કહો તો ખરા કે જેના કદમમાં મહંતે પણ પોતાનું ઉન્નત ધર્મરત શીશ નમાવવું જોઈએ એ કાંઈ જેવોતેવો હિતચિંતક પરદેશી હોઈ શકે ખરો ? દીવાનો તે દીવાનો જ છે ! અગ્નિહોત્રનો અગ્નિ સંકોરાતો હતો. મેદની ક્ષુબ્ધ બનતી હતી. ભકત સમુદાયની ભક્તિરસી આંખોમાં નવી ઝાંખ વળતી હતી, મહંત મંચ ઉપર ચડયો. મંચ ઉપર ખરી રીતે કોઈથીયે ના ચડાય. પણ આપદ્ધર્મમાં મહંતથી એકલાથી એ અકાર્ય થાય તો ક્ષમ્ય ગણાય. એણે દીવાનાના વાંસા પર હાથ મૂકયો.

'હવે તમે નીચે ઊતરો. આપણો યજ્ઞ વિલંબમાં પડે છે.' મહંતે કહ્યું.

'લાકુના ! લાકુના !' દીવાનાએ આંસુથી ધોવાયેલા ચહેરે કહ્યું.

મહંતે દીવાનાના ચહેરા સામે જોયું. આંસુથી ધોવાયેલા ચહેરામાં એણે પહેલી વાર માનુષી કુણાશ જોઇ. આ મુખપરિવર્તન મહંતને ચમત્કારિક લાગ્યું.

દીવાનાએ કહ્યું, 'હું ગાંડો નથી. મારું માથું ભમી ગયું હતું. હવે મારું ચિત્ત સ્વસ્થ છે. આજે મને કેટલીક જોયેલી વાતો સમજાય છે.'

'શું સમજાય છે ? યજ્ઞ વિલંબમાં પડે છે એ તો જુઓ !'

'અરે, તમે કોનો યજ્ઞ કરી રહ્યા છો ? જે એકમાત્ર માનવી આપણા દેશ ઉપર સૈકાઓથી ફેલાયેલી આપત્તિને હરી શકે, તો આપત્તિનું નિવારણ થશે એવા માનવીને તમે જીવતો હોમો છો ? જે એકમાત્ર માનવીએ આપણે ખાતર પોતાનો દેશ, પોતાનો ધંધો અને પોતાનો વસવાટ છોડયો છે એ માનવીને તમે દેવાધિદેવને ધરી દેવા માગો છો ? મેં જોયું છે ઘણું, સાંભળ્યું છે ઘણું. નહોતો સમજી શકતો. આજ સુધી મારા ઉપરની આપત્તિએ હરેલી મારી બુદ્ધિ કોમ ઉપરની આપત્તિએ મને પાછી આપી છે. ગેંડાએ ચળાવેલું મારું ચિત્ત ડમરુના અવાજે પાછું ઠેકાણે આવ્યું છે.'

'તમે કોની, આ મુરીદે શયતાનની વાત કરો છો ?' મહંતે રામજીભા સામે આંગળી ચીંધી.

'એકવાર એ નરરાક્ષસ હતો, એની પણ હું ગવાહી પૂરું છું. હવે નરરાક્ષસ ટળીને નરદેવ થયો છે, એની પણ હું ગવાહી પૂરું છું. અહો ! બીજું કાંઈ નહિ તો તમે તપાસ તો કરો અને તમને મારી વાત સાચી જણાશે. આ માણસે આપણી કોમને નવો ધંધો શીખવ્યો છે. પરદેશીઓ જેટલા જ આપણે પણ માતબર થઈએ એવો માર્ગ બતાવ્યો છે. આપણને કોઈ ગુલામ તરીકે ના પકડે એની એ દિનરાત મહેનત કરે છે. કદાચ કોઈ પકડે તો છોડાવવાની એણે ગોઠવણ કરી છે. આપણો દીકરો, આપણો ભાઈ, પત્નીનો પતિ ને માતાનો પૂત, બાળકનો બાપ ને બાપનો બાળક અહીં જ રહે, ઊપડી જાય તોય પાછો આવે ને અહીં રહ્યો રહ્યો પરદેશીઓ જેટલો લાંબો પહોળો બને એ એક જ કામ આ માણસે માથે લીધું છે. એની તમે આજ આહુતિ આપી દેવા માગો છો ? દઇ દો ને મનેય સાથે સળગાવી દો. જે આપણા કામને ખાતર ખુવાર થાય છે એની સાથે આપણામાંથી કોઇકે પણ બળવું તો જોઇએ.'

ક્ષણભર મહંત ચૂપ થઇ ગયો. દીવાનાની વાત જો સાચી હોય તો રામજીભાની આહુતિ ખરેખર મહાન અભિશાપ સમી બને. પણ...

દીવાનાએ કહ્યું, 'તમને મારી વાતમાં ઇતબાર નથી ? શું હું એક મામૂલી પરદેશી માટે દેવાધિદેવની પાસે જૂઠું બોલું ? શું નરાધમને ખાતર દેવાધિદેવના મુખમાંથી એનો આહાર પાછો ખેંચું ? પણ હું દીવાનો હતો, ને તમને મારી વાતમાં શ્રદ્ધા ઊપજે. સામેની ઝાડીમાં આ બીજા માણસ સાથે આવેલા આપણા હમદીનો છે. એ હજી ગુલામો છે, ને એટલું તો તમે માનો છો ને કે કોઈ ગુલામ દેવાધિદેવની સંનિધિમાં પોતાના હમદીનોની વચમાં કોઈ પરદેશી માલિકનો જૂઠો બચાવ ન કરે ?'

'હા, સાચું.' મહંતે સૂચના વધાવી ને આસપાસનાએ એ ઝીલી.

મહંતે ડમરુ લીધું, બજાવ્યું. જનતામાં એકદમ શાંતિ સ્થપાઈ ! ને મહંતે બુલંદ બૂમ પાડી, 'મુકલુન્કુલુ ! મુકલુન્કુલુ ! મુકલુન્કુલુ !'

જનતાએ પ્રતિશબ્દ ઉઠાવ્યા, 'મુકલુન્કુલુ ! મુકલુન્કુલુ !'

મંબોજંબો દેવાધિદેવનો એ ઇજન-સાદ ! જ્યાંજ્યાં એ સંભળાય, ત્યાંત્યાંથી જાહેર હોય, છૂપા હોય, દોસ્ત હોય, દુશ્મન હોય તો પણ હબસી-માત્ર એ ઇજનના જવાબમાં પ્રગટ થવું જોઇએ. દેવાધિ-દેવની સામે હાજર થવું જ જોઇએ. હબસીનો એ ધર્માચાર. એનામાં જીવનો પરમાણુ રહ્યો હોય ત્યાં સુધી એણે આ આચાર પાળવા જોઇએ. મંબોજંબો દેવનગરીમાં એ સાદ સાંભળીને જે આવે, એનો આવતાં કે જતાં કોઈ માર્ગ ન રોકે.

આરબ જમાદાર સાથેના હબસી ગુલામો એ સાદ સાંભળીને ખડા થઈ ગયા. એમની આંખોમાં નવું તેજ આવ્યું. એમના શરીરમાં જાણે પણછની તંગ-દશા આવી. આરબ અને લુહાણા

સાથીઓએ જમાદાર સામે જોયું. પોતાની આંખના ઇશારે ગુલામોને નાચતા જોવાને ટેવાયેલા જમાદારના દિલમાં રગરગ કડવાશ વ્યાપી ગઈ. પરંતુ માથું ગુમાવ્યું એને ફાવે એમ ન હતું.

જોરતલબીનો જરા સરખોયે અખતરો છંછેડાયેલી મધમાખોની જેમ જંગલવાસીઓનાં ટોળાં ખેંચી લાવે એમ હતું. ને હબસીઓના દેવાધિદેવે પોતાના નરબલિઓની સંખ્યાની મર્યાદા કદી આંકી ન હતી. એથી ચૂપ રહેવામાં સાર હતો. જમાદારે આંખોના ઇશારાથી બીજાઓને પણ ચૂપ રાખ્યા.

'મુકલુન્કુલુ ! મુકલુન્કુલુ !' ઝાડીઓનાં પાંદડાંથી ફૂંકાતો ને ડાળીઓથી ચળાતો અવાજ ફરીને સંભળાયો.

ને એ અવાજનો પડઘો ઝીલતા ગુલામો ઊભા થઈ ગયા. એમના વદન ઉપર જે નવી જ્વાળા ભભૂકી ઊઠી, એથી આરબો ને લુહાણાઓ ચમકી ઊઠ્યા. મુકલુન્કુલુ ! દેવાધિદેવનું ઇજન ! ઓહ કેટલાં વર્ષે ! કેટકેટલી આપત્તિઓ પછી ! કેવા નરકાગારમાં ! ગુલામો ઊભા થઈ ગયા. એમનાં હથિયારો એમણે આરબ જમાદારના પગમાં નાખ્યા અને અવાજ ઉપર જાણે આંખ માંડતા હોય એમ તેઓ એક નજર સરખી પાછી નાખ્યા સિવાય ચાલી નીકળ્યા. એમને કોઈ સતાવશે કે નહિ એનો ખ્યાલ સરખો ન હતો. એમનો માર્ગ કોઈ રોકશે, એવી સંભાવના સરખી પણ જાણે એમને નહોતી સૂઝી.

આગળ અને આગળ તેઓ ચાલ્યા. હવે તેઓ ઝાડીમાંથી બહાર નીકળીને મેદાનમાં આવ્યા. હવે એમને માર્ગ આપવાને જનમેદનીમાં વધસ્થંભ સુધી સળંગ ગલી પડી ગઈ. એમાં થઇને તેઓ આગળ વધ્યા. મહંતે એમને જોયા અને છેલ્લી વાર સાદ દીધો, 'મુકલુન્કુલુ !'

મુકલુન્કુલુ ! ગુલામો દોડ્યા – હતાશ બનેલો માનવી આશા પાછળ દોટ મૂકે એમ તેઓ દોડ્યા અને મહંતના પગમાં એમણે પોતાની કાયા રોળી દીધી.

મહંતે એમના માથા ઉપર માયાભર્યો હાથ મૂક્યો, 'ઊભા થાઓ ! આપત્તિનાં બાળ ! દેવાધિદેવનાં તમને ઇજન છે. દેવાધિદેવના તમને શપથ છે. જાણો છો એટલું સાચું કહેજો.'

ગુલામો ભોંય પર બેસી રહ્યા. આંસુભરી આંખે મહંતના ચહેરા સામે જોઇ રહ્યા. જેની જબાનમાં ઇશ્વરી ઇન્સાફ સંભળાવવાનું સરજત હોય, જેના હાથની ઇશારતમાં ઇશ્વરી દંડને ગતિમાન કરવાની તાકાત હોય, એવું અપાર્થિવ ગૌરવ મહંતના રુક્ષ ચહેરા ઉપર છાયું, એના કરડા અવાજમાં અપાર્થિવ રણકાર આવ્યો.

'બોલી દો !' મહંતે રામજીભાના સામે આંગળી ચીંધી, 'બોલી દો ! સાચું કહેજો. જૂઠું બોલો તો કોમની આપત્તિના પાપનો ભાર તમારે માથે. બોલો ! આ માણસ દોસ્ત છે કે દુશ્મન ?'

'દોસ્ત !' ગુલામોએ જવાબ આપ્યો.

'લાકુના છે ?'

'લાકુના !' ગુલામોએ રામજીભા સામે હાથ જોડીને શીશ નમાવ્યું.

ક્ષણભર મહંત એમ ને એમ ઊભો રહ્યો. ક્ષણભર જાણે એના માથામાં બ્રહ્માંડ ચકરાવે ચડ્યું. બીજી જ ક્ષણે એણે રામજીભાના બંધન છોડી નાખ્યા.

'લાકુના !' ધ્રૂજતે સાદે તે બોલ્યો, 'લાકુના, અમે અજાણ્યા. અમારી ભૂલ માફ કરજે.'

'લાકુના ! લાકુના !' સમસ્ત જનમેદનીમાં પ્રચંડ અવાજ ઊઠ્યો. પછી જંગલવાસીઓએ જંગલની સીધી રીતથી રામજીભાને પોતાનો પ્રેમ, પોતાની નવી જાગેલી મિત્રભાવનાથી ભીંસવા માંડ્યો. મહંત એને ભેટ્યો ને પૂજારીઓ એને ભેટ્યા ને જંગલવાસીઓએ એની ફરતાં આનંદનાં નાચગાન કરવા માંડ્યાં.

## (૧૫) ડંકર્કની વિદાય ઘડીએ

જંગલવાસીઓનાં વેરઝેર જેટલાં સતાવનારા છે, એટલાં જ એમનાં સ્વાગત મૂંઝવનારા છે. રામજીભાને આ મૂંઝવણમાંથી માર્ગ કેમ કરવો એની સમજ ના પડી. નાચ-ગાન, ખાવા-પીવાનો, વાતોનો એકે કાર્યક્રમ જાણે અનંત ને અખૂટ હોય એમ ચાલ્યા જ કર્યો.

પરંતુ બધી વાતોનો જેમ ક્યારેક પણ અંત આવે જ છે એમ આ કાર્યક્રમ પણ વહેલા કે મોડા પૂરા તો થયા. જંગલવાસીઓ ખૂબ નાચ્યા ને આખરે નાચવાનું જ કાંઈ ના રહ્યું. એમણે ખૂબ ગાયું ને આખરે ગાવાનું જ કાંઈ ના રહ્યું. એમણે ખૂબ ખાધું ને ખવડાવ્યું ને આખરે કંઈ ખાવાનું જ ના રહ્યું.

એમણે ખૂબખૂબ વાતો કરી – લવિંગની ખેતીની રામજીભાની વાત ફરીફરીને સાંભળી. ગુલામી સામે થવાની રામજીભાની તજવીજોની ઝીણામાં ઝીણી પૂછપરછ કરી. એમને જેટલું સમજાયું એટલું સારું લાગ્યું ને ન સમજાયું એટલું વધારે સારું લાગ્યું.

ને આખરે વિદાયની ઘડી આવી. રામજીભાએ વિદાય માગી. વિદાય તો કંઈક વાર માગી હતી. પરંતુ હવે રોકવાનું કંઈ બહાનું પણ નહોતું ને બધાને હવે ચડેલો થાક પણ ઓગળવા માંડ્યો હતો. જેટલાથી રામજીભાને વળાવવાને જેટલું દૂર જઇ શકાય એટલે દૂર એટલા ગયા.

અને આખરે સમસ્ત મેદનીના છેલ્લામાં છેલ્લા અવશેષથી વિખૂટા પડવાનીયે ઘડી આવી.

મહંત બુઝર્ગ હતો. પણ એનામાં હજી જુવાનીની તાકાત જળવાઈ રહી હતી. એ છેલ્લામાં છેલ્લા તબક્કા સુધી આવ્યો હતો ને રામજીભાની સાથે જ ચાલતો હતો.

'હવે અમે સહુ કોઈ અહીંથી પાછા ફરશું.' મહંતે કહ્યું, 'લાકુનાને અને લાકુનાના સંગાથીઓને અમે હવે અહીંથી પ્રણામ કરીશું.' છૂટા પડતાં પહેલાં બધા ઊભા રહ્યા.

મહંતે આગળ ચલાવ્યું, 'તમને અમારા થકી પજવણી તો થઈ છે, પરંતુ અમે તમારાથી અજાણ્યા હતા. અમે તમારી ક્ષમા માગીએ છીએ.'

'મહંતજી ! તમારે કંઈ રંજ ના રાખવો. મારા મનમાં તો કશું છે જ નહિ.'

'લાકુના તો ઉદારચિત્ત જ હોય. તમારા સોબતીઓ સર્વે પણ અમને ક્ષમા કરે છે કે ?'

ડંકર્કે કહ્યું, 'ક્ષમા કરવાજોગ જે કાંઈ બન્યું હોય તમારે હાથે, એ સર્વને માટે અમે

તમને ક્ષમા કરીએ છીએ. ક્ષમા માગવાજોગ જે કાંઈ બન્યું હોય અમારા હાથે, એ સર્વને માટે અમે તમારી ક્ષમા માગીએ છીએ.' જમાદારે પણ એમાં સૂર પુરાવ્યો.

મહંતે કહ્યું,'લાકુનાને દેવાધિદેવની એક અદની પ્રસાદી અમે આપીએ છીએ. લાકુના એનો સ્વીકાર કરે.'

મહંતે પોતાના અંચળામાંથી એક નીલમણિ કાઢ્યો ને રામજીભાના હાથમાં મૂક્યો. મણિ પોતે મૂલ્યવાન હતો, પરંતુ જે રીતે ને જે નિમિત્તે એને મળતો હતો એ એનાથીયે વધારે મૂલ્યવાન હતું. રામજીભાએ શીશ નમાવીને તે પ્રસાદી અંગીકાર કરી.

બધા ભેટ્યા, ફરીને ભેટ્યા અને પછી પોતપોતાને માર્ગે પડ્યા.

બની ગયેલા પ્રસંગો જાણે એની આંખ આગળ ફરીને રચાતા હોય એની વહી જતી વાટ જાણે એને દેખાતી ન હોય એમ રામજીભા બેધ્યાન દશામાં આગળ ચાલ્યો.

ડંકર્ક, જમાદાર ને બીજાઓ પણ મૂગાંમૂગાં ચાલતા હતા. હાથીઓ પાછળ ચાલ્યા આવતા હતા. હાથીઓ ઉપર બેસવાનું પણ કોઈને નહોતું સૂઝ્યું.

પોતાના વિચારો ને પૂર્વાપર વાતોની વિચારણામાંથી રામજીભા ઝબકીને જાગ્યો. અચાનક જાણે એ નવી જ દુનિયામાં આવી પડ્યો હોય એમ એણે ચમકીને આજુબાજુ–આગળપાછળ જોયું. ને સહસા એની નજર હબસી ગુલામો ઉપર પડી. એ ગુલામોના ચહેરા ઉપર કાંઈક વિચિત્ર વેદના તરવરતી હતી.

એકદમ રામજીભા ઊભો રહ્યો. એણે ગુલામોને ઇશારતથી બોલાવ્યા. ગુલામો નજીક આવ્યા એટલે રામજીભાએ એમને પૂછ્યું,'તમે કેમ આવ્યા ?'

'લાકુના !' એકે જવાબ દીધો. ને એ જવાબ સાચો છે એમ બતાવવા બીજાઓએ માથાં ધુણાવ્યાં. 'હું ન હોત તો ન આવત ?'

ગુલામોએ માથું ધુણાવીને જોરથી ના કહી. દેવાધિદેવના પાદપદ્મ સુધી પહોંચેલા માનવીને ફરીને પાછા જીવતા દોજખમાં કોણ ખેંચી શકવા સમર્થ છે ! પણ જેઓ અસમર્થ હતા તેના સાથમાં લાકુના હતો, ને લાકુનાને છેહ દેવા કરતાં તો હજાર જીવતાં દોજખ પણ બહેતર ! એમ ન હોય તો ગુલામો પાછા ગુલામીમાં આવે શા માટે ? બીજાઓ એમને આવવા પણ શાને દે ? ને જમાદારનું ગજું શું કે એ ને એના મૂઠીભર સાથીઓ આટલી વિરાટ મેદનીમાંથી એમને ખેંચી શકે ?

ગુલામોમાં લાગણીની જેટલી સ્પષ્ટતા હતી એટલી ભાષાની ચોખવટ નહોતી. આ જવાબપરંપરા કોઈએ વાણી વાટે તો ન કહી પણ સહુના ચહેરા ઉપર સાફસાફ ચીતરાઇ.

'તમે જાઓ !'

'જઇએ ? કયાં ?' ગુલામોએ આશ્ચર્યથી પૂછ્યું.

'જવું હોય ત્યાં. ધરતી વિશાળ છે. જંગલ વિશાળ છે.'

'અમને તમે જવાની પરવાનગી આપો છો ?'

'હા.'

ગુલામોના ચહેરા ઉપર સ્વાધીન બનેલા શરીરનો આતશ ઝળહળી ઊઠ્યો. 'છૂટ્યા ! છૂટ્યા !' આનંદનો દીર્ઘ શ્વાસ ઘૂંટીને એમણે બૂમ પાડી.

'ખબરદાર !' જમાદારે આરબી તોરથી વચ્ચે પુરાઇને સાદ દીધો. ગુલામો જમાદાર સામે તાકી રહ્યા.

આરબ જમાદારે બંદૂક ઉઠાવીઃ 'તમે નહિ જઇ શકો.' એણે ગુલામોને કહ્યું.

'લાકુના કહે છે...' ગુલામોએ કહ્યું.

'પરંતુ તમે લાકુનાના ગુલામો નથી. એના કબજામાં પણ નથી. મારા કબજામાં છો, એ યાદ રાખજો. હું જમાદાર મન્સૂર, મારા બોલથી કહું છું કે અહીંથી એકપણ માણસ નાસી જવાને માટે એક પગ ઉપાડશે તો હું એને ગોળીએ વીંધીશ.'

રામજીભાએ ધીમે અવાજે કહ્યુંઃ 'તો તમારે એ ગોળી પહેલાં મારા ઉપર ચલાવવી પડશે.'

વીંછીનો ડંખ થયો હોય એમ જમાદાર એ બોલથી ચમકી ઊઠ્યો,'તમે ! તમે રામજીભા, તમે ઊઠીને મારા ગુલામોને મારી સામે ઊભા કરો ?'

'જરા પૂરો વિચાર કરીને બોલો,'જમાદાર !' રામજીભાએ કહ્યુંઃ 'આ ગુલામો હવે તમારા નથી રહ્યા.'

'કેમ ?'

તમને એમ લાગે છે કે તમે એમને તમારી સાથે બળજોરીથી ખેંચી લાવી શક્યા હોત ? એ લોકો કાંઈ તમારા ડરથી નથી આવ્યા, પણ મારા તરફની મમતાથી ખેંચાઈને આવ્યા છે.'

'એ તો બધું ઠીક. અમે પણ તમારી મદદે ન આવ્યા હોત તો આ સ્થિતિમાં મુકાયા ન હોત. જે હોય તે ભલે હોય. પરંતુ આ લોકો આટલે સુધી આવ્યા છે એમને હવે હું નહિ જવા દઉં. હું તમને આરબ બચ્ચાના બોલથી કહું છું કે આમાંથી એક પણ માણસ પગ ઉઠાવશે તો હું એને વીંધી નાખીશ.'

'એમ કે !' રામજીભાનો અવાજ સખત થયોઃ'અને હું તમને હાલારી બચ્ચાના બોલથી કહું છું કે આ લોકોમાંથી એકને પણ તમે ફરીને ગુલામીમાં લઇ જઇ શકશો નહિ.'

'તમે નાહકના ઉશ્કેરાઓ છો.' જમાદારે વાત વધતી જોતાં પોતાના મિજાજ ઉપર કાબૂ જમાવવા માંડ્યો,'મારે લધાભા પાસે તો આ લોકોને પહોંચાડવા જોઇએ. લધાભા કહેતા હોય તો ભલેને તમે એમને છૂટા કરો, મારે એમાં શો વાંધો છે ? આ લોકો કાંઈ મારા ગુલામો નથી. હું તો માત્ર ખાધેલું લૂણ હલાલ કરવા માગું છું. અમે તમને મદદ કરવા આવીએ અને તમે અમારા માણસોને અમારી સામે ઉશ્કેરો ! એમાં કહો ને, તમારી શોભા શી ? લધાભા કહેશે તો ગુલામોને બદલે હું તમારો ગુલામ થઇ રહીશ. એ સિવાય તમે જો આ લોકો ઉપર બળજોરી કરશો તો...'

'તો શું ?'

'તો તમારે સહુથી પહેલી બળજોરી મારા ઉપર કરવી પડશે.'

'અને મારા ઉપર પણ...' ડંકર્ક પણ રામજીભાની બાજુમાં જઇને ઊભો રહ્યો.

વધુ આવતા અંકે...

પ્રવિણ શાહ

# ચાલો ફરવા ગુજરાતમાં...



# વિસલખાડીનાં સંસ્મરણો

જંગલો, ડુંગરા, ખીણ, સરોવર આ બધે રખડવાનો આનંદ માણવો હોય તો ગુજરાતમાં જ ઘરઆંગણે ઘણી જગ્યાઓ છે. આવી એક સરસ જગ્યા છે **વિસલખાડી. રાજપીપળાથી નેત્રંગ જવાના રસ્તે, ૨૦ કિ.મી. દૂર આ સ્થળ આવેલું છે.**

રાજપીપળાથી આ રસ્તે, કરજણ નદી પરનો પુલ પસાર કર્યા પછી, રસ્તાની બંને બાજુ જંગલ શરૂ થઇ જાય છે. આ જંગલમાંના વાંકાચૂકા, ઊંચાનીચા રસ્તે જવાનો ઘણો જ આનંદ આવે છે. છેલ્લે એક કિ.મી. જેવું બાકી રહે ત્યારે મુખ્ય રસ્તાની ડાબી બાજુ જંગલ તરફ વળતાં જ વિસલખાડીનું બોર્ડ નજરે પડે છે. જંગલના આ કાચા, સાંકડા, ઊંચાનીચા રસ્તે એક બાજુ ડુંગર અને બીજી બાજુ કરજણ નદીના બંધનું ક્યાંક ક્યાંક ભરાયેલું પાણી બહુ જ સુંદર દૃશ્ય સર્જે છે.

**આ રસ્તે ગાડી ચલાવવાની મજા જ કંઈ ઓર છે, પણ જો કાળજી ના રાખો તો ગયા સમજો !** આ ૧ કિ.મી.ના ડ્રાઈવિંગ પછી જંગલોની વચ્ચે થોડી ખુલ્લી જગ્યા દૃશ્યમાન થાય છે તે જ છે આ **વિસલખાડી**.

**આ ખુલ્લી પણ ઊંચીનીચી જગ્યામાં વનવિભાગે બે કોટેજ પણ બાંધેલ છે. તેમાં કુલ આઠ જણ આરામથી રહી શકે છે.** રસોડા તરીકે વપરાય એવી એક રૂમ અલગ બાંધવામાં આવી છે. એક બાજુ, છતવાળા એક મોટા ચોતરા જેવી જગ્યા બનાવવામાં આવી છે જ્યાં ખુરશીઓ નાખી બધા સમુહમાં બેસી શકે છે. **ખુલ્લી જગ્યામાં છ એક તંબૂ બાંધવામાં આવ્યા છે.** વધુ લોકો અહીં પ્રવાસે આવ્યા હોય અને કોટેજમાં જો જગ્યા ન મળે તો તંબૂમાં રાત વિતાવી શકાય છે.

વનવિભાગના પાંચેક કર્મચારીઓ અહીં રહે છે, તે સિવાય અહીં કોઈ ગામ નથી, માનવ વસ્તી નથી, ચા-નાસ્તા કે પાનબીડીની દુકાન કે એવું કંઈ જ નથી. **પાવર સપ્લાય પણ નથી. સોલાર પેનલથી રાત્રે દસ વાગ્યા સુધી લાઈટ ચાલુ રહી શકે. એ પછી તો ઘોર અંધકાર.** ચારે બાજુ જંગલો, એક બાજુ કોટેજની નજીક ખીણ અને ખીણના ઢોળાવ પછી કરજણ નદીના બંધથી ભરાયેલું સરોવર. સર્વત્ર કુદરતે વેરેલું સૌન્દર્ય. આવા નૈસર્ગિક સૌન્દર્યમાં ઓતપ્રોત થઇ જવાનો આનંદ અવર્ણનીય છે. અહીં મોબાઇલ ટાવર પણ નથી એટલે જાણે દુનિયાથી દૂર ફક્ત કુદરતના ખોળે હોઇએ તેવું અનુભવી શકાય.

અમે શિયાળાની એક ઠંડી-ઠંડી ગુલાબી સવારે વડોદરાથી વિસલખાડીના પ્રવાસે નીકળી પડ્યા. અમારું કુલ ૪૫ જણનું ગ્રુપ હતું. વડોદરાથી ૮૦ કિ.મી દૂર રાજપીપળા પહોંચ્યા. ત્યાંથી વિસલખાડી પહોંચ્યા ત્યારે સવારના અગિયાર વાગ્યા હતા. ખુલ્લી જગ્યામાં ગાડીઓ બરાબર ગોઠવીને પહેલાં તો સમગ્ર સ્થળનો એક ચકરાવો લઈ લીધો. **બધાની જીભે ફક્ત એક જ શબ્દ હતોઃ 'અદ્દભુત ! જંગલમાં મંગલ !'** કોટેજ પણ ચારે તરફથી ફરીને જોઇ લીધી. ખીણ (ખાડી) તરફની દિશામાંથી પવન સતત આવ્યા કરતો હતો. કોટેજની બારીઓમાંથી પવન પસાર થાય ત્યારે વ્હીસલ વાગતી હોય એવો અવાજ આવે છે. તપાસ કરતાં ખબર પડી કે **અહીં વ્હીસલનો અવાજ આવ્યા કરતો હોવાથી, આ જગ્યાનું નામ 'વ્હીસલ ખાડી' પાડ્યું હતું**, જે પછીથી અપ્રભંશ થઈને 'વિસલ' થઇ ગયું ને આ સ્થળનું નામ પડી ગયું 'વિસલખાડી !'

અમારામાંના બે સભ્યોએ અગાઉથી આ જગ્યાએ આવીને ચા-નાસ્તો અને રહેવા-જમવાનું બુકીંગ કરાવી લીધું હતું. જંગલમાં ખુલ્લામાં રહેવાનું હોવાથી સાથે લાવવાની વસ્તુઓની વિગતો પણ બધાને જણાવેલ હતી. જાતમહેનત, સમય અને પૈસા વાપરીને કામ કરવાની લાગણી જ બધાને એકત્રિત રાખી શકે છે અને તેથી જ આવા કાર્યક્રમો થતા રહે છે. થોડીવારમાં જ ચા અને ગરમાગરમ ભજીયાંનો નાસ્તો તૈયાર થઇ ગયો. ભૂખ તો



લાગી જ હતી ! બધાએ ચોતરા પર બેસી ભજીયાં ઝાપટ્યાં અને ચા ગટગટાવી.

અમે બધા દુનિયાદારીની બધી જવાબદારીઓ ઘરે મૂકીને જ આવ્યા હતા. હવે કાર્યક્રમ હતો થોડી બૌદ્ધિક રમતોનો. એવી એકાદ રમતની ટૂંકમાં વાત કરું. એ રમતનો નિયમ હતો કે કોઇ શહેરનું નામ અંગ્રેજીમાં આપ્યું હોય તો તે શહેરનું નામ ગુજરાતીમાં શોધી કાઢવાનું. દા.ત. "Write Nine' તો તે શહેરનું ગુજરાતી નામ છે 'લખનૌ'. આ પ્રકારની અનેક રમતોમાં સૌને મજા પડી ગઈ. લગભગ બે વાગ્યે ભોજન તૈયાર થયું. શીરો, રોટલી, રીંગણ-બટાટાનું શાક, મગ, દાળ, ભાત, પાપડ અને સલાડ પીરસાયાં. થોડા સભ્યોએ પીરસવાનું કામ સ્વૈચ્છિક રીતે કર્યું. ભોજનને ન્યાય આપીને જેને જ્યાં ફાવે ત્યાં આરામ કર્યો.

સાંજ પડી એટલે અમે ખીણના ઢોળાવમાં થોડું ઊતરીને સરોવરના પાણીનો સ્પર્શ કરી આવ્યા. **આ સરોવરમાં સ્નાન કરી શકાય એમ નથી.** ઘાસ અને કાદવને કારણે પાણીની ઊંડાઈ ક્યાં કેટલી છે અને ક્યાં વધી જાય તે નક્કી નહોતું. એ રીતે ત્યાં પગ મૂકવો જોખમી હતો, પરંતુ ગમી જાય એવી વાત એ હતી કે **ક્યારેક નાની કે મોટી બોટ અહીં મળી રહે છે જેમાં બેસીને ખુલ્લા વિશાળ સરોવરની સહેલ કરી શકાય છે.** આ અનુભવ ખૂબ જ આહલાદક છે. **કરજણ નદીની નજીકની એક ટેકરી ઊપર 'જુનારાજ' નામનું ગામ છે.** કરજણ નદી પર બંધ નહોતો બંધાયો ત્યારે રાજપીપળાથી જુનારાજ ચાલતા કે બસમાં જઈ શકાતું હતું. ૧૯૮૭માં બંધ બંધાયા પછી તે રસ્તો ડૂબમાં ગયો. જુનારાજની ત્રણ બાજુ પાણી ભરાઈ ગયાં. એટલે હવે જુનારાજ જવું હોય તો પેલી બોટમાં બેસીને જ જવું પડે. જુનારાજ જવાની બોટની સફર ખૂબ જ રોમાંચક છે.

મોડી સાંજે પરત ફર્યા બાદ અંતાક્ષરી અને જોક્સનો વારો આવ્યો. વિસલખાડીની ખુલ્લી જગ્યામાં હવે કેમ્પફાયરનો કાર્યક્રમ હતો. લાકડાંનું તાપણું સળગાવીને બધા ગોળ કુંડાળામાં ગોઠવાઈ ગયા. જાણે કે ગામડામાં તાપણું સળગાવીને બધા આજુબાજુ બેઠા હોય એવું દશ્ય લાગતું હતું. રસોઈ કરવાવાળા મહારાજ - આદિવાસી જેવા આઠ-દસ કલાકારોને લઈ આવ્યા હતા. તેમણે ઢોલ-નગારાં અને પીપુડી સાથે ગરબા જેવું નૃત્ય કરવાનું શરૂ કર્યું. એ પછી તો અમેય કંઇ ઝાલ્યા રહીએ ખરાં ? બધા મન મૂકીને નાચવા-કૂદવામાં જોડાઈ ગયા ! વાતાવરણ તો જે જામ્યું હતું તે અવર્ણનીય છે ! મહેફિલનો રંગ રહી ગયો. સૌ ભૂખ્યા થયા હતા. હવે વારો હતો વાળુ કરવાનો. ખીચડી, કઢી, રોટલા, સેવ-ટામેટા અને રીંગણ-બટાકાનું શાક, ગોળ, પાપડ અને સાથે છાશ ! વાહ ! કાઠિયાવાડી ભોજનનો સ્વાદ સૌને રહી ગયો.

રાતના ઓળા પૃથ્વી પર ઊતરી રહ્યા હતા. થોડી ઠંડી પણ લાગવા માંડી હતી. સૌ સુવાની તૈયારી કરવા લાગ્યા. **કોટેજમાં સુવા માટે કોઈ તૈયાર નહોતું અને તંબૂમાં સૂવા માટે પડાપડી હતી.** તંબૂમાં સાદા સીધા પલંગ હતા અને તે પણ ભોંય પર જ મૂકેલા. તંબૂમાં જગ્યા ખૂટી પડી તો કેટલાકે બહાર ખુલ્લામાં જ પલંગ ઢાળી દીધા ! આમ જુઓ તો બધાને સગવડ ભોગવવાની ગમે પરંતુ અહીં તો અગવડ ભોગવવાની મજા આવતી હતી ! આ જ તો કુદરતી વાતાવરણની અસર છે.

અહીં ચારેબાજુ નિઃશબ્દ જંગલ હતું, એક બાજુ ખીણ અને સરોવરની દિશામાંથી થોડી થોડી ઠંડી હવા આવી રહી હતી. કોઈ જગ્યાએ લાઈટો નહોતી. હતો માત્ર રાત્રીનો ઘોર અંધકાર. ઉપર આકાશમાં અગણિત તારાઓ ટમટમતા હતા. તંબૂમાં અને બહાર ખુલ્લી જગ્યામાં સૌ ઘસઘસાટ ઊંઘતા હતા. દૂર સરોવરના સામે કિનારે કોઇક એકલાઅટૂલા ઝૂંપડામાં ઝાંખુ ફાનસ બળતું દેખાતું હતું. આવા ખુલ્લા સૂનકાર પ્રદેશમાં અડધી રાત્રે ખીણ તરફ તથા આજુબાજુ આંટો મારવાની કેવી મજા આવે ! **આ રોમાંચક અનુભવનું વર્ણન કરવામાં શબ્દો ઓછા પડે. એ તો જાતે માણો તો જ જાણો ! મુંબઈ, અમદાવાદ કે વડોદરામાં આવો**

**અનુભવ સ્વપનેય ન મળે !**

બીજા દિવસની સવાર પડી. સૌ નાહી–ધોઈને પરવાર્યા અને ચા–નાસ્તો કર્યો. આજે આ પ્રવાસનો સૌથી રોમંચક કાર્યક્રમ થવાનો હતો. **હવે આગળનો કાર્યક્રમ હતો ડુંગરાઓમાં ટ્રેકિંગ કરવાનો.** થોડાક મોટેરાંઓ સિવાય બધા જ ટ્રેકિંગ માટે નીકળી પડ્યા. એક બાજુ વૃક્ષોની વચ્ચે થઇને ડુંગર પર જવાય એવી કેડી હતી. સૌએ ઢોળાવ પર ચઢવાનું શરૂ કર્યું. હાંફતા, ઊભા રહેતાં, ફોટા પાડતાં અને હસી–મજાક કરતાં સૌ ઉપર ચઢી ગયા. 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા' કવિતા યાદ આવી ગઇ. જંગલ વીંધીને ઉપર પહોંચવાની મજા આવી ગઈ.

આશરે એકાદ કલાક જેટલું ચાલ્યા હોઈશું પણ તોય જરાય થાક લાગ્યો નહોતો. અહીંનું વાતાવરણ પણ એક પ્રકારના ઉત્સાહથી ભરેલું હતું. મન મક્કમ કરીને, પ્રભુ પર શ્રદ્ધા રાખીને બસ ચઢવું જ છે ! એવો નિર્ધાર કરીને મનોબળ કેળવીએ એટલે ચડી જ જવાય. વળી, ચઢી ગયા પછી એમ લાગે કે 'આ હું કેવી રીતે કરી શક્યો !' એ એક ચમત્કાર જ કહી શકાય. પરંતુ આવા ચમત્કારો તો આપણા જીવનમાં થયા જ કરતા હોય છે.

ટેકરીની ટોચ પરથી દેખાતું કુદરતી દૃશ્ય ભવ્યાતિભવ્ય હતું. એક બાજુ વિશાળ સરોવર, ચોતરફ ટેકરીઓ જ ટેકરીઓ અને એમની વચ્ચેની લીલીછમ ખીણો. ક્યાંક ક્યાંક દૂર દેખાતો રસ્તો, ક્યાંક નજરે ચડતી પગદંડીઓ... બસ બધું જ અદભૂત હતું. ચારેબાજુ દૂર દૂર સુધી નજર પહોંચે ત્યાં સુધી કોઈ ગામ દેખાતું ન હતું. ન કોઇ કાળા માથાનો માણસ નજરે ચડે. બધેજ વનરાજી ને ઝાડીઓ. કુદરત જ કુદરત. અમે બધા આ રોમાંચક અનુભવ માણીને ધીમે ધીમે નીચે ઊતર્યા. ફરીથી થોડીક રમતો અને ખાણીપીણી કરીને પરવાર્યા.

હવે છૂટા પડવાની ઘડી આવી. બે દિવસ ખૂબ આનંદમાં પસાર કર્યા. દુનિયાથી દૂર, મોબાઈલથી દૂર, કુદરતના ખોળે ખૂબ મસ્તીમાં જીવ્યા હતા. આવો અનેરો આનંદ બીજે ક્યાં મળે ? એકબીજાની હૂંફ અને લાગણી માણી હતી. એકબીજાની નજીક આવ્યા હતા. ઐક્ય અને ભાતૃભાવ અનુભવ્યો હતો. છેવટે ભારે હૈયે સૌની વિદાય લીધી અને સૌ એકબીજાને 'આવજો' કહીને છૂટા પડ્યા. તમામ ગાડીઓ રાજપીપળા તરફ રવાના થઇ અને એક મધુર પ્રવાસના સંસ્મરણો સૌની સ્મૃતિમાં કાયમ માટે અંકાઇ ગયાં.

**નોંધઃ** રાજપીપળાની નજીકમાં નર્મદાબંધના ઉપરવાસમાં સાતપુડા પર્વતની ઘણી ટેકરીઓ અને તેમાં વચ્ચે વચ્ચે વહેતી નદીઓ અને ધોધ આવેલા છે. આ વિસ્તારમાં ફરવાની ખૂબ જ મજા આવે છે. જેમ કે આવી એક જગ્યા છે **'જરવાણી ધોધ'**. આ ઉપરાંત, રાજપીપળાથી ડેડિયાપાડા થઇ **'નિનાઈ ધોધ'** જવાય છે. આ સ્થળ પણ ખૂબ જ ગમે એવું છે. YHAI (Youth Hostel Association of India) નો સંપર્ક કરવાથી આ બાબતે વધુ જાણકારી મળી શકે છે. કચ્છ










**મકાન – ફ્લેટસ્ – ટેનામેન્ટસ્**
**બંગલોઝ – પેન્ટ હાઉસ**
**લેવા – ભાડે આપવા માટે...**
**આજે જ સંપર્ક કરો ...**

**રીધ્ધી એસ્ટેટ એજન્સી**
**ગોત્રી રોડ, વડોદરા.**
રમેશ ટી. ઠક્કર
**મો : ૯૨૨૮૨૯૧૧૭૦, ૯૬૬૨૩૮૭૭૧૧**

# ડીજીટલ કોર્નર

**આજના ડીજીટલ યુગમાં ઈન્ટરનેટ, વેબસાઈટસ્, સ્માર્ટ ફોન જેવા માધ્યમોની વધુ ને વધુ જાણકારી મેળવી તેમનો ઉપયોગ કઈ રીતે સરળતાથી થાય તે જાણીએ ...!**

## મોબાઈલ કે કોમ્પ્યુટરથી આંખો દુઃખે છે ?...

દિવસે તમારો કેટલો સમય મોબાઇલ કે કોમ્પ્યુટરના સ્ક્રીન સામે જાય છે ? અને રાત્રે ? તમારો જવાબ કદાચ બંને સવાલ માટે સરખો જ હશે : ઘણો સમય, અથવા તો વધુ પડતો સમય ! **તેને કારણે આંખો દુઃખે છે અને ઊંઘ અપૂરતી થાય છે ?**

આપણા જીવન પર ઇન્ટરનેટ અને સ્માર્ટફોન હાવી થતાં જાય છે તેમ તેમ તેની આડઅસરો પણ ધીમે ધીમે દેખાવા લાગી છે. જે લોકો ઓફિસ જોબ મેળવવા બદલ પોતાને સદભાગી માને તેમના ડેસ્ક પર કોમ્પ્યુટર તો હોય જ છે. આખો દિવસ કોમ્પ્યુટરના સ્ક્રીન સામે ગાળ્યા પછી સાંજે ઘરે આવી આપણે ટીવી સામે અડ્ડો જમાવીએ અને સૂતી વખતે તો હાથમાં મોબાઇલ હોય જ !

**શરીર ઘણું થાક્યું હોય, આપણે મોબાઈલ બાજુએ મૂકી ઊંઘવાનો પ્રયાસ કરીએ, પણ સરખી ઊંઘ આવે જ નહીં !**

આવું તમારી સાથે પણ થતું હોય તો તેનું કારણ હોઇ શકે છે : કોમ્પ્યુટર અને મોબાઇલ સ્ક્રીનમાંથી આપણી આંખ પર જેનો સતત મારો થાય છે તે **'બ્લુ લાઈટ'**.

નિષ્ણાતો કહે છે કે આ **બ્લુ લાઈટ શોર્ટ-વેવલેન્થની હોય છે અને તેમાં ઊર્જા વધુ હોય છે. જ્યારે આપણી આંખે સતત આવી બ્લુ લાઈટનો મારો સહન કરવો પડે ત્યારે આંખમાં દુઃખાવો શરૂ થાય છે.** વ્યક્તિ મુજબ આ તકલીફનું પ્રમાણ બદલાય છે, ઉપરાંત તેની અસર થાય છે આપણી ઊંઘ પર.

બ્લુ લાઇટને કારણે **આપણા શરીરમાં મેલેટોનિન નામનાં હોર્મોન્સ ઓછા પેદા થાય** છે. સ્વસ્થ ઊંઘ આ હોર્મોનના પૂરતા



પ્રમાણને આભારી હોય છે. આને પગલે અન્ય તકલીફોનું એક આખું વિષચક્ર શરૂ થાય છે.

**આ બધું તો સમજી શકીએ, પરંતુ આનો ઉપાય શું ?** આના ઉપાય તરીકે કેટલાક સાવ સાદા નિયમ અપનાવી શકાય.

સૌથી સહેલો ઉપાયઃ **૨૦-૨૦-૨૦નો નિયમ** અપનાવો. સતત કોમ્પ્યુટર સામે રહીને તમારી **આંખો થાકવા લાગે એ પહેલાં, દર ૨૦ મિનિટે, ૨૦ ફૂટ દૂર રહેલી કોઈ વસ્તુને ૨૦ સેકન્ડ સુધી જુઓ !** આંખને નુકસાન થતું ટાળવાનો આ એક સાદો અને સહેલો રસ્તો છે.

**કોમ્પ્યુટરથી દૂર જાઓ**ઃ કામના બોજ તળે આપણને ઘણીવાર પાણી પીવાનું પણ યાદ રહેતું નથી, તો દર ૨૦ મિનિટે દૂર ક્યાંક જવાનું તો ક્યાંથી યાદ આવે ? એવો સવાલ થતો હોય તો હજી એક સહેલો ઉપાય છે. જો ઓફિસમાં ખરેખર વ્યસ્ત રહેતા હશો તો પણ તમારા પર વારંવાર ફોન તો આવતા હશે અથવા તમારે બીજાને ફોન કરવાના થતા હશે. જ્યારે પણ મોબાઇલમાં કોલ કરવાના કે રીસિવ કરવાના થાય ત્યારે તમારી જગ્યાએથી ઊભા થઈ જાઓ. ખરા અર્થમાં તેનાથી અનેક રીતે ફાયદો થશે !

**રાત્રે મોબાઈલનો ઉપયોગ ઘટાડો**ઃ રાતના સમયે પથારીમાં પહોંચ્યા પછી મોબાઇલમાં પરોવાયેલા રહેવાનું ટાળો. ખાસ કરીને અંધારા રૂમમાં મોબાઇલનો ઉપયોગ વધુ નુકસાનકારક છે.

**બ્લુ લાઈટ ફિલ્ટરનો ઉપયોગ કરો**ઃ હવે ઘણાં ખરાં કોમ્પ્યુટર/ લેપટોપ અને મોબાઈલમાં **'બ્લુ લાઈટ ફિલ્ટર'**ની સગવડ મળે છે. તમારા પીસી કે ફોનમાં એનું કંઇક જુદું નામ હોઇ શકે પણ તેનું કામ એજ છે. જેમ ફોનમાં કે પી.સી.ના મોનીટરમાં આપણને આપણી જરૂરિયાત મુજબ સ્ક્રીનના ડિસ્પ્લેની બ્રાઇટનેસ-કોન્ટ્રાસને વધારે-ઓછા કરવાની સગવડ હોય છે તેમ મોટાભાગના ફોનમાં આ ફિલ્ટર પણ પ્રકાશની સ્થિતિ મુજબ આપોઆપ ઓન થાય એવી પસંદગી કરી શકાય છે.

જેમાં વાંચવાનું વધુ થતું હોય એવી એપ્સ સ્ક્રીનની લાઇટ સેપિયા કલરની કરવાની સગવડ આપતી હોય છે. મોટા ભાગની મોબાઇલ કંપનીઓ તેમજ ઘણી ઍપ્સ પણ **'ડાર્ક મોડ'** આપવા લાગેલ છે, જે બેટરી ઉપરાંત આંખ માટે પણ સારું હોવાનું કહેવાય છે. એન્ડ્રોઈડના નવા વર્ઝનોમાં તો એક ક્લિકથી જ આખા



ફોનને ડાર્ક મોડ ઈનેબલ કરવાની સગવડ આપણને મળી જાય છે.

ટૂંકસારમાં વાત તો એટલી જ છે કે ફોનથી આંખો દુઃખતી હોય તો ફોન હાથમાં ને હાથમાં રાખવાને બદલે, બાજુમાં થોડું દૂર રહે એવી ટેવ પાડી જુઓ ! એ શક્ય ન હોય તો ફોનમાં અને પીસીમાં બ્લુ લાઇટ ફિલ્ટર કે નાઇટ લાઇટની સગવડ શોધીને તેને અજમાવી જુઓ.

**નોંધ:** ડાર્ક મોડ કે બ્લુ લાઇટ ફિલ્ટર ખરેખર કેટલાં ઉપયોગી છે એ વિશે પણ હજુ મતમતાંતર છે એટલે યાદ રાખો કે સતત બ્લુ લાઇટ ફિલ્ટર મોડમાં ફોનનો ઉપયોગ કરવો પણ યોગ્ય નથી. રાતના કે અંધારામાં તેમને અનુકૂળ આવે ને આંખોને રાહત મળતી હોય તો એ મુજબ તેનો ઉપયોગ કરી શકાય છે.

દરેક ફોનમાં આ ફીચર આપણી અનુકૂળતા મુજબ ઑન કે ઑફ કરવાની સગવડ હોય છે પણ કાયમ તેને મેન્યુઅલી આ રીતે વાપરવાનું કદાચ યાદ રહે નહીં એટલે **લગભગ બધા ફોનમાં તેને ઓટોમેટિકલી, નિશ્ચિત સમયે ચાલુ/બંધ કરવાની કે સૂર્યાસ્ત સમયે ચાલુ અને સૂર્યોદય થતાં બંધ કરવાની સગવડ હોય જ છે** તેનો ઉપયોગ કરી શકાય.

એ ઉપરાંત, આ મોડની 'ઈન્ટેન્સીટી' એટલે કે તીવ્રતામાં પણ વધઘટ કરી શકાતી હોય છે. ઇન્ટેન્સીટી જેમ વધારશો તેમ સ્ક્રીન ઓછો સફેદ અને વધુ પીળાશ પડતો થતો જશે. તમારી આંખને શું અનુકૂળ થશે એ તમારે જ નક્કી કરવું પડશે !

તમે પહેલીવાર આ ફીચર ઑન કરશો ત્યારે ડિસ્પ્લેના કલરમાં તરત ફેરફાર થતો હોવાથી આંખને ટેવાતાં થોડીવાર લાગશે.

દરેક કંપની પોતપોતાની રીતે, પોતાના ફોનમાં 'બ્લુ લાઇટ'નું ફિલ્ટર આપતી હોય છે એટલે તમારા ફોનમાં એ ક્યાંથી મળશે એ કહેવું થોડું મુશ્કેલ છે, પણ મોટા ભાગે તે ફોનના સેટિંગ્સમાં, ડિસ્પ્લે સેકશનમાં મળી જશે.

દરેક કંપની આ પ્રકારના ફિલ્ટરને જુદા જુદા નામે ઓળખાવે છે. એલ.જી.ના મોબાઇલમાં તે 'કમ્ફર્ટ વ્યૂ' નામે, એચટીસી અને વનપ્લસમાં 'નાઇટ મોડ', હુવઇમાં 'આઇ કેર', મોટોરોલામાં 'નાઇટ ડિસ્પ્લે' અને ઝાયોમીમાં 'રીડિંગ મોડ' ના નામે ઓળખાય છે.

**કોમ્પ્યુટરમાં બ્લુ લાઇટ ફિલ્ટરનો ઉપયોગ :** જો તમને રાત્રે પણ પીસી કે લેપટોપ પર કામ કરવું જ પડતું હોય તો તમને આંખો દુઃખવાની થોડી ઘણી પણ તકલીફ પડે તો સૌ પ્રથમ તો બ્લુ કટવાળા ચશ્મા ટ્રાય કરો. એની સાથે તમે પીસી કે લેપટોપમાં બ્લુ લાઇટ ફિલ્ટરનો ઉપયોગ કરી શકો છો.

**માઈક્રોસોફ્ટ કંપનીએ વિન્ડોઝ ૧૦માં 'નાઈટ લાઈટ' નામે આ સુવિધા આપી છે.** તેનો લાભ લેવા માટે આ મુજબ કરો:

પ્રથમ કોમ્પ્યુટરના સેટિંગ્સમાં જાવ, તેમાં મેનૂમાંથી **સિસ્ટમ** પસંદ કરો. તેમાં ડાબી તરફના મેનૂમાં **ડિસ્પ્લે** પસંદ કરો. તેમાં તમને **નાઈટ લાઈટ** ની સ્વિચ દેખાશે તેને ઑન કરો. તેની નીચે આપેલ **નાઈટ લાઈટ સેટિંગ્સ** પર ક્લિક કરી, **આ મોડને તમારી જરૂરત મુજબ શિડ્યુલ કરી શકાય છે**, તેમ જ તેની ઇન્ટેન્સીટી પણ નક્કી કરી શકાય છે.

એપલના મેક પીસી કે મેકબુકમાં, આ જ રીતે સિસ્ટમ પ્રેફરન્સીઝમાં જઇ ત્યાંથી ડિસ્પ્લેમાં જઇ નાઈટ શિફ્ટ ટેબ ઑન-ઑફ કરી શકાશે, તેમ જ ઇન્ટેન્સીટી ને શિડ્યુલ સેટ કરી શકાશે.

ઉપરોક્ત બન્ને સિસ્ટમમાં તમે **સૂર્યાસ્તથી સુર્યોદયનો સમય** પણ સેટ કરી શકો છો. આ રીતે સાંજ ઢળતાં જ **બ્લુ લાઈટ ફિલ્ટર** 'ઑન' થઇ જશે.

સંશોધનો મુજબ રાતના સમયે અંધારામાં મોબાઇલનો વધુ ઉપયોગ કરવાથી અનેક પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓ થાય છે.

**મોબાઈલની બ્લુ લાઈટની આપણા મગજ અને શરીર પર થતી અસર :**

યાદશક્તિઃ બ્લુ લાઈટની અસરથી આપણને રાત્રિ દરમ્યાન સારી ઊંઘ થતી નથી જેના કારણે બીજા દિવસે સુસ્તી રહે છે જે આપણી યાદશકિત પર અસર કરે છે.

અભ્યાસ : અપૂરતી ઊંઘની દેખીતી અસર અભ્યાસ પર થાય છે અને નવું શીખવામાં મુશ્કેલી થાય છે.

ન્યુરોટોક્સિન : લાંબાગાળા સુધી પૂરતી ઊંઘ ન મળે તો ન્યુરોટોક્સિન નામે ઓળખાતા ઝેરી તત્વો ચેતાતંત્રમાં જમા થઇ શકે છે જેને કારણે સારી ઊંઘ મુશ્કેલ બને છે.

હતાશા : સારી ઊંઘ મેલેટોનીન નામના હોર્મોનથી આવે છે પણ તેને બ્લુ લાઇટથી વિપરીત અસર થાય છે. આ હોર્મોનનું ઓછું પ્રમાણ અને શારીરિક સમયચક્ર બગડવાની કારણે વ્યક્તિ હતાશામાં ધકેલાઇ શકે છે.

સ્થૂળતા : બ્લુ લાઇટથી મેલેટોનીન અને ઊંઘમાં ગરબડ થવાની સાથોસાથ ભૂખને અંકુશમાં રાખતા હોર્મોન્સ પેદા થવાનું પ્રમાણ પણ બગડે છે જેથી સ્થૂળતાનું જોખમ વધી શકે છે. કચ્છ

**લેખક-હિમાંશુ કીકાણી, www. cybersafar.com પરથી સાભાર**

**એન્ડ્રોઈડ ફોનમાં કોઈપણ ઍપ ઈન્સ્ટોલ કરવી હોય ત્યારે આપણે ગૂગલ પ્લે સ્ટોર એપ ઓપન કરીને આ કામ કરતા હોઈએ છીએ.**

પ્લે સ્ટોર સિવાય અન્ય સ્ટોર્સ કે સાઇટ્સ પરથી પણ આપણે ઍપ તો ડાઉનલોડ કરી શકીએ પરંતુ સામાન્ય રીતે જાણકારો તથા આપણે જેમની પાસેથી મોબાઇલ લીધો હશે તે પણ એવું સૂચવતા હોય છે કે અન્ય અવિશ્વસનીય સ્રોતમાંથી કંઇપણ ડાઉનલોડ કરવાને બદલે માત્ર ભરોસાપાત્ર ગૂગલ પ્લે સ્ટોર પર જ વિશ્વાસ રાખવો.

પરંતુ જાણવા મળ્યું છે કે હવે 'પાયરેટ' કે 'ચાંચીયાઓ' દ્વારા હવે એવો ધડાકો થયો છે કે ગૂગલ પ્લે સ્ટોર પરનો આપણો વિશ્વાસ પણ ડગમગી જાય!

આમ તો અવારનવાર સમાચાર આવતા જ હોય છે અને આપણે વાંચીએ ને સાંભળીએ પણ છીએ કે પ્લે સ્ટોરમાં બનાવટી ઍપ્સનું દૂષણ વધી રહ્યું છે. જો કે ગૂગલની સિક્યુરીટી ઍપ્સની સાફ સફાઈ કરે છે અને આપણને પણ ઘણી વખત તેને ડાઉનલોડ કરતી વખતે અટકાવે છે.

પરંતુ હવે નવી વાત આવેલ છે તે મુજબ **હેકર્સે પ્લે સ્ટોર ઍપની જ 'ડુપ્લીકેટ' 'બનાવટી' ઍપ બનાવી લીધી હતી!** ગુગલના હાથમાં પકડાતા આ ઍપ્સ પ્લે સ્ટોર પરથી દૂર કરવામાં આવી હતી.

આ આખી વાત શું છે અને તમારા ફોનમાં આવી કોઇ બનાવટી ઍપ તો ઘૂસી નથી ને?

**તેની તપાસ કેમ કરશો તે આપણે જાણીએ.**

ગૂગલ પ્લે સ્ટોરમાં જ્યારે ઍપ પકડાઇ ત્યારે તે કઇ રીતે છેતરપીંડી કરતી હતી તેની તપાસ કરતા સામે આવ્યું કે આ પ્રકારની તમામ ઍપ્સ ફ્રી કાર રેસિંગ ગેમ્સ કેટેગરીમાં હતી. સંખ્યાબંધ રેસિંગ ઍપ્સમાં બનાવટી પ્લે સ્ટોરની લિંક ઉમેરીને તેને તમારા ફોનમાં માલવેર ઘૂસાડવાનો કિમિયો કરવામાં આવ્યો હતો.

પ્લે સ્ટોર પરથી આ ઍપ્સ હવે દૂર કરવામાં આવેલ છે, પણ ભવિષ્યમાં બીજી ઍપ્સમાં પણ આવી કોઇ રમત થઇ શકે તેમ છે!

હેકર્સ પર ખૂબ ચતુરાઇપૂર્વક જુદી જુદી ઉંમરના લોકોને જુદી જુદી રીતે ટાર્ગેટ કરે છે. વડીલોની અપૂરતી ટેકનીકલ સમજનો ગેરલાભ લઈ તેમને વોટ્સઍપ પર ઍપ અપડેટ કરવાને નામે કે અન્ય કોઇ રીતે ફસાવવામાં આવે છે. બાળકોના ગેમ્સના ક્રેઝને ધ્યાનમાં રાખી તેમને ગેમ્સ ઍપથી નિશાન બનાવાય છે.

**બનાવટી એપ કેવી રીતે પારખશો?**

તમારા ફોનમાં તમને આવી રીતે અણધારી નવી નવી ઍપ્સની ફૂલસ્ક્રીન ઍડ જોવા મળી રહી હોય તો પહેલાં તો એ તપાસો કે તમારા ફોનમાં આવી કોઇ બનાવટી ગૂગલ પ્લે સ્ટોર ઍપ ઘૂસી છે કે કેમ?

એ માટે ફોનના સેટિંગ્સમાં ઍપ્સ કે ઍપ્સ મેનેજર સેકશનમાં જાઓ. અહીં તમામ ઍપ્સના લિસ્ટમાં તમને બે ગૂગલ પ્લે સ્ટોર ઍપ જોવા મળી શકે તેમ છે!

અસલી ગૂગલ પ્લે સ્ટોર ઍપ પર ક્લિક કરતાં તેને 'અનઇન્સ્ટોલ' કરવાનો વિકલ્પ મળશે જ નહીં. આપણે તેને ડિસેબલ કે ફોર્સ સ્ટોપ કરી શકીએ, પરંતુ અનઇન્સ્ટોલ તો કરી શકીએ જ નહીં.


જ્યારે બનાવટી ઍપ પર ક્લિક કરશો તો તમને તેને 'અનઇન્સ્ટોલ' કરવાનો વિકલ્પ મળશે.

જો તમને આવી બનાવટી પ્લે સ્ટોર ઍપ જોવા મળે તો તેને તુરંત અનઇન્સ્ટોલ કરો.

એ ઉપરાંત અસલી પ્લે સ્ટોર ઍપ ની સાઇઝ ઘણી મોટી હશે. જ્યારે તેની સામે બનાવટી પ્લે સ્ટોર ઍપ ઘણી નાની હશે.

લેખક-હિમાંશુ કીકાણી, www. cybersafar.com પરથી સાભાર


આવી ડુપ્લીકેટ ઍપ્સને શોધી ગૂગલ સફાયો કરે છે.



# કચ્છની શાન.. કચ્છની પહેચાન..





## ખરકી (ઘંટડી) કલાકામ

**કચ્છમાં તાંબા કે પિતળનું પાણી ચડાવેલ ઘંટ (કોપર કોટેડ)એ એક અનોખી કલા છે.** સમય અને ભૌગોલિક જરૂરીયાત મુજબ કચ્છમાં વિકસિત થયેલ કલા છે. આ વિસ્તારમાં પશુ પાલનનો વ્યવસાય પણ ખૂબ જ મોટા પાયે થતો રહ્યો છે.

પશુઓના ગળામાં આ નાની-મોટી ઘંટડીઓ બાંધવામાં આવે છે તેને **'ખરકી'** કહે છે. આ ઘંટડી બનાવનાર કલાકારોએ જ્યારે આનું ઉત્પાદન શરૂ કર્યું હશે ત્યારે કદાચ તેનો વધુ ઉપયોગ કરનાર માલધારીઓ તથા રબારીઓ હશે જેમણે તેમના પશુઓ માટે આ ઘંટડીઓનો ઉપયોગ શરૂ કર્યો. એનો મધુર અવાજ માલધારીઓ તથા રબારીઓ સાથે પશુઓને પણ એક પ્રકારે પોતિકી ઓળખ પ્રદાન કરે છે.

આ ઘંટડીઓ કે ઘંટ બનાવવાની એક અલગ પધ્ધતી છે. આમ જોવા જઇએ તો વેસ્ટમાંથી બેસ્ટ જેવી જ કંઇક વાત છે. લોખંડના જાડા વપરાયેલ કે નવા પતરાંને ટીપીને પછી તેને ગોળ આકાર અપાય છે. ઉપરનો ભાગ બંધ રહે તે રીતે ઉપર 'ટોપી' તૈયાર કરાય છે, જેના પર કડું હોય છે. તેની ઉપર તાંબા કે પીત્તળનું પાણી ચડાવાય છે. પછી એક ખાસ પ્રકારની ભઠ્ઠીમાં ઝીણી કોલસીથી ખરકીને પકાવી પછી અંદરની બાજુએ તેમાં **'લાર'** બેસાડવામાં આવે છે તથા ડંકા માટે તેમાં ખાસ કરીને ખીજડા કે સીસમના લાકડાંનો ઉપયોગ કરાય છે.

આમાં નાની પ્રકારની ખરકીને **'મટરી'** (જે પશુના નાના બચ્ચાઓના ગળામાં બંધાય), મધ્યમને **'છડક'** (ઘેટાં-બકરાં માટે) તથા મોટા પ્રકારની ખરકીને **'ઢંભરો'** કહે છે. (ગાય-ભેંશ-ઊંટ માટે) દરેક ખરકીમાં સંગીતના સૂરો અલગ અલગ હોય છે. તેને આધારે પશુની ઓળખાણ થાય છે. તેમના નામ છે **'સૌરે', 'રચોથોડ' તથા 'હડક'**. આ રણકારો જુદા પડે છે તે કિનારી પર બનાવેલ ગોળ ધાર પર આધારીત છે. પશુ ક્યાંય આડુંઅવળું થાય ત્યારે ઘંટડીના અવાજથી તે ક્યાં છે તેની જાણ થાય છે. વધુ સમય બાંધવાથી ના થાય એટલે રાતે તેને છોડી નાખવામાં આવે છે.

આ ખરકી સુંદર રીતે શણગારેલ હોવાથી પશુઓના ગળાથી માંડીને **હોમ-ડેકોરેશન**ના વ્યવસાયમાં પણ પગપસારો કરી ગયેલ છે અને તેનું ખૂબ જ મોટું બજાર છે. આ એક રચનાત્મક કલા હોવાની સાથે **રિસાયક્લિંગ**નું ઉત્તમ ઉદાહરણ પણ છે.

હવે તેનો ઉપયોગ હોટેલો તથા ઘરોમાં પણ ફેશન તરીકે કરાય છે. તેને **બેલ ચાઇમ** તરીકે પણ ઓળખાય છે. આમાં ૫-૭ નાની નાની ઝુમ્મર સ્વરૂપે ખરકીઓ હોય છે કે લાઇનમાં નાની-મોટી ઘંટડી લગાડવામાં આવે છે. **વાસ્તુશાસ્ત્ર**માં પણ આ બેલ ચાઇમ શુભ મનાય છે તેથી એ રીતે પણ આ કલાનું મહત્વ વધ્યું છે. **ખામીર** જેવી સંસ્થાઓ તેમજ સરકારી નિગમો દ્વારા તેનું વેચાણ તો થાય જ છે, સાથે વ્યક્તિગત રીતે પણ તેનો ઉપાડ ખૂબ થાય છે. વિદેશોમાં પણ તેનું આકર્ષણ ખૂબ જ વધ્યું છે. **કચ્છમાં ઝુરા, નિરોણા તેના મુખ્ય મથકો છે.**

With Best Compliments From:

SHAH & SONS

Auth. Distributors / Dealers For :

Ars - HTA OIL SEALS
Jetex CARBURETORS
POWER IGNITION COIL
KING QUALITY AUTO PRODUCTS
SWISS AUTO ELE. PARTS
GAE 2 WH. LOCKS, TAPES
COMET AUTO LAMPS
PREMIUM PRODUCTS
AUTOROL® LUBRICANTS
ASK BRAKE SHOES CLUTCH PLATES CLUTCH SHOES

113, VIP View, VIP Road, Karelibaug, Baroda - 390018
Tel: 0265 - 248 0447 • Mob: +91 99796 93504
E mail: shahsons63@yahoo.com

## Deep consultants

Sandip Nagda
(M) : 98253 52865
Insurance & Investments

Office:-
202, "Sankalp", Kharivav Road,
Opp. Ramway Plaza,
Dandia Bazar, Vadodara - 1.
Ph.: 98795 21341
Email: ssnagda@yahoo.co.in

---

Bhavesh Patel
Mob : 9979301718

PLYWOOD | LAMINATES | ALL TYPE OF HARDWARE

EXCLUSIVE VENEERS | MDF BOARD
FLUSH DOORS | KITCHEN ACCESSORIES

## Jay Gurudev Enterprise

2/3, Ashirwad Shopping Centre,
Harni Warsiya Ring Road, Vadodara-22.
Ph. 0265-3590369 | Email: ntgujarat@gmail.com

---

Rajesh Tank
Mobile: +91 96240 18211
Ph.: +91 0265 2354536



## Kala Craft

Traditional & Creative
Craft Collection

5, B. N. Chambers, Opp. Welcome Group Hotel,
R. C. Dutt Road, Alkapuri, Vadodara - 390 007
E: kalacraftvadodara@gmail.com

---

## PANCHAL ELECTRICALS

### SALES & SERVICES

Authorised Service Center :
TEXMO Industries
(An ISO 9001 Company)
TEXMO
SIPHON Pumps
(An ISO 9001 Company)



Authorised Dealers:
sabar pump & motors
(An ISO 9001 Company)

All Typs of
Electrical Motors / Pumps
Rewinding & Repairing

Shop No.:6, Umiya Chamber, Beside Sahajananad Apts,
Outside Panigate, Vadodara - 390019.
Ph.: 0265 - 2572460 • Mob: 9824044116

---

Dhiren Shah
M: +91 9375922251

Rahul Lodaya
M: +91 9724322251

Upendra Shah
M: +91 9374722251
+91 9376522251

## KALPTARU

XPRESS CARGO
PRIVATE LTD.

the symbol of cargo solution...

*Fleet Owner & Transport Contractors*

Daily Parcel,
Part & Full Tempo / Truck Load
For
All Over Gujarat,
Goa & Maharashtra

**Branch Office** : A6/A7, Maruti Estate, Opp. Halol Tol Naka, Golden Chowkadi, NH-8, Vadodara - 390022. Gujarat.

**Head Office** : **Kalptaaru House,** Plot No. 210, Vibrant Business Park, Opp. UPL Ltd, NH-48, Vapi - 396195, Dist.: Valsad, Gujarat.

**Email** : service.kalptaru2005@gmail.com, kalptaru2005@rediffmail.com

**Website** : kalptaruroadlines.com / kalptaruroadlines.in

NEW BRANCHES AT **BHUJ - M: 9512722251** & **GANDHIDHAM - M: 9978022251**




# QUALITY

**India is about growth. India is about success.**
And for the past 58 years, we at Tiki Tar Group have been contributing to India's growth story by being the leading construction material partner for India's iconic infrastructure projects, buildings, roads, highways, runways, refineries, bridges, metros and tunnels. Through our innovative solutions & superior quality, we are one of the market leaders in the construction solutions Industry. Since 1964, Tiki Tar Group has been constantly delivering highest performance bitumen products and other solutions across industry level. From robust Airports, Tunnels to Buildings & high performance F1 Racetracks, Tiki Tar is the most preferred brand in India and the Indian subcontinent.

TIKIDAN | tiki INSULATION


**Owner, Publisher & Editor:** ***Navin Patel***
Published at D/116, Vallabh Vihar, Ajwa Road, Vadodara-390019. Gujarat.India.

**Spl. Note:** This publication is published only as a E-Magazine and no physical copy is printed. The Owner has all the rights for it's content and it's distribution & any duplication will be illegal act.

***This is Digital Issue of Bi-monthly Magazine "Kutch Arpan" which will now published online only. To get it regularly on your mobile... visit*** www.kutcharpan.in

150324